RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૧ | ગુરૂવાર તા.૧૩-૦૮-૨૦૨૬ | અંક : ૪૬ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ગુજરાત અને મહારાષ્ટ્રમાં ફરી મૂશળધાર વરસાદની આગાહી

## બંગાળની ખાડીમાં વેધર સિસ્ટમ સક્રિય થતા હવામાન વિભાગે અતિભારે વરસાદની કરી આગાહી



ગાંધીનગર,તા.૧૩

બંગાળની ખાડીમાં નવી વેધર સિસ્ટમ સક્રિય થતાં દેશના પૂર્વ, મધ્ય અને ઉત્તરીય ભાગોમાં મેઘમહેર યથાવત રહેશે. હવામાન વિભાગે ગુજરાત, મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાં ૧૩ ઓગસ્ટથી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ગુજરાતમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદની શક્યતા છે, જ્યારે મહારાષ્ટ્રના વિદર્ભ, કોંકણ અને મધ્ય મહારાષ્ટ્રમાં વ્યાપક વરસાદનું એલર્ટ અપાયું છે.

બંગાળની ખાડી અને મધ્ય ભારત પર એકસાથે નવી વેધર સિસ્ટમ સક્રિય થવાના કારણે દેશના પૂર્વ, મધ્ય અને ઉત્તરીય ભાગોમાં મેઘમહેર યથાવત રહેવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) ની લેટેસ્ટ અપડેટ મુજબ, બંગાળની ખાડીમાં સર્જાયેલી આ સિસ્ટમ વધુ મજબૂત બનીને નીચા દબાણના ક્ષેત્રમાં ફેરવાઈ શકે છે, જેના પગલે આગામી દિવસોમાં દેશના અનેક રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. શશીકાંતના જણાવ્યાનુસાર, પશ્ચિમ ભારતમાં પણ વરસાદી ગતિવિધિઓ વધુ તીવ્ર બનશે. ગુજરાતમાં મેઘગર્જના અને વીજળીના કડાકા-ભડાકા સાથે વિધિવત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય મહારાષ્ટ્રના વિદર્ભ, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં વ્યાપક તેમજ ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે.બંગાળની ખાડીમાંથી આવતા ભેજ અને પશ્ચિમી વિક્ષેપ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) ની સંયુક્ત અસરને કારણે હિમાલયના પહાડી ક્ષેત્રોમાં ભારે વરસાદ નોંધાઈ રહ્યો છે. આ ઉપરાંત ઓડિશા, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદી ઝાપટાં પડે તેવી સંભાવના છે. આગામી સપ્તાહ દરમિયાન ઉત્તર-પૂર્વ ભારતના રાજ્યોમાં વરસાદનું જોર વધુ વધશે, જ્યારે દક્ષિણ ભારતમાં હાલ પૂરતી ભારે વરસાદની શક્યતા ઓછી જણાઈ રહી છે.

### હિમાચલના પહાડી વિસ્તારોમાં તા.૧૭મી સુધી ભારે વરસાદ

હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ સહિતના પહાડી વિસ્તારોમાં ૧૭ ઓગસ્ટ સુધી ભારે વરસાદ અને ૧૮ ઓગસ્ટ સુધી યલો એલર્ટ જારી રાખ્યું છે. પહાડી વિસ્તારોમાં વધુ લેન્ડસ્લાઈડ અને નદી-નાળાઓમાં પૂર આવવાની શક્યતા હોવાથી સ્થાનિક નિવાસીઓ અને પ્રવાસીઓને બિનજરૂરી મુસાફરી ન કરવા તથા હવામાનની અપડેટ પર સતત નજર રાખવા અપીલ કરવામાં આવી છે.

## શ્રાવણમાસના પ્રારંભે સોમનાથમાં ભાવિકોની ભીડ



શિવ ઉપાસનાના પવિત્ર શ્રાવણ માસનો આજે ગુરુવારથી પ્રારંભ થયો છે. પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ મંદિરે પહેલાં દિવસે વહેલી સવારથી ભારે ભીડ જોવા મળી રહી છે. ઝરમર વરસાદ વચ્ચે પણ શિવભક્તો મહાદેવના દર્શન માટે લાંબી લાઈનમાં જોવા મળી રહ્યાં છે.સોમનાથમાં આજથી ૧૧ સપ્ટેમ્બર સુધી ૩૦ દિવસીય શ્રાવણ શિવ મહોત્સવ યોજાશે.

# લદાખમાં ૫.૫ની તીવ્રતાથી ભૂકંપનો આંચકો આવ્યો

## વહેલી સવારે ધરતી ધ્રૂજી ઉઠતા લોકોમાં ભયનો માહોલ

લદાખ,

લદાખના લેહ વિસ્તારમાં આજે ગુરુવારે સવારે ૬:૦૫ વાગ્યે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ૫.૫ની તીવ્રતા નોંધાઈ હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, અચાનક ધરતી ધ્રૂજી ઉઠતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આંચકા અનુભવાતા લોકો ઘરોની બહાર દોડી આવ્યા હતા.લદાખના લેહ વિસ્તારમાં ગુરુવારે વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, સવારે ૬:૦૫ વાગ્યે આવેલા આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૫ નોંધાઈ છે. સવારના સમયે જ અચાનક ધરતી ધ્રૂજી ઉઠતા લોકોમાં અફરાતફરી અને ડરનો માહોલ સર્જાયો હતો. ભૂકંપમાં હજુ સુધી કોઈજાતની નુકશાની કે મૃત્યુના સમાચાર આવ્યા નથી.

# સિંગાપોરનું વિરાટ કાર્ગો જહાજ હુગલી નદીના કિનારે ભટકાયું

## સિંગાપોર ફ્લેગના કાર્ગો શિપની ઓળખ MV Nawata Bhum તરીકે થઈ

કોલકાતા,

પશ્ચિમ બંગાળના સાઉથ ૨૪ પરગણા જિલ્લાના ડાયમંડ હાર્બર વિસ્તારમાંથી એક ભયાનક અકસ્માતની ઘટના પ્રકાશમાં આવી છે. નદીના નિર્ધારિત શિપિંગ ચેનલમાંથી પસાર થઈ રહેલું સિંગાપોરનું એક વિશાળ માલવાહક જહાજ (કાર્ગો શિપ) અચાનક પોતાનું સંતુલન ગુમાવી બેઠું હતું. અનિયંત્રિત બનેલું આ શિપ હુગલી નદીના કિનારા સાથે ધડાકાભેર અથડાઈને છેક રસ્તાની નજીક સુધી પહોંચી ગયું હતું. આ દ્રશ્ય જોઈને સ્થાનિક રહીશોમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી.

આ ઘટના બુધવારે બપોરના સમયે ડાયમંડ હાર્બર નજીક આવેલા નૂરપુર ફેરી ઘાટ પાસે ઘટી હતી. જહાજ કિનારા સાથે ભટકાતા જ નદીના પાળા પર મોટી તિરાડો પડી ગઈ છે. સૌથી રાહતની વાત એ રહી કે જે સમયે આ ઘટના બની ત્યારે ફેરી ટર્મિનલ પર કોઈ પેસેન્જર લોન્ચ કે બોટ ઊભી નહોતી. જો ત્યાં બોટ કે મુસાફરો હાજર હોત તો મોટી જાનહાનિ થઈ શકી હોત. ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. જેમાં જહાજે નિયંત્રણ ગુમાવતા જ લોકો અને અન્ય બોટને એલર્ટ કરવા સતત હોર્ન વગાડવાનું શરૂ કરી દીધું હતું.



દુર્ઘટનામાં સામેલ આ કાર્ગો શિપની ઓળખ MV Nawata Bhum તરીકે થઈ છે, જે સિંગાપોરના ફ્લેગ હેઠળ ચાલે છે. આશરે ૧૪૭ મીટરથી વધુ લંબાઈ ધરાવતું આ જહાજ મલેશિયાના પોર્ટ કલેંગથી કન્ટેનર ભરીને કોલકાતા પોર્ટ તરફ જઈ રહ્યું હતું.

# વડોદરાના માંજલપુરમાં ફ્લેટમાંથી ચાલતું ઓનલાઈન ન્યુડવીડિયો કોલ રેકેટ ઝડપાયું

## Stripchat એપ્લિકેશન દ્વારા ચાલતા ગોરખધંધામાં ૧૦ પાસ આરોપી અને યુવતીની ધરપકડ

વડોદરા,

વડોદરામાં ઓનલાઈન અશ્લીલતાના ગોરખધંધાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા પ્રકૃતિ પ્લાઝાના એક ફ્લેટમાંથી ચાલતું કથિત ન્યુડ કોલિંગ સેન્ટર પોલીસે ઝડપી પાડ્યું છે. આ સમગ્ર રેકેટમાં આધુનિક ટેક્નોલોજી, મોબાઈલ એપ્લિકેશન અને હાઈટેક સાધનોનો ઉપયોગ કરીને ગ્રાહકોને આકર્ષવામાં આવતા હતા. પોલીસના દરોડા બાદ સમગ્ર મામલો પ્રકાશમાં આવતા શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

માંજલપુર પોલીસને મળેલી બાતમીના આધારે પ્રકૃતિ પ્લાઝામાં આવેલા ફ્લેટ પર દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસ સ્થળ પર પહોંચી ત્યારે ઓનલાઈન વીડિયો કોલિંગની શંકાસ્પદ પ્રવૃત્તિ ચાલી રહી હોવાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન ફ્લેટમાંથી મુખ્ય આરોપી મનીષ પઢિયારને ઝડપી લેવામાં આવ્યો હતો. તેની પાસેથી ત્રણ લેપટોપ, બે હાઈટેક કેમેરા, આઈફોન-૧૫ સહિતના ડિજિટલ સાધનો કબજે કરવામાં આવ્યા છે. હવે પોલીસ આ તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણોની ફોરેન્સિક તપાસ કરાવી સમગ્ર નેટવર્ક સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી ઓનલાઈન વીડિયો સ્ટ્રીમિંગ માટે Stripchat નામની એપ્લિકેશનનો ઉપયોગ કરતો હતો. અલગ-અલગ યુવતીઓને ફ્લેટ પર બોલાવી ખાસ તૈયાર કરાયેલા રૂમમાં વીડિયો કોલ માટેનું સેટઅપ ગોઠવવામાં આવતું હતું. ત્યારબાદ ગ્રાહકો સાથે ઓનલાઈન વીડિયો કોલ શરૂ કરવામાં આવતો અને ગ્રાહકની માંગ મુજબ યુવતીઓ દ્વારા અશ્લીલ હરકતો કરવામાં આવતી હતી. મળતી આવકમાંથી લગભગ અડધી રકમ યુવતીને આપવામાં આવતી હતી જયારે બાકીની રકમ આરોપી પોતાના કમિશન તરીકે રાખતો હતો.

આરોપી માત્ર ૧૦મું ધોરણ

# જસ્ટિસ યશવંત વર્મા કેસમાં ખુલાસો સમિતિએ ત્રણેય આરોપો સાચા માન્યા

## દિલ્હીના ઘરેથી મળી આવ્યા હતા નોટોના બંડલો, જસ્ટિસને દોષિત ઠેરવ્યા!

અયોધ્યા,

અલાહાબાદ હાઈકોર્ટના પૂર્વ જસ્ટિસ યશવંત વર્મા સાથે જોડાયેલા કેસમાં ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. જેમાં ખુલાસો એ થયો છે કે, લોકસભાના અધ્યક્ષ તરફથી રચવામાં આવેલી સમિતિએ એમની સામે કરેલા ત્રણ મોટા આરોપને સાચા માની લીધા છે. રિપોર્ટમાં એમને હવે દોષિત જાહેર કરી દેવામાં આવ્યા છે.

નવી દિલ્હીમાં ચીફ જસ્ટિસ વર્માના ઘરેથી કેશ મળી આવ્યા હતા. આ પછી તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. તપાસમાં કેસની બારિકી સુધી જવા સાક્ષી, આસપાસના લોકો તથા એમની તરફથી કરવામાં આવેલા નિવેદનને લઈ એક ખાસ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. હવે સવાલ તેમણે કરેલી ચોખવટ સામે ઊભા થઈ રહ્યા છે. તપાસ સમિતિએ આખરે એમને દોષિત જાહેર કરી દીધા છે. પણ જે વસ્તુ ખૂટે છે એ આખું ષડયંત્ર છે. પ્લાન છે અને એમાં જસ્ટિસ કેવી રીતે રોલિંગ કરતા એ છે. આ રિપોર્ટ અનુસાર નવી દિલ્હીમાં એમના ઘરના સ્ટોરરૂમમાંથી મોટી સંખ્યામાં કેશ મળી આવ્યા. ૫૦૦ રૂપિયાની કડકડતી નોટના બંડલ મળી આવતા અનેક વિષય સંબંધિત સવાલ એની સામે ઊભા થયા હતા. કાયદાકીય તપાસમાં હજુ નિવેદન નોંધાતા સમગ્ર કેસને લઈને જસ્ટિસનો રોલ શંકાસ્પદ સાબિત થઈ ગયો હતો. સ્ટ્રોંગ રૂમમાં જે સાક્ષીઓ હતા એને સુરક્ષિત કે સંરક્ષિત કરી દેવામાં આવ્યા ન હતા. સમિતિએ કહ્યું કે, કાયદકીય રીતે સીલ કરી દેવાની અને નિરીક્ષણ પહેલા જ સ્ટ્રોંગરૂમની જે સ્થિતિ હતી એ બદલી ગઈ હતી. આ પછી કેશ પ્રાપ્ય રહ્યા નથી. ત્યાં હતા પણ નહીં. અહેવાલ મુજબ, સમિતિને ૨૨ માર્ચ, ૨૦૨૫ના ન્યાયાધીશ વર્મા દ્વારા ખાસ રજૂ કરાયેલ પ્રતિભાવ અને ત્યાર બાદ તેમણે અપનાવેલા વલણને સંજોગોને ધ્યાનમાં રાખીને સ્પષ્ટ અથવા સંતોષકારક લાગ્યું નહી.

# અંબાણી પરિવાર ૨૦૨૬માં સૌથી ધનિકની યાદીમાં મોખરે


## અદાણી પ્રથમ પેઢીના વ્યવસાયોમાં ટોચ પર, સુનિલ ભારતી મિત્તલ યાદીમાં ત્રીજા અને કુમાર મંગલમ બિરલા ચોથા ક્રમે

નવીદિલ્હી,

હુરુન રિપોર્ટ અનુસાર, મુકેશ અંબાણીનો પરિવાર ૨૦૨૬ માં ભારતનો સૌથી ધનિક વ્યવસાય પરિવાર રહ્યો છે. ૮.૫ ટકાના ઘટાડા છતાં, તેમની સંપત્તિ ૨૫.૮ લાખ કરોડ હોવાનો અંદાજ છે. દરમિયાન, અમદાવાદ સ્થિત ગૌતમ અદાણીનો પરિવાર ૧૯.૬ લાખ કરોડની કુલ સંપત્તિ સાથે પ્રથમ પેઢીના વ્યવસાયોમાં સૌથી ધનિક તરીકે ઉભરી આવ્યો છે.

આ માહિતી '૨૦૨૬ બાર્કલેઝ પ્રાઈવેટ ક્લાયન્ટ્સ હુરુન ઈન્ડિયા મોસ્ટ વેલ્યુએબલ ફેમિલી બિઝનેસ લિસ્ટ' માં જાહેર કરવામાં આવી છે. ટેલિકોમ કંપની એરટેલના પ્રમોટર સુનિલ ભારતી મિત્તલ યાદીમાં ત્રીજા ક્રમે છે. તેમની સંપત્તિ ૧૨.૧ લાખ કરોડ છે, જે તેમને પ્રથમ પેઢીના પરિવારોમાં બીજા ક્રમના સૌથી ધનિક બનાવે છે. કુમાર મંગલમ બિરલા ?૮.૧૪ લાખ કરોડની કુલ સંપત્તિ સાથે ચોથા ક્રમે છે.હુરુન ઈન્ડિયાના સ્થાપક અને મુખ્ય સંશોધક અનસ રહેમાન જુનૈદે જણાવ્યું હતું કે ભારતના સૌથી મૂલ્યવાન કૌટુંબિક વ્યવસાયોનું કુલ મૂલ્ય હવે યુએસ૧.૪૬ ટ્રિલિયન છે, જે ભારતીય ચલણમાં ૧૩૮ લાખ કરોડ જેટલું છે. તેમણે કહ્યું કે જો આ યાદી એક દેશ હોત, તો તે જીડીપી દ્વારા વિશ્વનું ૧૮મું સૌથી મોટું અર્થતંત્ર હોત. તે નેધરલેન્ડ, સાઉદી અરેબિયા, સ્વિટ્ઝર્લેન્ડ અને પોલેન્ડ જેવા દેશો કરતાં મોટું હોત. અહેવાલ મુજબ, ભારતના ટોચના ૩૦૦ કૌટુંબિક વ્યવસાયોએ છેલ્લા બે વર્ષમાં દરરોજ ૪,૦૭૬ કરોડનું મૂલ્ય ઉમેર્યું છે.

મુકેશ અંબાણીના પરિવારે ભારતના સૌથી ધનિક વ્યવસાયિક પરિવાર તરીકે સતત પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. ૮.૫ ટકાના ઘટાડા છતાં તેમની કુલ સંપત્તિ ૨૫.૮ લાખ કરોડ છે. ગૌતમ અદાણીનો પરિવાર ૧૯.૬ લાખ કરોડની કુલ સંપત્તિ સાથે પ્રથમ પેઢીના વ્યવસાય માલિકોમાં સૌથી ધનિક છે. સુનિલ ભારતી મિત્તલનો પરિવાર ૧૨.૧ લાખ કરોડની સંપત્તિ સાથે ત્રીજા ક્રમે છે. તેઓ પ્રથમ પેઢીના પરિવારોમાં





બીજા ક્રમે સૌથી ધનિક છે. કુમાર મંગલમ બિરલા ૮.૧૪ લાખ કરોડની સંપત્તિ સાથે યાદીમાં ચોથા ક્રમે છે.શાહી એક્સપોર્ટ્સના આહુજા પરિવારમાં ત્રણ વર્ષમાં સૌથી વધુ મૂલ્ય વધારો જોવા મળ્યો છે. તેમની સંપત્તિ ૩૫૨ ટકા વધીને ૩૭,૫૦૦ કરોડ થઈ છે. ગરવેરે હાઈ-ટેક ફિલ્મ્સના શશિકાંત ભાલચંદ્ર ગરવેરે પરિવારે પણ નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે, ત્રણ વર્ષમાં સૌથી ઝડપી ૬૧ સ્થાનનો વધારો હાંસલ કર્યો છે. તેમની સંપત્તિ ૩૦૦ ટકા વધીને ૧૫,૬૦૦ કરોડ સુધી પહોંચી છે. આ વૃદ્ધિ આ પરિવારોના મજબૂત વ્યવસાયિક પ્રદર્શનને પ્રતિબિંબિત કરે છે.જિંદાલ પરિવારે છેલ્લા ત્રણ વર્ષમાં સંપૂર્ણ દ્રષ્ટિએ સૌથી વધુ મૂલ્ય નિર્માણ પ્રાપ્ત કર્યું છે. તેઓએ તેમની સંપત્તિમાં ૩.૩ લાખ કરોડ ઉમેર્યા છે.

# ભારતે હસીનાકાર્ડ રમવાનું બંધ કરવું જોઈએ, તારિક રહેમાન બ્રિક્સ સમિટ માટે દિલ્હી નહીં આવે!

## ભારતે રહેમાનને સપ્ટેમ્બરમાં દિલ્હીમાં યોજનારી સમિટમાં આમંત્રણ આપ્યું છે

નવીદિલ્હી,

બાંગ્લાદેશના પીએમ તારિક રહેમાન બ્રિક્સ સમિટ માટે ભારત નહીં આવે તેવા અહેવાલ છે. ભારતે રહેમાનને સપ્ટેમ્બરમાં દિલ્હીમાં યોજનારી સમિટમાં આમંત્રણ આપ્યું છે. બાંગ્લાદેશ સરકારે હજુ સુધી આ અંગે સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી. ઢાકા કહે છે કે તારિકની દિલ્હી મુલાકાત હાલમાં વિચારણા હેઠળ છે. દરમિયાન, ઢાકા સરકારના નજીકના સૂત્રો દાવો કરે છે કે તારિકે દિલ્હી ન જવાનો નિર્ણય લીધો છે. દિલ્હી તરફથી શેખ હસીનાને મળી રહેલા "સમર્થન" પર ઢાકામાં નારાજગી છે. બાંગ્લાદેશના ગૃહમંત્રીએ કડક શબ્દોમાં કહ્યું છે કે ભારતે "હસીના કાર્ડ" રમવાનું બંધ કરવું જોઈએ.

પ્રોથોમોલોના મતે, શેખ હસીનાને દિલ્હીમાં પત્રકારો સાથે સીધી વાત કરવાની તક આપવામાં આવ્યા બાદ બાંગ્લાદેશ-ભારત સંબંધોમાં નવા તણાવ ઉભા થયા છે. આ વાતાવરણમાં, તે લગભગ નિશ્ચિત છે કે વડા પ્રધાન તારિક રહેમાન ૧૨-૧૩ સપ્ટેમ્બરે દિલ્હીમાં યોજાનાર બ્રિક્સ સમિટના આઉટરીચ સત્રમાં હાજરી આપશે નહીં.બાંગ્લાદેશ સરકારના ઘણા ઉચ્ચ સ્તરીય સૂત્રોએ પ્રોથોમલોને જણાવ્યું હતું કે તાજેતરની ઘટનાઓને કારણે રહેમાનની બ્રિક્સ આઉટરીચ સત્રમાં હાજરી આપવાની શક્યતા હવે સમાપ્ત થઈ ગઈ છે. BIMSTECના વર્તમાન અધ્યક્ષ તરીકે, ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તારિક રહેમાનને સત્રમાં હાજરી આપવા માટે આમંત્રણ આપ્યું હતું.તારિક રહેમાનને ૧૪ જુલાઈના રોજ ઢાકામાં ભારતીય હાઈ કમિશન દ્વારા બાંગ્લાદેશ વિદેશ મંત્રાલયને મોકલવામાં આવેલા રાજદ્વારી પત્ર દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું હતું. BIMSTEC બંગાળની ખાડીમાં આવેલા દેશોનું પ્રાદેશિક સંગઠન છે. બ્રિક્સ આઉટરીચ સત્રો સામાન્ય રીતે પસંદ કરેલા બિન-સભ્ય દેશો અને પ્રાદેશિક સંગઠનોના નેતાઓને આમંત્રણ આપે છે. તમે હસીના કાર્ડ રમીને બાંગ્લાદેશ સાથે મૈત્રીપૂર્ણ સંબંધો બનાવી શકતા નથી.

આ બે બાબતો વિરોધાભાસી છે. મને આશા છે કે ભારતીય અધિકારીઓ અને ભારત સરકાર આ સમજશે.

# શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ પરિણામો મેળવવા શિક્ષકો સાથે સમાજને ખભેખભો મિલાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું આહવાન

## ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૪.૭૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૬૪૬ કરોડની શિષ્યવૃત્તિનું વિતરણ



ગાંધીનગર,
વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષણનો મજબૂત પાયો નાખીને ગુજરાતના સંગીન વિકાસની બૂનિયાદ ઊભી કરી છે તેવો સ્પષ્ટ મત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કર્યો હતો.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાની સહાય વિતરણ તેમજ ઉચ્ચ શિક્ષણની અન્ય પ્રોત્સાહક સહાયનું વિતરણ કરતા મુખ્યમંત્રીએ આ મંતવ્ય વ્યક્ત કર્યું હતું.

ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ ખાતે યોજાયેલા આ સમારોહમાં મુખ્યમંત્રીના હસ્તે રાજ્યના ૪,૭૨,૨૬૦થી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૬૪૬ કરોડથી વધુની આર્થિક સહાય ડ્ઢ્મ્ના માધ્યમથી તેમના ખાતામાં જમા કરવામાં આવી હતી.

આ સહાય વિતરણમાં 'નમો લક્ષ્મી યોજના' અંતર્ગત ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ૪ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને કુલ રૂ. ૫૧૩ કરોડથી વધુની રકમની ચુકવણી અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અંતર્ગત ધોરણ ૧૨ બોર્ડ (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ૫૭ હજારથી વધુ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૨૮ કરોડથી વધુની રકમની ચુકવણી કરવામાં આવી હતી.

આ ઉપરાંત મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, સ્કીમ ઓફ ડેવલપિંગ હાઈ ક્વોલીટી રિસર્ચ-શોધ, મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના સહિત વિવિધ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ૭૨૬૦ વિદ્યાર્થીઓને રૂ. ૯૬ કરોડની સહાય અને ૪૮ સંસ્થાઓને રૂ.૯ કરોડની ગ્રાન્ટ એમ કુલ રૂ.૧૦૫ કરોડની સહાયનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ આ અવસરે કહ્યું કે, શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરીને રાજ્ય સરકારે વિદ્યાર્થીનીઓના શિક્ષણને પ્રોત્સાહન આપીને કન્યા કેળવણીનો વડાપ્રધાનનો અભિગમ પાર પાડ્યો છે. ખાસ કરીને દીકરીઓ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી થાય તે માટે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાના ખૂબ સારા પરિણામો મળ્યા છે તેમ પણ તેમણે શિક્ષણ વિભાગના સરાહનીય પ્રયાસોને બિરદાવતા તેમણે ઉમેર્યું હતું.

# રાજ્યમાં ૩૮૮ કરોડથી વધુની રમત ગમત સુવિધાઓ તેમજ લાયબ્રેરી સુવિધાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

## રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓ બદલ ૭૯૯ ખેલાડીઓને એકલવ્ય એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ અને જયદીપસિંહજી એવોર્ડથી સન્માનિત કરાયા

ગાંધીનગર,
"રમશે ગુજરાત, જીતશે ગુજરાત"ના સંકલ્પને સાકાર કરવા માટે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ મહાત્મા મંદિર ખાતેથી 'શક્તિદૂત ૨.૦' યોજનાનો પ્રારંભ કરાવ્યો છે. આ ઉપરાંત રાજ્યમાં રમતગમત અને વાચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે કુલ રૂ. ૩૮૮ કરોડથી વધુ રકમના વિવિધ રમત સંકુલ તથા લાઈબ્રેરી જેવા કુલ ૩૭ જેટલા માળખાકીય પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું છે. આ સમારોહમાં રાજ્યના કુલ ૭૯૯ પ્રતિભાશાળી ખેલાડીઓને તેમની ઉત્કૃષ્ટ રમતગમત સિદ્ધિઓ બદલ એકલવ્ય એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ અને જયદીપસિંહજી એવોર્ડ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

રમતગમત ક્ષેત્રે ગુજરાતના યુવાનોનું સ્વપ્ન સાકાર કરવા માટે જરૂરી તમામ મદદ કરવા રાજ્ય સરકાર સંપૂર્ણ રીતે તૈયાર છે, તેમ જણાવતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં લોન્ચ કરવામાં આવેલી 'શક્તિદૂત ૨.૦' યોજના આગામી ૧૦ વર્ષમાં ગુજરાતના ખેલાડીઓને દેશ અને દુનિયામાં ભારત અને ગુજરાતનું નામ રોશન કરવા માટે મજબૂત મંચ પૂરું પાડશે. શક્તિદૂત યોજના થકી વર્ષ ૨૦૧૫થી અત્યાર સુધીમાં ૭૭૭ આંતરરાષ્ટ્રીય સહિત કુલ ૧૭૪૦ ખેલાડીઓએ વિવિધ રમતોમાં મેડલ જીત્યા છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભૂતકાળને યાદ કરતાં જણાવ્યું હતું કે, આજથી ૨૫ વર્ષ પહેલાં જ્યારે ગુજરાતના ખેલાડીઓ નેશનલ ટૂર્નામેન્ટ્સમાં ભાગ લેવા જતા ત્યારે તેમને પરંપરાગત ઓળખ સુધી જ સીમિત ગણવામાં આવતા હતા.

# ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા ઈન્ટેન્સિફાઈડ IEC કેમ્પેઈન ૩.૦ નો પ્રારંભ

ગુજરાત
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી (GSACS) દ્વારા ઈન્ટેન્સિફાઈડ IEC કેમ્પેઈનનો સત્તાવાર પ્રારંભ કરવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શનમાં ઈન્ટેન્સિફાઈડ IEC કેમ્પેઈન ૧૨ ઓગષ્ટ ૨૦૨૬ થી ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનોએ "Lª Us Participate, NO Discriminate" (ચાલો સહભાગી બનીએ, ભેદભાવ ના કરીએ) થીમ હેઠળ આયોજિત આ અભિયાનનું ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ (IIPH), ગાંધીનગર ખાતે પ્રારંભ કરાવ્યો.

અભિયાન લૉન્ચ કરતાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનોએ જણાવ્યું કે આ અભિયાનને સંવેદનશીલતા અને ધૈર્ય સાથે સફળ બનાવવાનું છે. તેમણે એઈડ્સ નાબૂદી કાર્યક્રમ સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને કાર્યકરોને વર્ષ ૨૦૩૦ સુધી એઈડ્સ -ફ્રી ગુજરાતનો સંકલ્પ સિદ્ધ કરવા માટે અભિયાનને વધુમાં વધુ સફળ બનાવવાનો અનુરોધ કર્યો હતો.

નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (NACO), ભારત સરકારની માર્ગદર્શિકા અનુસાર આ અભિયાનનો હેતુ HIVના સંક્રમણને ઘટાડવાનો, HIV અને STI સંબંધિત આરોગ્ય સેવાઓ માટેની માંગ વધારવી તથા HIV અને સેક્સ્યુઅલી ટ્રાન્સમિટેડ ઈન્ફેક્શન્સ (STIs) સાથે સંકળાયેલા કલંક અને ભેદભાવ સામે લડત આપવાનો છે.

# અમદાવાદના પ્રખ્યાત મંદિરોના દર્શન સરળ બન્યા, એએમટીએસએ શરૂ કરી ખાસ ૮ કલાકની બસ સેવા

## મુસાફરો પોતાની પસંદગી મુજબ ૮ કલાકના સમયગાળામાં નક્કી કરેલા રૂટ મુજબ દર્શન પ્રવાસ માટેનું આયોજન કરી શકશે



અમદાવાદ,
પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થતાં જ અમદાવાદ શહેરમાં ધાર્મિક ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શ્રદ્ધાળુઓ અને વિવિધ સોસાયટીના મંડળો સરળતાથી પરિવાર અને મિત્રો સાથે મંદિરોના દર્શન કરી શકે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એએમટીએસ દ્વારા વિશેષ બસ સેવા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ વિશેષ સેવા ૧૨ ઓગસ્ટથી શરૂ થઈને સમગ્ર શ્રાવણ માસ દરમિયાન એટલે કે ૧૧ સપ્ટેમ્બર સુધી કાર્યરત રહેશે. શ્રદ્ધાળુઓ ૮ કલાકના સમયગાળા માટે આખી બસ બુક કરાવીને શહેરના વિવિધ પ્રખ્યાત શિવ મંદિરો અને અન્ય ધાર્મિક સ્થળોનો દર્શન પ્રવાસ કરી શકશે. એએમટીએસ દ્વારા આ વિશેષ ધાર્મિક પ્રવાસ સેવા માટે મુસાફરોના અનુકૂળ ભાડા દરો નક્કી કરવામાં આવ્યા છે.એએમટીએસની હદ વિસ્તારમાં આવેલા મંદિરોના દર્શન માટે ૮ કલાકની બસનું ભાડું ૩,૦૦૦ નક્કી કરાયું છે. જ્યારે એએમટીએસ હદ બહારના વિસ્તારોમાં આવેલા મંદિરોના દર્શન માટે આ ભાડું ૫,૦૦૦ રાખવામાં આવ્યું છે. આ સેવામાં એક બસમાં વધુમાં વધુ ૪૦ મુસાફરો મુસાફરી કરી શકશે. આયોજકોના જણાવ્યા મુજબ, ગ્રુપમાં દર્શન માટે જતા મંડળો અને સોસાયટીના રહીશો માટે આ દરો અત્યંત કિફાયતી અને આરામદાયક સાબિત થશે. આ વિશેષ બસ સેવા અંતર્ગત અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારમાં આવેલા જાણીતા ધાર્મિક સ્થળોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં નગરદેવી ભદ્રકાળી મંદિર, ઐતિહાસિક જગન્નાથજી મંદિર, એસ.જી. હાઈવે પર આવેલું વૈષ્ણોદેવી મંદિર, સેટેલાઈટ સ્થિત ઈસ્કોન મંદિર તેમજ શહેરના વિવિધ પ્રાચીન શિવાલયોનો સમાવેશ થાય છે.

મુસાફરો પોતાની પસંદગી મુજબ ૮ કલાકના સમયગાળામાં નક્કી કરેલા રૂટ મુજબ દર્શન પ્રવાસનું આયોજન કરી શકશે. બસમાં આરામદાયક બેઠક વ્યવસ્થા હોવાથી વરિષ્ઠ નાગરિકો માટે પણ આ પ્રવાસ ખૂબ સગવડભર્યો રહેશે.

# IIT ગાંધીનગર દ્વારા PRAG પહેલનો પ્રારંભ, સુશાસનમાં ટેકનોલોજીની ભૂમિકા અંગે ચર્ચા

ગાંધીનગર,
ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર (IITGN)એ ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ 'પોલિસી રિસર્ચ એન્ડ એનાલિટિક્સ ફોર ગવર્નન્સ' (PRAG - પ્રાગ) પહેલ શરૂ કરી છે. આ એક નવું પ્લેટફોર્મ છે જે અસરકારક સુશાસન અને ટકાઉ વિકાસના પડકારોને જોવા માટે ટેકનોલોજી, જાહેર નીતિ અને સુશાસનના વિષયોને એકસાથે લાવશે.આ પહેલ IIT ગાંધીનગરના ફાઉન્ડેશન પ્રોગ્રામના ભાગરૂપે શરૂ કરવામાં આવી હતી અને "જાહેર નીતિ અને સુશાસનમાં ટેકનોલોજી સંસ્થાની ભૂમિકા" વિષય પર પેનલ ચર્ચા યોજાઈ હતી. આ ચર્ચામાં પૂર્વ સરકારી અધિકારીઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને વ્યાવસાયિકોને એકસાથે લાવીને ટેકનોલોજી સંસ્થાઓ તેમની પરંપરાગત શૈક્ષણિક અને તકનીકી ભૂમિકાઓથી આગળ વધીને નીતિ નિર્માણમાં કેવી રીતે યોગદાન આપી શકે તે અંગે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. IIT ગાંધીનગરના નિયામક પ્રોફેસર રજત મૂનાએ વિદ્યાર્થીઓને કોઈ એક વિષયમાં સીમિત ન રહેતા હોય તેવા પડકારો અને સમસ્યાઓને ઉકેલવા માટે તૈયાર કરવામાં ટેકનોલોજી સંસ્થાઓ જે ભૂમિકા ભજવી શકે તે વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓને વર્ગખંડમાં જે શીખે છે તેને વ્યાપક સામાજિક અને રાષ્ટ્રીય પડકારો પર લાગુ કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

PRAGનો પરિચય આપતાં પ્રોફેસર પ્રહર્ષ એમ પટેલ, જેઓ પ્રોફેસર દીપક સિંઘાનિયા સાથે આ પહેલનું સંકલન કરી રહ્યા છે, તેમણે એવા મંચની જરૂરિયાત વિશે વાત કરી જ્યાં તકનીકી નિપુણતાને નીતિ નિર્માણ અને વહિવટની વાસ્તવિકતાઓની નજીક લાવી શકાય.

# ઊંઝા માર્કેટયાર્ડ બેંકના ૩.૪૪ કરોડના ઉચાપત કેસમાં કોર્ટે પુનઃ તપાસનો આદેશ આપ્યો

## સમગ્ર મામલાની વિસ્તૃત તપાસ કરીને ૪૫ દિવસની અંદર રિપોર્ટ રજૂ કરવા પોલીસ તંત્રને નિર્દેશ

મહેસાણા,
મહેસાણા જિલ્લાના ઊંઝામાં આવેલી ઊંઝા માર્કેટયાર્ડ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંકના આશરે ૩.૪૪ કરોડની ઉચાપતના કેસમાં મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. આ કેસમાં કોર્ટે ફરી તપાસ કરવાનો આદેશ આપ્યો છે. સાથે જ સમગ્ર મામલાની વિસ્તૃત તપાસ કરીને ૪૫ દિવસની અંદર રિપોર્ટ રજૂ કરવા પોલીસ તંત્રને નિર્દેશ આપવામાં આવ્યો છે.

કોર્ટના આ આદેશ બાદ બેંકના કરોડો રૂપિયાના કથિત કેશ કૌભાંડમાં ફરી તપાસનો દોર શરૂ થવાની સ્થિતિ ઊભી થઈ છે. ખાસ કરીને બેંકના કર્મચારીઓની કથિત બેદરકારી અથવા સંડોવણીના આક્ષેપોને લઈને તપાસ આગળ વધવાની શક્યતા છે.

મળતી વિગતો પ્રમાણે, એપ્રિલ ૨૦૨૫થી જૂન ૨૦૨૫ દરમિયાન બેંકના કેશિયર સચિન પટેલ દ્વારા તબક્કાવાર રીતે આશરે ?૩.૪૪ કરોડની રકમની ઉચાપત કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. કેસ સામે આવ્યા બાદ માત્ર કેશિયરની ભૂમિકા જ નહીં, પરંતુ બેંકના અન્ય કર્મચારીઓની કામગીરી સામે પણ સવાલો ઊભા થયા હતા. આટલી મોટી રકમની ઉચાપત લાંબા સમય સુધી કેવી રીતે ધ્યાનમાં ન આવી અને સંબંધિત પ્રક્રિયામાં ક્યાં બેદરકારી રહી, તેવા પ્રશ્નો પણ ચર્ચામાં આવ્યા હતા. કેસ કોર્ટ સમક્ષ પહોંચ્યા બાદ અદાલતે સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ફરીથી તપાસ કરવાનો હુકમ કર્યો છે. કોર્ટના નિર્દેશ મુજબ, કેસ સાથે જોડાયેલા તમામ પાસાઓની તપાસ કરવાની રહેશે.ખાસ કરીને કર્મચારીઓની કથિત સંડોવણી, તેમની ભૂમિકા અને સમગ્ર કૌભાંડમાં કોઈ અન્ય વ્યક્તિ જવાબદાર છે કે કેમ તે દિશામાં તપાસ કરવામાં આવવાની શક્યતા છે. કોર્ટે પોલીસ તંત્રને ૪૫ દિવસની સમયમર્યાદામાં તપાસ પૂર્ણ કરીને વિસ્તૃત રિપોર્ટ અદાલત સમક્ષ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.આ આદેશ બાદ તપાસ એજન્સી માટે હવે કૌભાંડ સાથે જોડાયેલા તમામ પાસાઓની ફરીથી તપાસ કરવાનો માર્ગ ખુલ્યો છે.

# મહેસાણાની પ્રથમ નેક્સ્ટ-જેન થીમ આધારિત પોસ્ટ ઓફિસનું ગણપત યુનિવર્સિટીમાં ઉદ્ઘાટન

## પોસ્ટમાસ્ટર જનરલ અને પ્રો-ચાન્સેલરે કરાવ્યો શુભારંભ

મહેસાણા,
ડાક વિભાગની યુવા કેન્દ્રિત અને આધુનિક સેવાઓને શૈક્ષણિક પરિસરો સુધી પહોંચાડવાની દિશામાં કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાજીના વિઝનથી પ્રેરિત પહેલ અંતર્ગત ગુજરાતના છઠ્ઠા અને મહેસાણાના પ્રથમ એન-જેન (નેક્સ્ટ-જેન) થીમ આધારિત નવીનીકરણ કરાયેલ ગણપત વિદ્યાનગર પોસ્ટ ઓફિસનું ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ તથા ડૉ. મહેન્દ્ર શર્મા, ગ્રુપ પ્રો-ચાન્સેલર, ગણપત યુનિવર્સિટી, મહેસાણા દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયા પોસ્ટની ફ્લેગશિપ એન-જેન પહેલ અંતર્ગત વિકસાવવામાં આવેલું આ પોસ્ટ ઓફિસ વિદ્યાર્થીઓએ ઈન્ડિયા પોસ્ટ સાથે મળીને "વિદ્યાર્થીઓનું, વિદ્યાર્થીઓ દ્વારા, વિદ્યાર્થીઓ માટે"ની ફિલોસોફી પર ડિઝાઈન કર્યું છે. અહીં ભારતીય ડાકની વિશ્વસનીયતા, વ્યાપક પહોંચ, આધુનિક સેવાઓ, યુવા જોડાણ અને સમૃદ્ધ વારસાનો સુંદર સમન્વય જોવા મળે છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે, એન-જેન પોસ્ટ ઓફિસ પહેલ વિદ્યાર્થીઓ અને ડિજિટલ નેટિવ્સને કેન્દ્રમાં રાખીને ઈન્ડિયા પોસ્ટને આધુનિક અને યુવા કેન્દ્રિત સેવા નેટવર્કમાં પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે એન-જેન પોસ્ટ ઓફિસ યુવાનોને આધુનિક સુવિધાઓ પ્રદાન કરશે, જેમાં વાઈ-ફાઈ, કેફેટેરિયા, મિની લાઈબ્રેરી, યુપીઆઈ આધારિત ડિજિટલ પેમેન્ટ, યુવા કેન્દ્રિત કમ્ફર્ટ સીટિંગ સ્પેસ, વિદ્યાર્થીઓ માટે સ્પીડ પોસ્ટ અને પાર્સલ સેવાઓ પર ૧૦%ની વિશેષ છૂટ, જ્ઞાન પોસ્ટ, આંતરરાષ્ટ્રીય પાર્સલ બુકિંગ, પાર્સલ પેકેજિંગ સેવા, ફિલેટલી અને પોસ્ટ ઓફિસ બચત સેવાઓ, ડાક જીવન વીમા તથા આઈપીપીબી જેવી નાણાકીય સેવાઓનો સમાવેશ થાય છે.

# વડોદરાના માંજલપુરમાં પોલીસે ફ્લેટમાંથી કથિત ઓનલાઈન ન્યૂડ કોલ સેન્ટર ઝડપી પાડ્યું

## ફ્લેટમાંથી ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે વાંધાજનક લાઈવ વીડિયો કોલ સંબંધિત પ્રવૃત્તિ ચાલતી હતી

વડોદરા,
વડોદરાના માંજલપુર વિસ્તારમાં પોલીસે ફ્લેટમાં ચાલી રહેલા કથિત ઓનલાઈન ન્યૂડ કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે પ્રકૃતિ ફ્લેટમાં કાર્યવાહી કરવામાં આવી હતી. દરોડા દરમિયાન પોલીસે એક આરોપીની ધરપકડ કરી હોવાનું સામે આવ્યું છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ફ્લેટમાંથી ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે વાંધાજનક લાઈવ વીડિયો કોલ સંબંધિત પ્રવૃત્તિ ચાલી રહી હતી. આ કામગીરી માટે સ્ટ્રીપચેટ નામના પ્લેટફોર્મનો ઉપયોગ થતો હોવાનો પોલીસ તપાસમાં ખુલાસો થયો છે.

પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, યુવતીઓને ફ્લેટ પર બોલાવી વિદેશી તેમજ સ્થાનિક ગ્રાહકો સાથે ઓનલાઈન વીડિયો કોલ કરાવવામાં આવતા હોવાનો પોલીસનો આરોપ છે. આ સમગ્ર પ્રવૃત્તિ ફ્લેટમાંથી ગુપ્ત રીતે ચલાવવામાં આવતી હોવાની માહિતીના આધારે માંજલપુર પોલીસે કાર્યવાહી કરી હતી.પોલીસ હવે આ પ્રવૃત્તિ કેટલા સમયથી ચાલી રહી હતી અને તેમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તેની તપાસ કરી રહી છે.

દરોડા દરમિયાન પોલીસે મનીષ પઢિયાર નામના વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસે સ્થળ પરથી ઓનલાઈન પ્રવૃત્તિ માટે ઉપયોગમાં લેવાતા ડિજિટલ સાધનો પણ કબજે કર્યા છે.પોલીસના જણાવ્યા મુજબ, કાર્યવાહી દરમિયાન ૩ લેપટોપ, ૨ કેમેરા, મોબાઈલ ફોન સહિતના અન્ય ઈલેક્ટ્રોનિક સાધનો મળી આવ્યા હતા. આ તમામ મુદ્દામાલને તપાસના ભાગરૂપે કબજે કરવામાં આવ્યો છે.

માંજલપુર પોલીસે આરોપી વિરુદ્ધ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની વિવિધ જોગવાઈઓ હેઠળ ગુનો નોંધ્યો હોવાનું જણાવાયું છે.

# ડીસામાં એશિયાનું પહેલું ડેઝર્ટ ઝૂ બનશે કરોડોના પ્રોજેક્ટને સીઝેડએની મંજૂરી

## પ્રોજેક્ટમાં આશરે ૮૩ પ્રજાતિના ૨,૭૦૦ જેટલા દેશી અને વિદેશી પ્રાણી-પક્ષીઓને રાખવાની યોજના

પાલનપુર,
બનાસકાંઠાના જૂના ડીસા ખાતે પ્રસ્તાવિત ડેઝર્ટ ઝૂઓલોજિકલ પાર્ક અને નાઈટ સફારી પ્રોજેક્ટને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીની મંજૂરી મળી છે. ગુજરાત વન વિભાગ દ્વારા વિકસાવવામાં આવનાર આ પ્રોજેક્ટને વન્યજીવ સંરક્ષણની સાથે ઈકો-ટૂરિઝમને પ્રોત્સાહન આપતી મહત્વપૂર્ણ પહેલ તરીકે જોવામાં આવી રહ્યો છે.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાના જણાવ્યા મુજબ, ડીસાના જૂના વિસ્તારમાં આશરે ૧૦૩ હેક્ટર જમીનમાં રૂ.૫૪૨.૧૪ કરોડના અંદાજિત ખર્ચે આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવશે. પ્રોજેક્ટનું આયોજન સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીની માર્ગદર્શિકાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. મંજૂરી મળ્યા બાદ હવે આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને આગળ વધારવાનો માર્ગ વધુ સ્પષ્ટ બન્યો છે.

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણ માળીના જણાવ્યા મુજબ ડીસામાં બનનાર આ ઝૂ એશિયાનું પ્રથમ ડેઝર્ટ-થીમ આધારિત ઝૂ હશે. વિશ્વ સ્તરે પણ આ પ્રકારનું આ અનોખું પ્રોજેક્ટ ગણાશે.આ ઝૂમાં રણપ્રદેશની પ્રકૃતિ, પ્રાણીઓ અને પર્યાવરણને કેન્દ્રમાં રાખીને વિવિધ ઝોન અને એન્ક્લોઝર તૈયાર કરવામાં આવશે.

આ સમગ્ર પ્રોજેક્ટમાં આશરે ૮૩ પ્રજાતિના ૨,૭૦૦ જેટલા દેશી અને વિદેશી પ્રાણી-પક્ષીઓને રાખવાની યોજના છે.ભારતીય પ્રજાતિઓમાં ચિંકારા, કાળિયાર, ભારતીય ઘૂડખર, એશિયાટિક સિંહ અને દીપડા ઉપરાંત રણપ્રદેશ સાથે જોડાયેલી વિવિધ પ્રજાતિઓનો સમાવેશ થશે.વિશ્વ સમાચાર વિશ્લેષણ

પ્રોજેક્ટનું મુખ્ય આકર્ષણ ડ્રાઈવ થ્રુ નાઈટ સફારી રહેશે. સૂર્યાસ્ત બાદ મુલાકાતીઓને ખાસ તૈયાર કરવામાં આવેલા એન્ક્લોઝરમાં નિશાચર પ્રાણીઓને જોવાનો અનુભવ મળશે.નાઈટ સફારી માટે પાંચ સમર્પિત એન્ક્લોઝર બનાવવાની યોજના છે. સાથે જ અલગ 'ડે ઝૂ' પણ વિકસાવવામાં આવશે.

પ્રોજેક્ટમાં માત્ર પ્રાણી-પક્ષીઓ જ નહીં પરંતુ મુલાકાતીઓ માટે અનેક વિશેષ આકર્ષણો ઊભાં કરવાની યોજના છે. તેમાં રેપ્ટાઈલ સફારી, પક્ષીઘર, સરિસૃપ ઘર, બટરફ્લાય પાર્ક, રેઈનફોરેસ્ટ બાયોમ અને એક્વેરિયમનો સમાવેશ થાય છે.

# યોગ્ય પદ્ધતિથી પ્રાકૃતિક ખેતી કરવામાં આવે તો શરૂઆતથી જ સારું ઉત્પાદન મેળવી શકાય : રાજ્યપાલ

## વિસનગર એપીએમસી ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન કરાયું




મહેસાણા,
વિસનગર એપીએમસી ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા અને પ્રાકૃતિક ખેતીના વિવિધ પાસાં અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

પરિસંવાદ દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતીના ફાયદા અને તેની વ્યવહારુ પદ્ધતિઓ અંગે વિસ્તૃત સંવાદ કર્યો હતો. તેમણે ઓછા ખર્ચે ખેતી કરીને ઉત્પાદન વધારવા તેમજ ખેતીમાં થતા બિનજરૂરી ખર્ચને ઘટાડવા પર ભાર મૂક્યો હતો. રાજ્યપાલે પોતાના અનુભવનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે રાસાયણિક ખેતીમાં એક એકર પાછળ અંદાજે રૂ.૨૦ હજારનો ખર્ચ થાય છે, જ્યારે પ્રાકૃતિક ખેતીમાં આ ખર્ચ આશરે રૂ.૨ હજાર સુધી રહી શકે છે. તેમના જણાવ્યા મુજબ યોગ્ય પદ્ધતિથી પ્રાકૃતિક ખેતી કરવામાં આવે તો શરૂઆતથી જ સારું ઉત્પાદન મેળવી શકાય છે અને સમય જતાં જમીનની ગુણવત્તામાં સુધારો થઈ શકે છે.

રાજ્યપાલે જણાવ્યું હતું કે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અતિશય ઉપયોગથી જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. જમીનમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓ અને અળસિયાનો નાશ થવા ઉપરાંત પક્ષીઓની કેટલીક પ્રજાતિઓ પણ ઘટી રહી છે. વરસાદી પાણી જમીનમાં પૂરતા પ્રમાણમાં ન ઉતરવાથી પૂર અને દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાવા પાછળ પણ જમીનની બદલાયેલી સ્થિતિ એક મહત્વનું કારણ હોવાનું તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમમાં જળ સંરક્ષણ તથા ગાય આધારિત પ્રાકૃતિક કૃષિના વિવિધ લાભો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# રાજકોટ મહાનગરપાલિકાને શહેરી વિકાસ કામો માટે રૂ. ૨૩૨ કરોડની ફાળવણી કરવામાં આવી

## રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતા રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ

રાજકોટઃ

ગુજરાત સરકાર તરફથી પ્રતિ વર્ષની જેમ રાજયની નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓના શહેરી વિકાસના કામો માટે માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે રૂ.૩૮૫૦/- કરોડના ચેક અર્પણ કાર્યક્રમ તા.૧૧-૦૮-૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ. જેમાં રાજકોટ મહાનગરપાલિકાને શહેરી વિકાસ કામો માટે રૂ.૨૩૨/- કરોડની ફાળવણી કરવામાં આવેલ.




શહેરી વિકાસના કામો માટેના ચેક અર્પણ કરવાના ગાંધીનગર ખાતે આયોજિત આ સમારોહમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયરશ્રી ડૉ. નેહલ શુક્લ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા, મ્યુનિસપલ કમિશનરશ્રી તુષાર સુમેરા, શાસક પક્ષ નેતાશ્રી ડૉ. હિરેનભાઈ ખીમાણીયા, શાસક પક્ષ દંડકશ્રી સંજયસિંહ રાણા, નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી પથિક પટેલ અને સિટી એન્જી. શ્રી પરેશ અઢિયા ઉપસ્થિત રહેલ હતા અને માન.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે ચેકનો સ્વીકાર કરવામાં આવેલ.

"સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" અંતર્ગત ૧૭ મહાનગરપાલિકાઓને કુલ રૂ.૨૯૯૨ કરોડ અને ૧૫૨ નગરપાલિકાઓને કુલ રૂ.૮૫૮ કરોડની રકમ વિકાસ કામો માટે આપવામાં આવી હતી.

રાજ્ય સરકારશ્રી દ્વારા "સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાને શહેરી વિકાસ કામો માટે કુલ રૂ.૨૩૨ કરોડની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. જેને લીધે શહેરમાં કાર્યરત તેમજ નવા પ્રોજેક્ટ્સની કામગીરી ઝડપભેર આગળ ધપશે તેવું જણાવી રાજકોટ મહાનગરપાલિકાના મેયરશ્રી ડૉ. નેહલ શુકલ, ડેપ્યુટી મેયરશ્રી દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા, શાસક પક્ષ નેતાશ્રી ડૉ. હિરેનભાઈ ખીમાણિયા, શાસક પક્ષ દંડકશ્રી સંજયસિંહ રાણાએ ગુજરાત રાજયના મુખ્યમંત્રી માન. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકારનો આભાર વ્યક્ત કરેલ છે.

# ઘરમાં તથા ઘરની આસપાસ રાખવામાં આવતા પક્ષીકુંજમાં મળ્યા ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરના પોરા

## વરસાદી સિઝનમાં પક્ષીકુંજ અંગે નાગરિકોને ખાસ અપીલ:"તમામ ઘરના પક્ષીકુંજ દર અઠવાડિયે કરો ડ્રાય"



રાજકોટઃ

પક્ષીઓને પાણી પીવડાવવું એ આપણી સંસ્કૃતિ અને માનવતાની ઉદાહરણ છે. ઉનાળાની ગરમીમાં ઘરની અગાશી, બાલ્કની કે આંગણામાં પક્ષીઓ માટે પાણી મૂકીને અનેક નાગરિકો જીવદયા અને પરોપકારનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

પરંતુહાલ વરસાદી સિઝનમાં પરિસ્થિતિ અલગ છે.વરસાદના કારણે પક્ષીઓને કુદરતી રીતે અનેક સ્થળોએ પાણી મળી રહે છે. તેથી આ સમયગાળા દરમિયાન ઘરની આસપાસ રાખવામાં આવતા પક્ષીકુંજમાં લાંબા સમય સુધી પાણી ભરેલું રહે તો તે પક્ષીઓ માટેની સેવા કરતાં મચ્છરોના ઉત્પત્તિસ્થાનમાં પરિવર્તિત થઈ શકે છે.

શહેરમાં વાહકજન્ય રોગ જેવા કે ડેન્ગ્યુ, ચિકુનગુનિયાના નિયંત્રણ માટે હાલ વન-ડે-વન-વોર્ડ ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે. ઘરની મુલાકાત દરમિયાન ચિંતાજનક બાબત જોવા મળેલ છે કે અનેક સ્થળોએ લાંબા સમયથી પાણી ન બદલવાને કારણે પક્ષીઓને તથા પશુઓને પાણી પીવડાવવા માટે ઘરના આંગણે, અગાશી કે બાલકનીમાં પક્ષછકુંજ, કુંડી કે અવાડાના સ્થિર પાણીમાં ૭૦ થી ૮૦ ટકા પાત્રોમાં ડેન્ગ્યુ, મેલેરિયા ફેલાવતા એડીસ મચ્છરના પોરાજોવા મળી રહ્યા છે.આ સ્થિતી ગંભીર રોગચાળો ફેલાવી શકે તેમ હોવાથી મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે જનજાગૃતિ માટે ખાસ અપીલ કરવામાં આવે છે.એડીસ મચ્છર સામાન્ય રીતેચોખ્ખા અને સ્થિર પાણીમાંઈંડા મૂકે છે અને તે મુખ્યત્વેદિવસ દરમિયાન કરડે છે. ખાસ વાત એ છે કે માત્ર પક્ષીકુંજનું પાણી બદલી નાખવું પૂરતું નથી. એડીસ મચ્છરના ઈંડા કુંડાની અંદરની સપાટી પર ચોંટેલા રહી શકે છે. તેથી કુંડાને પાણીથી ખાલી કરીને ડુંચા / કુચા વગેરેથી અંદરથી સારી રીતે ઘસીને સાફ કરવુંજરૂરી છે.

વરસાદી સિઝનમાં જો પક્ષીઓને પાણીની ખાસ જરૂરિયાત ન હોય, તોથોડા સમય માટે પક્ષીકુંજ ખાલી રાખવાનો નિર્ણય પણ જીવદયાનું જ એક સ્વરૂપ છે. જો પક્ષીકુંજ રાખવું જરૂરી લાગે તો તેને નિયમિત રીતે ખાલી કરી, અંદરથી ઘસીને સાફ કરીને અને સંપૂર્ણ સૂકવીને જ ફરીથી ઉપયોગમાં લેવું.

લાગણી એ જ, રીત થોડી સમજદારીની... "પક્ષીઓને પાણી પીવડાવવું એ પુણ્યનું કામ છે. પરંતુ આપણી આ જ લાગણી અજાણતાં મચ્છરોના ઉછેરનું કારણ ન બને તેનું ધ્યાન રાખવું પણ આપણી જવાબદારી છે. આપણા ઘરની આસપાસનું એક નાનું પક્ષીકુંજ પણ જો મચ્છરના ઉત્પત્તિસ્થાનમાં ફેરવાય તો તે આપણા પરિવાર અને આસપાસના લોકોના આરોગ્ય માટે જોખમ ઊભું કરી શકે છે. આથી નાગરિકોને અપીલ છે કે વરસાદી સિઝનમાં પક્ષીકુંજની જરૂરિયાત અંગે વિચાર કરી તેને થોડા સમય માટે દૂર રાખે અથવા નિયમિત રીતે ખાલી, ઘસીને સાફ અને સૂકું રાખે. લોકોને વિનંતી છે કે માત્ર થોડી જાગૃતિ રાખીને મચ્છરોની ઉત્પતિ અટકાવવામાં આરોગ્ય ટીમને સહકાર આપો."

# આંદોલનની ચેતવણી કામ કરી ગઈ : એઈમ્સ જવાના પરાપીપળીયા માર્ગનું રાતોરાત સમારકામ

રાજકોટઃ

રાજકોટના પરા પીપળીયાના ગામના પાટીયાથી એઈમ્સ હોસ્પિટલ જવાના રોડ પર રોડ વળે ત્યાં ગોલાઈ સુધીનો રસ્તો અતિ બિસ્માર હાલતમાં હોવા અંગેના પ્રશ્નોનો રાજકોટ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ દ્વારા વરસાદ હોવાના કારણે આવતીકાલથી તા.૧૩-૮થી રસ્તાની મરામત કામગીરી પૂરજોશથી ચાલુ કરવામાં આવશે.



તેવી પ્રજાહિતમાં ખાત્રી આપવામાં આવતા અને આ પ્રશ્નોનો પ્રજાહિતમાં સુખદ અંત આવેલ હોય જેથી આ લોક આંદોલન મોકૂફ રાખવામાં આવેલ છે તેમ એક નિવેદનમાં રાજકોટ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ નાગદાનભાઈ ચાવડાએ જણાવેલ છે.

પરાપીપળીયા ગામથી એઈમ્સ હોસ્પિટલ તરફ જતા આવેલ રેલ્વે અંડર બ્રીજની ડીઝાઈન મંજુર કરવા અંગે જે રેલ્વે વિભાગ દ્વારા અંડર બ્રીજની ડિઝાઈનમાં બદલાવ આવવાથી જેની મંજૂરીની કામગીરી થોડી વિલંબ થયેલ હોય જે પણ આગામી સમયમાં ઝડપથી કામગીરી કરવામાં આવશે તેવી રેલ્વે વિભાગ દ્વારા પણ ખાત્રી આપવામાં આવેલ હોવાનું ચાવડાએ જણાવેલ હતું.

# યુવતી સાથે ભાગી ગયેલ સગીરને શોધી કાઢતી પોલીસ : બંને ફરી ભાગી જવાના પેરવીમાં હતાં

## બંન્ને સુરત-મુંબઈથી ફરવા ગયા બાદ રાજકોટ આવ્યા અને એએચટીયુની ટીમ ત્રાટકી

રાજકોટઃ થોરાળા વિસ્તારમાંથી ગુમ થયેલ ૧૭ વર્ષના સગીરને પોલીસે શોધી કાઢી થોરાળા પોલીસને સોંપ્યો હતો. જયારે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે તપાસ હાથ ધરી સગીરની પુછતાછ કરતા તેને યુવતી સાથે પ્રેમ હોય જેથી બંન્ને સજોડે ભાગી ગયા હતાં. બાદમાં સુરત- મુંબઈ ફરવા ગયા હતાં. ત્યાથી રાજકોટ પરત આવ્યા બાદ બંન્ને ફરી ભાગી જવાની તૈયારીમાં હોવાનું માલુમ પડયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, થોરળા પોલીસ સ્ટેશનમાં ૧૭ વર્ષના સગીરને અજાણ્યો શખસ લલચાવી- ફોસલાવીને પોતાની સાથે લઈ ગયો હોવાની આશંકાએ અપહરણની ફરિયાદ નોંધાઈ હતી. જે બનાવ અંગે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે તપાસ શરૂ કરી હતી. સીસીટીવી કેમેરા અને હ્યુમન સોર્સિના આધારે સગીરને રાજકોટમાંથી શોધી કાઢયો હતો.

બાદમાં પોલીસે સગીરની પુછતાછ કરતા ચોંકાવનારી હકિકત સામે આવી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે, સગીરને અન્ય યુવતી સાથે પ્રેમ સંબંધ હોય. જેથી બંને ભાગીને પ્રથમ સુરત બાદ મુંબઈ ગયા હતા. મુંબઈથી રાજકોટ આવી ફરી ભાગવાનો પ્લાન કરે તે પહેલા જ બાતમીના આધારે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે સગીરને પકડી પાડ્યો હતો. ટીમે આગળની કાર્યવાહી માટે થોરાળા પોલીસને સોપ્યો હતો.

આ કામગીરીમાં એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનીટના પીઆઈ બી.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.કે.ગોહીલની રાહબરીમાં એએસઆઈ અજયકુમાર શુક્લા, સલીમભાઈ મકરાણી, ધર્મેન્દ્રસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ આર.મારુ, હરસુખભાઈ ડી. વાછાણી, કોન્સ્ટેબલ હસમુખભાઈ બાલધા, મહેશ ગણેશપ્રસાદ પ્રસાદ, જયોતીબેન બાબરીયા તથા સુર્યકાંતભાઈ સાથે રહ્યા હતાં.

# દાનાપુર ડિવિઝનમાં નોન-ઈન્ટરલોકિંગના કારણે રાજકોટ ડિવિઝનની બે ટ્રેનો ડાયવર્ટ

રાજકોટઃપૂર્વ મધ્ય રેલવેના દાનાપુર ડિવિઝનમાં નોન-ઈન્ટરલોકિંગ કામગીરીના કારણે રાજકોટ ડિવિઝન સંબંધિત બે ટ્રેનો તેમના નિર્ધારિત માર્ગના બદલે ડાયવર્ટ કરેલા માર્ગ પર ચલાવવામાં આવશે. રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૧૫૬૩૫ - ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ

૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬: ઓખાથી ગુવાહાટી જતી ટ્રેન નંબર ૧૫૬૩૫ વારાણસી જંકશન - છપરા જંકશન - શાહપુર પટોરી - બરૌની જંકશન થઈને ડાયવર્ટ કરેલા માર્ગ પર દોડશે.

૨ ઓક્ટોબર ૨૦૨૬: ટ્રેન નંબર ૧૫૬૩૫ ફરીથી વારાણસી જંકશન - છપરા જંકશન - શાહપુર પટોરી - બરૌની જંકશન થઈને ડાયવર્ટ કરેલા માર્ગ પર દોડશે.

ટ્રેન નંબર ૧૫૬૬૭ - ગાંધીધામ જંકશન-કામાખ્યા એક્સપ્રેસ

૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬: ગાંધીધામ જંકશનથી કામાખ્યા જતી ટ્રેન નંબર ૧૫૬૬૭ દાનાપુર - પાટલિપુત્ર જંકશન - હાજીપુર જંકશન - શાહપુર પટોરી થઈને ડાયવર્ટ કરેલા માર્ગ પર દોડશે.

૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬: ટ્રેન નંબર ૧૫૬૬૭ વારાણસી જંકશન - છપરા જંકશન - શાહપુર પટોરી - બરૌની જંકશન થઈને ડાયવર્ટ કરેલા માર્ગ પર દોડશે.મુસાફરોને વિનંતી છે કે તેઓ મુસાફરી કરતા પહેલા પોતાની ટ્રેનના સંચાલન સંબંધિત અદ્યતન માહિતી ચકાસી લે. વિગતવાર માહિતી માટે નેશનલ ટ્રેન ઈન્ક્વાયરી સિસ્ટમ અથવા રેલવેની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લેવી.

# બંધ કારખાનામાં આગ ભભુકી ઉઠી: ઈ - બાઈક અને એક્ટીવા સળગી ગયું

રાજકોટઃકુવાડવા રોડ લાતી પ્લોટ વિસ્તારમાં બંધ કારખાનામાં આગ લાગતા ઈ-બાઈક અને એક્ટીવા વાહન સળગી ઉઠતા ફાયરની ટીમે દોડી આવીને કાબુમાં લીધી હતી.

સદ્ભાગ્યે કોઈ જાનહાની થવા પામી નહોતી. જાણવા મળતી વિગત મુજબ કુવાડવા રોડ લાતી પ્લોટ શેરી નં. ૧ આર્યા બિલ્ડીગમાં હેમતા વેનચેસ પ્રા.લી. નામના બંધ કારખાનામાં આગ લાગતા આ અંગે નાના મૌવા કંટ્રોલ રૂમને જાણ કરતાં બેડીપરા ફાયર સ્ટેશન સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ આગ બુઝાવી હતી. આગને કારણે તિરંગા કંપનીનું ઈ-બાઈક અને હોન્ડા કંપનીનું એક્ટીવા નં. જીજે-૦૩-કેએ-૯૩૨૭ સળગી જતાં નુકશાન થયેલ હતું.

કારખાનામાં રહેલ કાસ્ટીંગ પાવડર અને અન્ય વસ્તુઓને દુર ખસેડી આગથી બચાવી હતી. બનાવ સ્થળે હાજર કારખાના માલીક હેમંતભાઈ જેન્તીભાઈએ જણાવ્યું હતું કે ઈલેક્ટ્રીક બાઈક ચાજ'ગમાં હોવાથી તેમાં આગ લાગી હોવાનું માનવું છે.

# ખોટા નામે જીએસટી નંબર મેળવી રૂ. ૮૦.૬૫ લાખની ઉચાપતના કૌભાંડમાં મુખ્ય આરોપીના જામીન નામંજૂર

રાજકોટ, ખોટા નામે જીએસટી નંબર મેળવી ખોટી ક્રેડિટ નોટના આધારે રૂ. ૮૦.૬૫ લાખની ઉચાપત કરી કૌભાંડ આચરવાના કેસમાં મુખ્ય આરોપી વિનીતકુમાર સિંઘની રેગ્યુલર જામીન અરજી રાજકોટની એડી. સેશન્સ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે.

ફરિયાદ મુજબ, ફરિયાદી ઈલેશભાઈ ચુનીલાલ ખખ્ખર યુબીક સોલ્યુશન પ્રા.લિ. નામની કંપની ચલાવે છે અને દવાઓ સહિત વિવિધ પ્રોડક્ટનું દેશ-વિદેશમાં વેચાણ કરે છે. કંપનીએ ઉત્તરાખંડમાં માર્કેટિંગ અને વેચાણ માટે વિનીતકુમાર સિંઘને મેનેજર તરીકે નિયુક્ત કર્યો હતો. આરોપીએ સાંઈ આસ્થા રેમીડેશ નામની પેઢીનો નવો જીએસટી નંબર હોવાનું જણાવી કંપની સાથે માલની લેતી-દેતી શરૂ કરાવી હતી.

જાન્યુઆરી ૨૦૨૫માં કંપનીના હિસાબોની તપાસ દરમિયાન એક્મેંડ ફેશવોશ અને ઈથીગ્લો ફેશવોશના વેચાણમાં ગેરરીતિ કરી રૂ. ૨૬.૪૭ લાખની ઉચાપત થયાનું બહાર આવ્યું હતું. બાદમાં કંપની દ્વારા ૧૬૬ પ્રોડક્ટના વ્યવહારોની ક્રોસ વેરિફિકેશન તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો રિપોર્ટ મેળવતા કુલ રૂ. ૮૦,૬૫,૦૫૭ની ઉચાપત થયાનું સામે આવ્યું હતું.

તપાસમાં સાંઈ આસ્થા રેમીડેશ નામની પેઢી દર્શાવેલા સરનામે અસ્તિત્વમાં ન હોવાનું અને આરોપીએ આપેલો નવો જીએસટી નંબર તેની સાળી સુધા સિંઘના નામે મેળવાયેલો હોવાનું પણ ખુલ્યું હતું.

આ અંગે રાજકોટ ડીસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ આર્થિક ગુન્હા નિવારણ શાખાએ આરોપીની ધરપકડ કરી હતી. આરોપીએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરતા આરોપીપક્ષ, સરકારપક્ષ તથા મૂળ ફરિયાદીના વકીલની દલીલો અને લેખિત રજૂઆતોને ધ્યાને લઈ એડી. સેશન્સ જજ શ્રી આઈ.બી. પઠાણે વિનીતકુમાર સિંઘની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરી હતી.

# લિવીંગ સર્ટી. એક સ્કૂલનું-પરિણામ બીજી સંસ્થાના નામે!


## ડમી સ્કૂલ અને બોગસ એડમિશનનો ભોગ બનતો જેતપુરનો વિદ્યાર્થી

રાજકોટઃરાજ્યની ડમી શાળાઓ અને બોગસ એડમીશન સામે સવાલો ઉઠી રહ્યા છે. ત્યારે જેતપુરના વિદ્યાર્થી દેવ પ્રફુલ્લભાઈ યાદવના કિસ્સાએ શિક્ષણ વિભાગની કામગીરી સામે સવાલો ઉભા કર્યા છે તેમ જણાવી આ મામલે કોંગ્રેસના પ્રવકતા અને વિદ્યાર્થી આગેવાન રોહિતસિંહ રાજપૂતએ જલ્લા શિક્ષણાધિકારીને આવેદન પાઠવી પગલા લેવા માંગણી કરી છે.

આ અંગે કોંગ્રેસના અગ્રણી રોહિતસિંહ રાજપુતએ જણાવેલ છે કે જેતપુરના આ વિદ્યાર્થીને વર્ષ ૨૦૨૨-૨૩માં ધોરણ ૧૧-૧૨ માટે જેતપુરની એપ્સિલોન સાયન્સ એકેડેમીમાં વિદ્યાર્થીને પ્રવેશ અપાયો હતો. રૂ.૮૦,૦૦૦ની સ્કોલરશીપ આપવાની લાલચ આપવામાં આવી હોવાનું વાલી એ જણાવ્યું છે આ એકેડેમી માત્ર ક્લાસીસ સ્વરૂપે ચાલતી હતી અને વિદ્યાર્થીનું લિવિંગ સર્ટિફિકેટ શ્રીજી વિનય મંદિર, જેતપુર ખાતે રાખવામાં આવ્યું હતું.

ધોરણ ૧૨નું પરિણામ આવ્યા બાદ સમગ્ર મામલો સામે આવ્યો. વિદ્યાર્થીના પરિણામમાં કમરીબાય હાઈસ્કૂલ, જેતપુરનું નામ દર્શાવવામાં આવ્યું હતું, જ્યારે લિવિંગ સર્ટિફિકેટ અન્ય શાળાનું હતું. આમ, વિદ્યાર્થીના શૈક્ષણિક દસ્તાવેજોમાં અલગ-અલગ સ્કૂલોના નામ સામે આવતા ગંભીર વિસંગતતા સર્જાઈ.

વાલીએ આ સમગ્ર મામલે અગાઉ જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ ફરિયાદ કરી હતી. પરંતુ વાલીના જણાવ્યા મુજબ, સંબંધિત સ્કૂલ અને સમગ્ર વ્યવસ્થાની જવાબદારી નક્કી કરીને કાર્યવાહી કરવાને બદલે




### દસ્તાવેજ સુધારવા બે વર્ષથી વાલી દ્વારા કચેરીના આંટાફેરા છતાં પગલા લેવાતા નથી: કોંગ્રેસ દ્વારા D.E.O.ને રજૂઆત

વિદ્યાર્થીને નિયમિત પરિણામ મળ્યા બાદ જે સ્કૂલનું નામ પરિણામમાં દર્શાવવામાં આવ્યું હતું ત્યાં રીપીટર તરીકે પ્રવેશ લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

અર્થાત, જે વિસંગતતા વિદ્યાર્થીની ભૂલ વિના સર્જાઈ હતી તેના માટે જવાબદાર વ્યવસ્થા સામે કાર્યવાહી કરવાને બદલે વિદ્યાર્થીને જ ફરીથી તે જ વ્યવસ્થાનો ભોગ બનાવવામાં આવી રહ્યો હોવાનો ગંભીર આક્ષેપ પરિવાર દ્વારા કરવામાં આવ્યો છે.

વાલીના જણાવ્યા મુજબ, વિદ્યાર્થીને શ્રીજી વિનય મંદિર, જેતપુરનું વર્ષ ૨૦૨૪-૨૫નું લિવિંગ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. તપાસ કરતાં આ શાળા સરકારી રેકોર્ડ મુજબ વર્ષ ૨૦૧૯માં બંધ થઈ ગઈ હોવાનું સામે આવ્યું હોવાનું વાલી જણાવે છે.

આ મામલો સામે આવ્યા બાદ રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા સંબંધિત શાળાને રૂ.૧.૫૦ લાખનો દંડ કરવામાં આવ્યો હોવાનું પણ પરિવાર જણાવે છે. તેમ છતાં વિદ્યાર્થીના દસ્તાવેજોની વિસંગતતા હજુ સુધી દૂર થઈ નથી. વાલીનો આક્ષેપ છે કે છેલ્લા બે વર્ષથી તેઓ દર મહિને અનેક વખત જેતપુરથી રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે. ફી એપ્સિલોનના સંચાલકના ખાતામાં ભર્યાના પુરાવા પણ પરિવાર પાસે હોવાનું જણાવાયું છે.

તેઓએ જિલ્લા શિક્ષણ વિભાગ પાસે માંગ કરી છે કે આ વિદ્યાર્થીના તમામ શૈક્ષણિક દસ્તાવેજોની તાત્કાલિક ચકાસણી કરી વિસંગતતા દૂર કરવામાં આવે. લિવિંગ સર્ટિફિકેટ અને ધો.૧૨ના પરિણામમાં અલગ-અલગ સ્કૂલના નામ કેવી રીતે આવ્યા તેની તપાસ કરવામાં આવે. ૨૦૧૯માં બંધ થયેલી હોવાનું જણાવાતી શાળાના નામે ૨૦૨૪-૨૫નું લિવિંગ સર્ટિફિકેટ કેવી રીતે આપવામાં આવ્યું તેની તપાસ થાય. વિદ્યાર્થીને રીપીટર તરીકે પ્રવેશ લેવાનો આદેશ કયા નિયમ હેઠળ કરવામાં આવ્યો તેની સ્પષ્ટતા કરવામાં આવે.ડમી સ્કૂલ/બોગસ એડમિશન અંગે જવાબદાર વ્યક્તિઓ સામે નિયમ મુજબ કાર્યવાહી થાય તેવી તેઓએ માંગણી કરી છે.

# નવાગઢમાં જાહેરમાં ચાલતી જુગાર કલબ ઝડપાઈ : ૭૪ વર્ષના વૃધ્ધ સહિત છ બાજીગરો પકડાયા

## રૂરલ એલસીબીનો દરોડો : રોકડ, મોબાઈલ સહિત રૂ.૧.૩૨ લાખનો મુદામાલ જપ્ત

રાજકોટઃ

નવાગઢમાં જાહેરમાં ચાલતી જુગાર કલબ પર રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડી ૭૪ વર્ષના વૃધ્ધ સહિત છ બાજીગરોને પકડી રૂ.૧.૩૨ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.

દરોડાની વિગત મુજબ, રૂરલ એલસીબી પીઆઈ જે. પી.રાવની રાહબરીમાં ટીમ પેટ્રોલીગમાં હતી ત્યારે ટીમને ખાનગીરાહે હકીકત મળેલ કે, જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથક વિસ્તારના નવાગઢ, ગઢની રાંગ વિવેકાનંદ સોસાયટીમાં આશીષભાઈ ધાધલના ઘરની પાછળ, ખુલ્લા પ્લોટ પાસે જાહેરમાં અમુક શખ્સો જુગાર રમી રહ્યાં છે. જે બાતમીના આધારે ટીમે દરોડો પાડી કુલ છ શખ્સોને પકડી રોકડ રૂ.૧.૦૧ લાખ, મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧.૩૨ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.




જુગાર રમતાં પકડાયેલ શખ્સોમાં આશીષ ભીખુ ધાધલ (રહે-નવાગઢ, ગઢની રાંગ, વિવેકાનંદ સોસાયટી, જેતપુર), શૈલેષ અરજણ ટોળીયા (રહે-આંગણવાડી પાસે, દરજી સોસાયટી, નવાગઢ, જેતપુર), જીકા રાઘવ ડાભી (રહે. ડેડરવા ગામ, ચોરા પાછળ,જેતપુર), પ્રવીણ ભીમજી ચાવડા (રહે.ડેડરવા ગામ, બાપા સીતારામ મઢુલી પાસે, જેતપુર), વીજય મનજી મુળીયા (રહે. ડેડરવા ગામ, બાપા સીતારામ મઢુલી પાસે, જેતપુર) અને ગાંડુ ગીરધર સાવલીયા (ઉ.વ.૭૪ રહે. કોટડીયાવાડી, શેરી નં.૦૫, જેતપુર) નો સમાવેશ થાય છે.

જે કામગીરીમાં એલસીબી પીએસઆઈ આર.વી.ભીમાણી, કે.એમ.ચાવડા, એચ.સી.ગોહીલ, પી.એન.ભરવાડ, એએસઆઈ અનીલભાઈ બડકોદીયા, બાલકૃષ્ણભાઈ ત્રીવેદી, ભાવેશભાઈ ચાવડા સહિતનો સ્ટાફ સાથે રહ્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1 / 6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ડિજિટલ જૂઠનો સામનો

આજે એ આઈ ટેક્નોલોજી ના વિકાસ ની સાથોસાથ સમાજમાં સદંતર ખોટા સમાચારો, એકબીજાને ઉતારી પાડતા નિવેદનો અને જે વસ્તુ બની જ નથી તે વસ્તુની વિડીયો દ્વારા પ્રસ્તુતિ સાવ સામાન્ય બને છે આ તમામ વસ્તુ પાયામાંથી ખોટી છે. ઐંહી માં એક વિડીયોનું ચિત્ર તમે જુઓ છો જેમાં લખ્યું છ" બદરી કેદારના મંદિર પણ હુમલો" આ વાંચતા ની સાથે જ હજારો લોકો તરત આ વિડીયો પર ક્લિક કરશે આખા વિડીયોમાં બદરી કેદારની સ્ટોરી આવશે અને હુમલા ની કોઈ વાત આવશે જ નહીં.! સમાજને ગેરમાર્ગે દોરવા માટે નફરત ચલાવવા માટે આ રીતની હરકત કરવામાં આવે છે જેને ડિજિટલ જૂઠ કહી શકાય.બે મિનિટ પછી બીજા ગ્રુપમાં એક ફોટો આવ્યો, જેમાં પૂરમાં આખું શહેર ડૂબતું દેખાય છે, પણ હકીકતમાં તે ફોટો બીજા દેશનો છે. આ જ છે આજના ભારતની સૌથી મોટી અદ્રશ્ય કટોકટી. આપણે ભ્રષ્ટાચાર, મોંઘવારી અને બેરોજગારીની ચર્ચા કરીએ છીએ, પણ જે ઝેર સૌથી ઝડપથી આપણા સમાજના મગજમાં ફેલાઈ રહ્યું છે તે છે ડિજિટલ જૂઠ. ટેક્નોલોજીનો વિકાસ માણસ માટે વરદાન હોવું જોઈએ, પણ આજે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે છૈં એ જૂઠને એટલું સાચું બનાવી દીધું છે કે સાચ અને ખોટા વચ્ચેનો ભેદ પારખવો સામાન્ય માણસ માટે લગભગ અશક્ય બની ગયો છે. ગયા મહિને જ ચૂંટણી પ્રચાર દરમિયાન અનેક ડીપફેક વીડિયો વાયરલ થયા. ક્યાંક ઉમેદવારના અવાજમાં ખોટું નિવેદન, ક્યાંક ધાર્મિક ભાવનાઓ ભડકાવતો નકલી ફોટો. આ ટેક્નોલોજી હવે કોઈ મોટી લેબમાં નથી, તે દરેકના ખિસ્સામાં રહેલા મોબાઈલમાં આવી ગઈ છે. માત્ર એક ફોટો અને ૩૦ સેકન્ડનો અવાજ હોય તો કોઈ પણ વ્યક્તિનો નકલી વીડિયો બનાવી શકાય છે.સરકારે ડિજિટલ કન્ટેન્ટ પર નિયંત્રણ રાખવા માટે છેલ્લા થોડા વર્ષોમાં કેટલાક મહત્વના પગલાં લીધા છે. આ પગલાંનો મુખ્ય હેતુ સોશિયલ મીડિયા પર ફેલાતા જૂઠ, નફરત અને અશ્લીલ કન્ટેન્ટને રોકવાનો અને સામાન્ય નાગરિકને સુરક્ષિત રાખવાનો છે.સૌથી પહેલું અને મોટું પગલું છે આઈટી નિયમો બે હજાર એકવીસ. આ નિયમ હેઠળ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને ટ્વિટર જેવી મોટી કંપનીઓને ઈન્ટરમીડિયરી એટલે કે વચેટિયા તરીકે ગણવામાં આવે છે. આ કંપનીઓએ ભારતમાં પોતાના ફરિયાદ અધિકારી, નોડલ અધિકારી અને કાયદાકીય સંપર્ક અધિકારીની નિમણૂક કરવી ફરજિયાત છે. જો કોઈ વ્યક્તિને કોઈ પોસ્ટથી વાંધો હોય તો તે સીધી ફરિયાદ કરી શકે છે અને કંપનીએ ચોવીસ કલાકમાં તે સ્વીકારીને પંદર દિવસમાં નિકાલ કરવાનો હોય છે. ખાસ કરીને મહિલાઓના ફોટા સાથે છેડછાડ કે અશ્લીલ કન્ટેન્ટ હોય તો તેને ચોવીસ કલાકમાં હટાવવાનો નિયમ છે.બીજું મહત્વનું પગલું છે ખોટા સમાચારોને રોકવા માટેનું. સરકારે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો હેઠળ ફેક્ટ ચેક યુનિટ બનાવ્યું છે. આ યુનિટ કેન્દ્ર સરકારને લગતા ખોટા સમાચારોની તપાસ કરે છે. જો કોઈ સમાચાર સરકારના કામકાજ વિશે ખોટો કે ગેરમાર્ગે દોરનારો સાબિત થાય તો સોશિયલ મીડિયા કંપનીઓને તેને હટાવવા માટે કહેવામાં આવે છે. જોકે આ નિયમ પર સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં ચર્ચા ચાલી રહી છે જેથી અભિવ્યક્તિની સ્વતંત્રતા જળવાઈ રહે.ત્રીજું પગલું ઓટીટી પ્લેટફોર્મ અને ઓનલાઈન સમાચાર માટે છે.

## ધરતી સાથે ચાલતું જીવન



**ક્લિક કોર્નર**

- ચિરાગસિંહ પરમાર

વરસાદની પહેલી છાંટ સાથે જ ધરતીનો રંગ બદલાઈ જાય છે. સૂકાયેલી ધરતી લીલીછમ ચાદર ઓઢી લે છે અને ગામડાના રસ્તાઓ જાણે ફરી એકવાર જીવનથી ધબકવા લાગે છે. આકાશમાં ઘેરાતાં વરસાદી વાદળો, ચોમેર પથરાયેલી લીલીછમ વનરાજી અને પવન સાથે ફરતી પવનચક્કીઓ વચ્ચે આ રસ્તે ચાલતો પશુપાલક અને તેની પાછળ ચાલતું ઘેટાંનું ટોળું જાણે સદીઓથી વહેતી આવતી ગ્રામ્ય જીવનની કોઈ જીવંત પરંપરાનું ચિત્ર બની જાય છે. તેના માટે આ રસ્તો માત્ર રસ્તો નથી; આ જ તેની રોજીરોટી છે, આ જ તેની દુનિયા છે અને આ જ તેની સાથે ચાલતી જીવનયાત્રાની કેડી છે. શહેરની દોડધામથી દૂર, અહીં જીવન કદાચ ધીમું છે... પણ કુદરતની લય સાથે તેનું દરેક પગલું તાલ મિલાવીને ચાલે છે. આ તસવીર આપણને યાદ અપાવે છે કે વિકાસની પવનચક્કીઓ ભલે આકાશમાં ફરતી રહે, પરંતુ ધરતી સાથે જોડાયેલું આ સાદું જીવન આજે પણ આપણી સંસ્કૃતિનું મૂળ છે.

## સર્વના હિતમાં જ સ્વનું સ્મિત સમાયેલું છે

**વિશેષ**

પાર્વતીને સમજાઈ ગયું કે શિવ ઘરમાં રહે તો સૃષ્ટિમાં ઉથલપાથલ થઈ જાય. આખી સૃષ્ટિ શિવનો પરિવાર છે. એટલે એમણે બધાનો ખ્યાલ રાખવો પડે

ક્યા રેક જગતના માતા પણ મુંજવણમાં મુકાઈ જતા હોય છે. ક્યારેક આંખ આગળ ધુમ્મસ છવાઈ જાય ત્યારે આગળનું દેખાતું બંધ થઈ જાય છે. એ માટે તડકો નીકળે એની રાહ જોવાની હોય છે. પાર્વતીમાતા સાથે પણ એકવાર એવું બનેલું.

એકવાર નારદ એમની ટેવ મુજબ અચાનક આવી ચડયા. પાર્વતી ઉદાસ બેઠા હતા. એમને પ્રસન્ન કરવા દેવલોકની હલકીફૂલકી વાતો કહેવા લાગ્યા. નારદજી એ રીતે જગતના પ્રથમ પત્રકાર હતા. પાર્વતી તો ય ઉદાસ જ રહ્યા. એથી ઉદાસીનું કારણ પૂછ્યું તો પાર્વતીએ કહ્યું કે 'શિવ જગતનું ધ્યાન રાખવામાં પરિવારમાં સમય આપતા જ નથી. મારી ફરિયાદને દૂર કરવા એક કાર્તિકેયને જન્મ આપ્યો. મારો સમય એમાં વીતવા લાગ્યો પણ થોડાં સમયમાં કાર્તિકેય મોટો થયો એટલે શિવે એને પણ જગતકલ્યાણના કાર્યોમાં રોકી લીધો. ફરી શિવને મેં ફરિયાદ કરી તો એક અશોકસુંદરી નામે દીકરીનો જન્મ થયો. ફરી મારો ખાલીપો સભર થયો. સાચું કહું તો દીકરી સાથે મારો સમય પસાર થયો તે સર્વશ્રેષ્ઠ હતો. પણ એ મોટી થતા તપ કરવા જતી રહી. હું ફરી એ જ સ્થિતિ પર આવીને ઊભી રહી. જો કે આ વખતે સ્થિતિ વધુ કફોડી હતી કેમ કે એકવાર સુખ માણ્યા પછી દુઃખ આવે સહન કરવું થોડું મુશ્કેલ હોય છે. કેમ કે આપણે હંમેશા બે પરિસ્થિતિને સાથે મુકીને જોવા ટેવાયેલા છીએ.'

નારદજીએ કહ્યું કે, 'આવી સમસ્યા ઈન્દ્રની પત્ની શચિદેવીને પણ થઈ હતી. એમણે એક નાટક કર્યું હતું. એમણે મને ઈન્દ્ર દાનમાં આપી દીધા. થોડા સમયમાં જ મેં ઈન્દ્રને પાછા આપી દીધા. ત્યારથી ઈન્દ્રને બીક લાગી ગઈ કે હું ઘરમાં બહુ નહીં રહું તો ફરી ઈન્દ્રાણી મને દાનમાં આપી દેશે. ત્યાર પછી ઈન્દ્ર પરિવારને સમય આપવા લાગ્યા.'

પાર્વતીને પણ આવું કરવાની ઈચ્છા થઈ. નકલમાં અકલ ન હોય. એમ એમણે પણ શિવજીને દાનમાં આપવા બધા દેવોને કહેવા લાગ્યા. પણ શિવને દાનમાં સ્વીકારે કોણ ? બધાની ના આવવા લાગી. છેવટે બ્રહ્માના ચાર પુત્રોએ પાર્વતીની વાતને સ્વીકારી. સનક, સનાતન, સનંદન અને સનતકુમારે શિવને દાન સ્વરૂપે સ્વીકાર્યા. પાર્વતીને એમ કે થોડાં સમયમાં શિવને પરત કરી જશે. પણ એ આવ્યા નહીં. નારદજીએ ચારેયને શિવને પરત કરવાની વાત કહી તો એમણે ચોખ્ખી ના પાડી.

બીજી બાજુ શિવની ગેરહાજરીમાં સૃષ્ટિનું તંત્ર ખોરંભાઈ ગયું. દેવલોકમાં હોહા થઈ ગઈ. પછી તો દરેક દેવ ચારેય પુત્રોને વિનંતી કરવા લાગ્યા. પણ ચારેય પુત્રો માન્યા નહીં. અંતે પાર્વતી બ્રહ્મા પાસે ગયા અને વિનંતી કરી ત્યારે શિવજીને પરત કર્યા.

પાર્વતીજીએ શિવની ક્ષમા માંગી ત્યારે શિવે કહ્યું કે, 'તમારે માફી માગવાની કંઈ જરૂર નથી. આ આખી માયાજાળ મેં જ રચેલી. બ્રહ્માના ચારેય પુત્રોને પણ પરત ન કરવા મેં જ કહેલું. અને તમારા મનમાં આ વિચાર પ્રગટાવનાર પણ હું જ હતો.'

# શ્રાવણ મહિનામાં સુખી થવાનો સર્વોત્તમ ઉપાય

**સુખમાંથી આનંદ અને આનંદમાંથી ઊર્જા ઉત્પન્ન થાય છે, જે ઊર્જા બીજા જીવનને સુખ આપનાર બને છે. આપણે સામાન્ય રીતે સુખને પૈસા, સંપત્તિ, સગવડ, સફળતા કે ભૌતિક વસ્તુઓ સાથે જોડીએ છીએ. પરંતુ ખરું સુખ માત્ર બહારથી મળતું નથી. સુખની શરૂઆત મનમાંથી થાય છે. મન શાંત હોય, વિચારો સારા હોય, સંબંધોમાં પ્રેમ હોય અને જીવન પ્રત્યે સંતોષ હોય ત્યારે નાની નાની બાબતોમાં પણ આનંદ અનુભવાય છે**

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

શ્રાવણ મહિનો એટલે માત્ર ભગવાન શિવની ઉપાસના કરવાનો સમય નથી, પરંતુ પોતાના મનને સમજવાનો, જીવનમાં સકારાત્મકતા લાવવાનો અને બીજાના જીવનમાં સુખ વહેંચવાનો પણ પવિત્ર અવસર છે. ભારતીય સંસ્કૃતિમાં શ્રાવણને ભક્તિ, સંયમ, સેવા, પ્રકૃતિ અને આત્મચિંતન સાથે જોડવામાં આવ્યો છે. મંદિરોમાં ઘંટારવ સંભળાય છે, શિવલિંગ પર જળાભિષેક થાય છે, ઉપવાસ અને પૂજા થાય છે તથા લોકો ધાર્મિક પ્રવૃત્તિઓમાં જોડાય છે. પરંતુ આ બધી ધાર્મિક ક્રિયાઓનો અંતિમ હેતુ શું છે? મનુષ્યના મનમાં શાંતિ આવે, જીવનમાં આનંદ વધે અને પોતાના કારણે બીજાના જીવનમાં પણ સુખનો પ્રકાશ ફેલાય—આ જ શ્રાવણની સાચી ભાવના છે.

એક સુંદર વિચાર છે કે સુખમાંથી આનંદ અને આનંદમાંથી ઊર્જા ઉત્પન્ન થાય છે, જે ઊર્જા બીજા જીવનને સુખ આપનાર બને છે. આ વિચારને શ્રાવણના સંદર્ભમાં સમજીએ તો તેની ઊંડાઈ સમજાય છે. આપણે સામાન્ય રીતે સુખને પૈસા, સંપત્તિ, સગવડ, સફળતા કે ભૌતિક વસ્તુઓ સાથે જોડીએ છીએ. પરંતુ ખરું સુખ માત્ર બહારથી મળતું નથી. સુખની શરૂઆત મનમાંથી થાય છે. મન શાંત હોય, વિચારો સારા હોય, સંબંધોમાં પ્રેમ હોય અને જીવન પ્રત્યે સંતોષ હોય ત્યારે નાની નાની બાબતોમાં પણ આનંદ અનુભવાય છે.

આજના સમયમાં માણસ પાસે પહેલાં કરતાં અનેકગણી સગવડો છે, છતાં માનસિક તણાવ, અસંતોષ, એકલતા, ચિંતા અને અશાંતિ વધી રહી છે. તેનું એક મોટું કારણ એ છે કે આપણે સુખને બહાર શોધીએ છીએ. વધુ પૈસા મળશે તો સુખી થઈશું, મોટું ઘર મળશે તો સુખી થઈશું, વધુ પ્રતિષ્ઠા મળશે તો સુખી થઈશું, લોકો મારી પ્રશંસા કરશે તો સુખી થઈશું—આવી માન્યતાઓ માણસને સતત દોડાવતી રહે છે. એક ઈચ્છા પૂરી થાય છે તો બીજી ઊભી થાય છે અને મન ક્યારેય સંપૂર્ણ સંતોષ અનુભવતું નથી.

શ્રાવણ આપણને આ દોડમાંથી થોડા સમય માટે બહાર આવવાનું આમંત્રણ આપે છે. ભગવાન શિવનું સ્વરૂપ જ આપણને સરળતા, શાંતિ અને આંતરિક શક્તિનો સંદેશ આપે છે. શિવને પ્રસન્ન કરવા માટે વૈભવની જરૂર નથી. જળ, બિલ્વપત્ર, ભક્તિ અને શુદ્ધ ભાવ પૂરતા માનવામાં આવે છે. આ પરંપરા આપણને એક મહત્વપૂર્ણ જીવનપાઠ આપે છે—સુખ મેળવવા માટે જીવનમાં હંમેશા વધુ વસ્તુઓ ઉમેરવાની જરૂર નથી; ઘણી વખત અનાવશ્યક વસ્તુઓ, ઈચ્છાઓ અને નકારાત્મક વિચારો ઘટાડવાથી પણ સુખ મળે છે.

શ્રાવણમાં ભગવાન શિવને જળ ચઢાવવાની પરંપરા છે. જળ જીવનનું પ્રતીક છે. આપણે શિવલિંગ પર જળ ચઢાવીએ ત્યારે તેની સાથે પોતાના મનની ગરમી, ક્રોધ, અહંકાર અને અસંતોષને પણ ઠંડા કરવાની ભાવના રાખવી જોઈએ. જો મંદિર જઈને જળાભિષેક કર્યા પછી ઘરમાં આવીને પરિવારના સભ્ય સાથે ક્રોધથી વાત કરીએ તો પૂજાની ભાવના અધૂરી રહી જાય છે. સાચી ઉપાસના ત્યારે છે જ્યારે પૂજાના કારણે આપણા વર્તનમાં પરિવર્તન આવે.

આજના સમાજમાં સૌથી મોટી જરૂરિયાત પૈસાની નથી, પરંતુ સારા વ્યવહારની છે. કોઈ વ્યક્તિને એક મીઠું વાક્ય બોલવાથી તેના દિવસનું દુઃખ ઓછું થઈ શકે છે. કોઈ વૃદ્ધને થોડો સમય આપવાથી તેની એકલતા દૂર થઈ શકે છે. કોઈ જરૂરિયાતમંદને ભોજન કરાવવાથી તેને માત્ર પેટનું સુખ નહીં, પરંતુ માનવતા પરનો વિશ્વાસ પણ મળે છે. બીમાર વ્યક્તિની ખબર પૂછવી, દુઃખી માણસને સાંભળવો, પરિવારના વડીલો સાથે પ્રેમથી વાત કરવી, બાળકોને સમય આપવો—આ બધું પણ શ્રાવણની ઉપાસનાનું જ એક સ્વરૂપ બની શકે છે.

સુખની એક વિશેષતા છે કે તેને વહેંચવાથી તે ઘટતું નથી, વધે છે. પૈસા વહેંચીએ તો ખિસ્સામાંથી ઓછા થાય છે, પરંતુ આનંદ વહેંચીએ તો પોતાનો આનંદ પણ વધે છે. સ્મિત આપવાથી પોતાનું સ્મિત ઓછું થતું નથી. કોઈને પ્રોત્સાહન આપવાથી પોતાની શક્તિ ઘટતી નથી. કોઈને સફળતા માટે શુભેચ્છા આપવાથી આપણી સફળતા અટકતી નથી. તેથી બીજાના જીવનમાં સુખનું કારણ બનવું એ પોતાના જીવનને સુખી બનાવવાનો સૌથી સરળ માર્ગ છે.

શ્રાવણમાં ઉપવાસ કરવાની પરંપરા પણ છે. ઉપવાસને માત્ર ખોરાકથી દૂર રહેવા તરીકે જોવાને બદલે તેને આત્મસંયમ તરીકે સમજવાની જરૂર છે. માણસ થોડા સમય માટે પોતાની જીભને નિયંત્રિત કરી શકે તો ધીમે ધીમે પોતાના ક્રોધ અને વાણી પર પણ નિયંત્રણ મેળવી શકે. આખો દિવસ બીજાની ટીકા કરવી, નકારાત્મક વાતો કરવી, સોશિયલ મીડિયામાં સતત નકારાત્મક સમાચાર જોતા રહેવું અને પછી મનની શાંતિની અપેક્ષા રાખવી યોગ્ય નથી. શ્રાવણ આપણને કહે છે કે શરીરની સાથે મનનો પણ ઉપવાસ જરૂરી છે—નકારાત્મક વિચારોનો ઉપવાસ, દ્વેષનો ઉપવાસ અને અહંકારનો ઉપવાસ.

આજના યુવાનો માટે પણ શ્રાવણનો સંદેશ ખૂબ મહત્વનો છે. જીવનમાં સફળતા મેળવવાની દોડ જરૂરી છે, પરંતુ સફળતા સાથે આંતરિક શાંતિ જાળવવી પણ એટલી જ જરૂરી છે. સતત મોબાઈલ, સોશિયલ મીડિયા, સરખામણી અને અન્ય લોકોના જીવનને જોઈને પોતાનું જીવન નાનું માનવાથી મનમાં અસંતોષ ઊભો થાય છે. દરેક વ્યક્તિની જીવનયાત્રા અલગ છે. બીજાની સફળતાને પોતાની નિષ્ફળતા સમજવાને બદલે તેમાંથી પ્રેરણા લેવી જોઈએ.પરિવાર સુખનું સૌથી મોટું કેન્દ્ર છે. પરંતુ ઘણી વખત આપણે બહારના લોકો સાથે મીઠી ભાષામાં વાત કરીએ છીએ અને પોતાના પરિવારના લોકો સાથે કઠોર બની જઈએ છીએ. શ્રાવણમાં આ સંબંધોને ફરીથી મજબૂત કરવાનો સંકલ્પ કરી શકાય. ઘરમાં રોજ થોડો સમય પરિવાર સાથે બેસવું, ભોજન સાથે કરવું, વડીલોની વાત સાંભળવી અને બાળકો સાથે પ્રેમથી વાત કરવી—આવી નાની બાબતો ઘરમાં મોટો આનંદ લાવી શકે છે.

સાચું સુખ સ્વીકારમાંથી પણ જન્મે છે. જીવનમાં દરેક વસ્તુ આપણી ઈચ્છા મુજબ નહીં બને. કેટલીક મુશ્કેલીઓ આવશે, કેટલાક સંબંધોમાં મતભેદ થશે, ક્યારેક આર્થિક સંકટ આવશે, ક્યારેક સ્વાસ્થ્ય કે વ્યવસાયની ચિંતા રહેશે. પરંતુ દરેક પરિસ્થિતિને બદલી શકાતી નથી; ઘણી વખત પરિસ્થિતિ પ્રત્યેનો આપણો અભિગમ બદલી શકાય છે. મુશ્કેલીમાં પણ ધીરજ રાખવી, જે છે તેના માટે કૃતજ્ઞ રહેવું અને આગળ વધવાનો પ્રયાસ કરવો—આ આંતરિક સુખનો માર્ગ છે.

શ્રાવણનો બીજો મહત્વનો સંદેશ પ્રકૃતિ સાથે જોડાયેલો છે. વરસાદી ઋતુમાં ધરતી હરિયાળી બને છે. વૃક્ષો, છોડ, નદીઓ અને તળાવો જીવનથી ભરાઈ જાય છે. આ સમય આપણને યાદ અપાવે છે કે મનુષ્યનું જીવન પ્રકૃતિથી અલગ નથી. વૃક્ષારોપણ કરવું, પાણી બચાવવું, પર્યાવરણ સ્વચ્છ રાખવું અને પ્રાણીઓ-પક્ષીઓ માટે સંવેદના રાખવી એ પણ એક પ્રકારની સેવા છે. માત્ર મંદિરમાં ભગવાનને જળ અર્પણ કરવું નહીં, પરંતુ પાણીનું એક ટીપું પણ બગાડવું નહીં—આ શ્રાવણની સાચી ભાવનાને વધુ ઊંડી બનાવે છે.

મનુષ્યને સુખી બનાવતી સૌથી મોટી શક્તિ કૃતજ્ઞતા છે. જે નથી તેના વિશે ફરિયાદ કરતા રહેવાને બદલે જે છે તેના માટે આભાર માનવાની ટેવ પાડવી જોઈએ. સવારમાં ઊઠીને જીવન મળ્યું તેનો આભાર, પરિવાર મળ્યો તેનો આભાર, શરીર કાર્ય કરી રહ્યું છે તેનો આભાર, કામ કરવાની તક મળી તેનો આભાર અને કોઈની મદદ કરવાનો અવસર મળ્યો તેનો પણ આભાર. કૃતજ્ઞ મનમાં ફરિયાદ માટે જગ્યા ઓછી રહે છે.

આ સંદર્ભમાં શ્રાવણ મહિનો એક સરળ દૈનિક સાધના શરૂ કરવાનો ઉત્તમ સમય બની શકે છે. સવારે થોડા મિનિટ શાંતિથી બેસવું, પ્રાર્થના કરવી, પોતાના વિચારોને નિહાળવા, દિવસ દરમિયાન ઓછામાં ઓછું એક સારા કાર્ય કરવાનો સંકલ્પ કરવો અને રાત્રે વિચારવું કે આજે મારા કારણે કોને આનંદ મળ્યો—આવી સરળ પ્રક્રિયા જીવનમાં મોટો ફેરફાર લાવી શકે છે.

આપણે ઘણીવાર ભગવાન પાસે સુખ માગીએ છીએ. પરંતુ કદાચ જીવનનો વધુ સુંદર પ્રશ્ન એ છે કે હું આજે કોના સુખનું કારણ બની શકું? આ પ્રશ્ન જીવનની દિશા બદલી શકે છે. કોઈ ભૂખ્યા માણસને ભોજન આપવું, કોઈ નિરાશ વ્યક્તિને આશાવાદ આપવો, કોઈ વૃદ્ધને સહારો આપવો, કોઈ બાળકને શિક્ષણમાં મદદ કરવી કે કોઈ દુઃખી વ્યક્તિને માત્ર થોડો સમય સાંભળવો—આવા કાર્યોમાં જીવનનો સાચો આનંદ છુપાયેલો છે.

સુખ એક એવી ઊર્જા છે જે એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી પહોંચે છે. ઘરમાં એક વ્યક્તિ પ્રસન્ન હોય તો તેની અસર આખા પરિવાર પર પડે છે. પરિવાર સુખી હોય તો સમાજમાં સકારાત્મકતા વધે છે. સમાજમાં સકારાત્મકતા વધે તો રાષ્ટ્રની શક્તિ વધે છે. એટલે વ્યક્તિનું આંતરિક સુખ માત્ર વ્યક્તિગત બાબત નથી; તે સામાજિક સંપત્તિ પણ છે.

શ્રાવણ આપણને શિવની આરાધના સાથે આ આંતરિક યાત્રા શરૂ કરવાની તક આપે છે. ભગવાન શિવને જળ ચઢાવીએ ત્યારે મનમાં એક સંકલ્પ પણ કરીએ—મારા વિચારો શુદ્ધ રહે, મારી વાણીથી કોઈ દુઃખી ન થાય, મારા વર્તનથી પરિવારને સુખ મળે, મારા કાર્યથી સમાજને લાભ થાય અને મારી હાજરી કોઈના જીવનમાં ભાર નહીં પરંતુ આધાર બને.

અંતે કહી શકાય કે શ્રાવણ મહિનામાં સુખી થવાનો સર્વોત્તમ ઉપાય બહારની દુનિયા પાસેથી વધુ સુખ માગવાનો નહીં, પરંતુ પોતાના અંદર આનંદ જગાવીને તે આનંદ બીજાઓ સુધી પહોંચાડવાનો છે. સુખમાંથી આનંદ જન્મે છે, આનંદમાંથી સકારાત્મક ઊર્જા જન્મે છે અને આ ઊર્જા જ્યારે સેવા, પ્રેમ, દયા અને સારા વર્તનના રૂપમાં બીજાના જીવન સુધી પહોંચે છે ત્યારે જીવન સાચા અર્થમાં સમૃદ્ધ બને છે.

આ શ્રાવણમાં માત્ર શિવલિંગ પર જળ ચઢાવવાનો સંકલ્પ ન કરીએ; કોઈના દુઃખ પર પ્રેમનું જળ છાંટવાનો પણ સંકલ્પ કરીએ. માત્ર મંદિરમાં દીવો ન પ્રગટાવીએ; કોઈના અંધકારમય જીવનમાં આશાનો દીવો પ્રગટાવીએ. માત્ર પોતાના સુખ માટે પ્રાર્થના ન કરીએ; બીજાના સુખનું કારણ બનવાની શક્તિ માગીએ. કદાચ આ જ શ્રાવણની સૌથી સુંદર ભક્તિ છે અને આ જ જીવનમાં સાચું, ટકાઉ અને વહેંચી શકાય તેવું સુખ મેળવવાનો સર્વોત્તમ માર્ગ છે.

# જેમીમા રોડ્રિગ્સ આગામી આઈસીસી મહિલા ચેમ્પિયન્સ ટ્રોફી માટે ખૂબ જ ઉત્સાહિત

નવીદિલ્હી,

ભારતીય મહિલા ટીમની સ્ટાર બેટ્સમેન જેમીમા રોડ્રિગ્સ આગામી આઈસીસી મહિલા ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૭ માટે ખૂબ જ ઉત્સાહિત છે. પ્રથમ વખત યોજાઈ રહેલી આ ટુર્નામેન્ટ અંગે જેમીમાએ કહ્યું કે તેમની માનસિકતામાં કોઈ ફેરફાર થશે નહીં અને હંમેશની જેમ, તેમની પ્રાથમિકતા ટીમને વિજય તરફ દોરી જવાની રહેશે.

મહિલા ક્રિકેટ માટેની પ્રથમ આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૧૪ થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ દરમિયાન શ્રીલંકામાં રમાશે. જેમીમાએ કહ્યું કે ટીમે એક વખત સફળતાનો સ્વાદ ચાખ્યો છે અને હવે ખેલાડીઓ ટોચ પર રહેવા માંગે છે. તેણીએ કહ્યું, ‘‘અમે એક વાર સફળતાનો સ્વાદ ચાખી ચૂક્યા છીએ અને ટોચ પર રહેવાનો અનુભવ કેવો હોય છે તે જાણીએ છીએ. જેટલું તમે તેનો સ્વાદ ચાખશો, તેટલું જ તમે ત્યાં રહેવા માંગો છો. અમારી ટીમ તે તરફ કામ કરી રહી છે, અને ચેમ્પિયન્સ ટ્રોફી ખૂબ જ ખાસ બનવાની છે.’’

જેમિમાહે પણ પ્રથમ મહિલા ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવાને તેના માટે ખાસ ગણાવ્યું. તેણીએ કહ્યું, ‘‘મહિલા ક્રિકેટમાં આ પહેલી વાર થઈ રહ્યું છે, અને હું પહેલી વાર તેનો ભાગ બનીશ. તે ખૂબ જ ખાસ હશે, અને હું તેની આતુરતાથી રાહ જોઈ રહી છું. માનસિકતાની વાત કરીએ તો, કંઈ બદલાતું નથી.’’ આખરે, તે ટીમ વિશે છે અને ટીમને કેવી રીતે જીત અપાવવી તે હંમેશા અમારું ધ્યાન છે.’



ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા, ભારતીય ટીમ ડિસેમ્બર ૨૦૨૬ માં દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ કરશે, જ્યાં બંને ટીમો વચ્ચે બહુ-ફોર્મેટ દ્વિપક્ષીય શ્રેણી રમાશે. જેમિમાહએ આ શ્રેણીને ખૂબ જ સ્પર્ધાત્મક ગણાવી. તેણીએ કહ્યું, ‘‘આ ચોક્કસપણે ખૂબ જ રોમાંચક શ્રેણી બનવાની છે. બંને ટીમો ખૂબ જ સારું પ્રદર્શન કરી રહી છે. તાજેતરમાં અમારી વચ્ચે ઘણી હરીફાઈ થઈ છે અને અમે દક્ષિણ આફ્રિકા સામે ઘણી મેચ રમી છે. વિશ્વની બે ટોચની ટીમો માટે દક્ષિણ આફ્રિકામાં એકબીજાનો સામનો કરવો એક મોટો પડકાર હશે, અને અમે તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ.’’

જેમિમાનું ધ હંડ્રેડ ૨૦૨૬ અભિયાન હેમસ્ટ્રિંગ ઈજાને કારણે અકાળે સમાપ્ત થયું. જોકે, તેણીએ સધર્ન બ્રેવને પ્લેઓફમાં પહોંચવામાં મદદ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી અને બે મેચમાં પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ પણ જીત્યા હતા.

મહિલા એશિયા કપ માટે ફિટનેસ પાછી મેળવવા માટે દોડી રહેલી જેમીમાએ ધ હંડ્રેડનો પોતાનો અનુભવ પણ શેર કર્યો. તેણીએ સમજાવ્યું કે આ વર્ષે વિવિધ પિચો અને પરિસ્થિતિઓમાં અનુકૂલન સાધવું એ સૌથી મોટો પડકાર હતો. તેણીએ કહ્યું, ‘‘આ વર્ષ ખરેખર પડકારજનક રહ્યું છે.

# મિશેલ માર્શ ધ હંડ્રેડમાં ૪૦૦ રન બનાવનાર પ્રથમ વિદેશી ખેલાડી બન્યો

મુંબઈ,

ઓસ્ટ્રેલિયાના ટી૨૦ કેપ્ટન મિશેલ માર્શનું બેટ આ દિવસોમાં જોરથી બોલી રહ્યું છે. તેણે ધ હંડ્રેડ ૨૦૨૬ માં વધુ એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. સનરાઈઝર્સ લીડ્સ માટે રમતા માર્શે ૧૧ ઓગસ્ટના રોજ માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સ સામે ૨૩ બોલમાં ૩૨ રન ફટકાર્યા, ટુર્નામેન્ટમાં ૪૦૦ રનનો આંકડો પાર કર્યો. આ સાથે, તે ધ હંડ્રેડના ઈતિહાસમાં એક જ સિઝનમાં ૪૦૦ કે તેથી વધુ રન બનાવનાર બીજો બેટ્સમેન બન્યો.

માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે રમાયેલી આ મેચમાં, માર્શે તેની ટૂંકી પરંતુ વિસ્ફોટક ઈનિંગ દરમિયાન પાંચ ચોગ્ગા અને એક છગ્ગા ફટકાર્યા. તેની ઈનિંગે ધ હંડ્રેડ ૨૦૨૬



માં તેના કુલ રન ૪૦૬ સુધી પહોંચાડ્યા. નોંધનીય છે કે, માર્શ આ સિદ્ધિ મેળવનાર પ્રથમ વિદેશી ખેલાડી છે, જેણે ફક્ત ઈંગ્લેન્ડના જેમ્સ વિન્સને પાછળ છોડી દીધો છે. વિન્સે ૨૦૨૪ માં સધર્ન બ્રેવ માટે ૧૦ મેચમાં ૪૨૪ રન બનાવ્યા હતા. હવે, ૪૦૬ રન સાથે, માર્શ આ પ્રતિષ્ઠિત યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયો છે.

ધ હંડ્રેડની એક જ સિઝનમાં સૌથી વધુ રન

જેમ્સ વિન્સ - ૪૨૪ રન (૨૦૨૪)

મિશેલ માર્શ - ૪૦૬ રન (૨૦૨૬)

જોસ બટલર - ૩૯૧ રન (૨૦૨૩)

ડેવિડ મલાન - ૩૭૭ રન (૨૦૨૨)

જોર્ડન કોક્સ - ૩૬૭ રન (૨૦૨૫)

ફિલસોલ્ટ - ૩૫૩ રન (૨૦૨૨)

માર્શે માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સ સામેની પોતાની ઈનિંગમાં નૂર અહેમદના બોલ પર છગ્ગો પણ ફટકાર્યો.

# કેરેબિયન પ્રીમિયર લીગમાં આન્દ્રે રસેલ છવાયો
# ૩૮ બોલમાં નવ છગ્ગા સાથે ૬૮ રન ફટકાર્યા

જમૈકા,

વેસ્ટ ઈન્ડિઝના સૌથી પ્રબળ બેટ્સમેનોમાંના એક, આન્દ્રે રસેલે ફરી એકવાર શાનદાર ઈનિંગ રમી છે. જ્યારે તેની ટીમ કેરેબિયન પ્રીમિયર લીગમાં ૨૦૬ રનનો પીછો કરી રહી હતી, ત્યારે ફક્ત આઠ રનમાં ત્રણ વિકેટ પડી ગઈ. ત્યારબાદ આન્દ્રે રસેલની વિસ્ફોટક ઈનિંગ રમાઈ, પરંતુ તે આખરે તેની ટીમને વિજય તરફ દોરી શક્યો નહીં. રસેલનું પરિચિત ફોર્મ ઘણા સમય પછી જોવા મળ્યું છે.

કેરેબિયન પ્રીમિયર લીગ શરૂ થઈ ગઈ છે. આ દરમિયાન, જમૈકા કિંગ્સમેન અને બાર્બાડોસ ટ્રાઈડેન્ટ્સ સામસામે આવી ગયા. પ્રથમ બેટિંગ કરતા, બાર્બાડોસ ટ્રાઈડેન્ટ્સે નિર્ધારિત ૨૦ ઓવરમાં



ત્રણ વિકેટ ગુમાવીને ૨૦૬ રન બનાવ્યા. ઓપનર બ્રાન્ડન કિંગે ૫૧ બોલમાં ૭૩ રનની શાનદાર ઈનિંગ રમી. ક્વિન્ટન ડી કોકે માત્ર ૨૫ બોલમાં ૪૨ રન બનાવ્યા. અંતિમ ઓવરમાં આવતા, શેફેન રધરફોર્ડે માત્ર ૨૮ બોલમાં અણનમ ૫૦ રન બનાવ્યા.આ પછી, જ્યારે જમૈકા કિંગ્સમેન લક્ષ્યનો પીછો કરવા ઉતર્યો, ત્યારે ટીમની શરૂઆત નબળી રહી. ઓપનર રીઝા હેન્ડ્રિક્સ ફક્ત બે રન જ બનાવી શક્યા. ઓપનર શાયાન જહાંગીર શૂન્ય રન પર આઉટ થયા. કિર્ક મેકેન્ઝી પણ પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ રહ્યા. ટીમે માત્ર આઠ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી. ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ. આ દરમિયાન, રોવમેન પોવેલે ૨૪ બોલમાં ૩૮ રન બનાવી ઈનિંગને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ ખરો નાટક ત્યારે શરૂ થયું જ્યારે રસેલ મેદાન પર આવ્યો.આન્દ્રે રસેલ સાતમા નંબરે બેટિંગ કરવા આવ્યો. તેણે ૩૮ બોલમાં ૬૮ રન ફટકાર્યા, તેની ઈનિંગ દરમિયાન નવ છગ્ગા ફટકાર્યા. ૧૯મી ઓવરના અંત સુધીમાં, ટીમ સાત વિકેટે ૧૯૨ રન બનાવી ચૂકી હતી. રસેલ ૬૨ રન બનાવીને અણનમ રહ્યો. રેમન સિમન્ડ્સે અંતિમ ઓવર ફેંકી. ઓવરના ચોથા બોલ પર રસેલ આઉટ થઈ ગયો, જેનાથી તેની ટીમ વિજયની નજીક પહોંચી ગઈ.

# ટીમ ઈન્ડિયાનો ૧૫ વર્ષીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશી હવે દુલીપ ટ્રોફીમાં રમતા જોવા મળશે

મુંબઈ,

ટીમ ઈન્ડિયાનો ૧૫ વર્ષીય બેટ્સમેન, વૈભવ સૂર્યવંશી, હવે દુલીપ ટ્રોફીમાં રમતા જોવા મળશે. તેને આ ટુર્નામેન્ટ માટે પૂર્વ ઝોન ટીમનો ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. ઈંગ્લેન્ડ પ્રવાસ પર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યા પછી, તેણે ઝિમ્બાબ્વે સામે શાનદાર પ્રદર્શન કર્યું અને હવે તે ઘરેલુ ક્રિકેટમાં નવી જવાબદારીઓ માટે તૈયાર છે. વૈભવ ૨૦૨૬-૨૭ દુલીપ ટ્રોફીમાં તેની બેટિંગથી પ્રભાવ પાડવાનો પ્રયાસ કરશે. નોંધનીય છે કે રેડ-બોલ ક્રિકેટમાં તેનું પ્રદર્શન એટલું સારું રહ્યું નથી.

વૈભવે દુલીપ ટ્રોફી માટે તેની





તૈયારીઓ તેજ કરી છે. તેણે સોશિયલ મીડિયા પર તેની પ્રેક્ટિસનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે નેટમાં બેટિંગ કરતો જોવા મળે છે. યુવા બેટ્સમેન નેટ પ્રેક્ટિસ દરમિયાન બોલનો બચાવ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેણે તેના આક્રમક શોટ્સ પર પણ કામ કર્યું છે. વીડિયો શેર કરતા, વૈભવે તેને કેપ્શન આપ્યું છે, "તૈયારી." વૈભવ આગામી પડકાર માટે પોતાને તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સફેદ બોલમાં ડેબ્યૂ કર્યા પછી, વૈભવ હવે રેડ-બોલ ક્રિકેટ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે.વૈભવ અગાઉ ઝિમ્બાબ્વે શ્રેણીમાં રમ્યો હતો. ઈંગ્લેન્ડ પ્રવાસમાં ખરાબ પ્રદર્શન બાદ, વૈભવે આ શ્રેણીમાં શાનદાર બેટિંગ કરી. ઝિમ્બાબ્વે સામે, તેણે ત્રણ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ઈનિંગ્સમાં ૧૫૧ રન બનાવ્યા, જે શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો. તેની સરેરાશ ૫૦.૩૩ હતી અને તેનો સ્ટ્રાઈક રેટ ૧૯૬.૧૦ હતો. તેણે એક ઈનિંગ્સમાં ૮૧ રન પણ બનાવ્યા. તેના પ્રદર્શનને કારણે તેને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ મળ્યો. તે હવે દુલીપ ટ્રોફીમાં પણ આ ફોર્મ ચાલુ રાખવાનો પ્રયાસ કરશે.

પૂર્વ ઝોને આગામી દુલીપ ટ્રોફી માટે ઈશાન કિશનને કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા છે. દુલીપ ટ્રોફી ૨૩ ઓગસ્ટથી શરૂ થશે. પૂર્વ ઝોન ઉત્તર પૂર્વ ઝોન સામે પોતાનું અભિયાન શરૂ કરશે. વૈભવ આ ટુર્નામેન્ટમાં લાંબા ફોર્મેટમાં તેના આંકડા સુધારવાનો પ્રયાસ કરશે. તેણે તેની કારકિર્દીમાં અત્યાર સુધીમાં આઠ ફર્સ્ટ-ક્લાસ મેચ રમી છે, જેમાં ૧૨ ઈનિંગ્સમાં ૧૭.૨૫ ની સરેરાશથી ૨૦૭ રન બનાવ્યા છે.

# ૧૭ વર્ષની ઉંમરે લાખો રૂપિયા કમાતી હતી; વિડીયો જોકી તરીકે કામ કરતી હતી રિયા ચક્રવર્તી

મુંબઈ,

અભિનેત્રી રિયા ચક્રવર્તીએ સ્ફ વિડીયો જોકી તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેણીએ નાની ઉંમરે ઉદ્યોગમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. વિડીયો જોકી તરીકે, રિયાએ ઘણી મોટી હસ્તીઓના ઈન્ટરવ્યુ લીધા. ત્યારબાદ તેણીએ અભિનયની દુનિયામાં પ્રવેશ કર્યો અને ૨૦૨૪ માં તેણીના કપડાં બ્રાન્ડ, ચેપ્ટર ૨, લોન્ચ કર્યું.

હાસ્ય કલાકાર અને કન્ટેન્ટ સર્જક તન્મય ભટ્ટની યુટ્યુબ ચેનલ પર વાતચીત દરમિયાન, રિયાએ વિડીયો જોકી તરીકેના તેના પગાર વિશે પણ ખુલ્લેઆમ વાત કરી. તેણીએ સમજાવ્યું કે તે સમયે વિડીયો જોકીને ખૂબ સારો પગાર મળતો હતો.

રિયાએ કહ્યું, "તે સમયે, એક વિડીયો જોકી સારો પગાર મેળવતો હતો. મને લાગે છે કે મારો છેલ્લો પગાર ૩ લાખ રૂપિયા હતો. પરંતુ તે સમયે હું ફક્ત ૧૭-૧૮ વર્ષની હતી, તેથી મને લાગતું હતું કે હું ખૂબ જ ધનવાન છું." તેણીએ આગળ સમજાવ્યું કે તેણીએ તે પૈસા તેના દેખાવને સુધારવા માટે ખર્ચ્યા.



રિયાએ કહ્યું, "મેં આ પૈસા મારા ચહેરાને સુધારવા માટે ખર્ચ્યા."


જ્યારે તન્મય ભટ્ટે મજાકમાં રિયાને પૂછ્યું કે શું તેણીએ તેનો ચહેરો પણ "ફિક્સ" કરાવવો જોઈએ, ત્યારે રિયાએ કહ્યું કે દરેકને જોઈએ. તેણીએ એમ પણ ઉમેર્યું કે આજકાલ ટેકનોલોજી નોંધપાત્ર રીતે આગળ વધી ગઈ છે.

# કંગના રનૌતે પીઢ અભિનેતા નસીરુદ્દીન શાહના નિવેદનનો જવાબ આપ્યો

મુંબઈ,

બોલિવૂડ અભિનેત્રી અને સાંસદ કંગના રનૌતે પીઢ અભિનેતા નસીરુદ્દીન શાહના નિવેદનનો સખત જવાબ આપ્યો છે, જેમાં તેમણે વિદ્યાર્થી વિરોધ પર હિન્દી સિનેમાના ટોચના સ્ટાર્સની મૌન પર સવાલ ઉઠાવ્યા હતા. શાહે કહ્યું હતું કે બોલિવૂડની અગ્રણી હસ્તીઓ હાલમાં ચૂપ છે, પણ જ્યારે યોગ્ય સમય આવશે ત્યારે તેઓ બોલશે. આ કટાક્ષનો જવાબ આપતાં કંગનાએ શાહની દેશભક્તિ અને તેમના ઈરાદા પર સીધો સવાલ ઉઠાવ્યો. તાજેતરમાં, કંગના રનૌતે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વાર્તા શેર કરી, જેમાં નસીરુદ્દીન શાહને પૂછવામાં આવ્યું કે તેઓ ઝારખંડમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો પર કેમ ચૂપ છે અને તેઓ કેમ બોલતા નથી.





તેણીએ સોશિયલ મીડિયા પર પિયુષ મિશ્રાનો એક વીડિયો પણ શેર કર્યો, જેમાં તેમણે નસીરુદ્દીન શાહની ટિપ્પણી પર પોતાનો અભિપ્રાય રજૂ કર્યો. આ દરમિયાન, કંગનાએ શાહ પર આકરા પ્રહારો કર્યા, તેમને "શિયાળ" પણ કહ્યા.

તેણીની સોશિયલ મીડિયા પોસ્ટમાં, કંગનાએ ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કર્યા, લખ્યું કે સત્ય એ છે કે દરેક વ્યક્તિ કોઈને કોઈને વફાદાર હોય છે. કંગનાએ લખ્યું, "સત્ય એ છે કે દરેક વ્યક્તિ કોઈને કોઈનો કૂતરો હોય છે, પરંતુ મને ગર્વ છે કે હું જે ઘર (દેશ) ખવડાવું છું તેનું રક્ષણ કરું છું અને તેના માટે લડું છું. જોકે, નસીરુદ્દીન શાહ આ દેશમાંથી ખાય છે, પરંતુ પડોશી દેશ માટે લડે છે. આજના સમયમાં, કૂતરો કહેવાવું એ પ્રશંસાથી ઓછું નથી, કારણ કે સુંદરતા અને વફાદારી ખૂબ જ દુર્લભ છે. મને નસીરુદ્દીન શાહ જેવા શિયાળ કહેવા કરતાં કૂતરો કહેવાનું વધુ ગમે છે." કંગનાએ વધુમાં ઉમેર્યું કે આજના સમયમાં, જો કોઈ કોઈને કૂતરો કહે છે, તો તે પ્રશંસા છે, કારણ કે વફાદારી અને નિર્દોષતા દુર્લભ છે. તેણીએ સ્પષ્ટપણે કહ્યું કે તે નસીરુદ્દીન શાહ જેવા "શિયાળ" કરતાં વફાદાર કૂતરો બનવાનું પસંદ કરશે.

આ સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે થોડા દિવસો પહેલા, નસીરુદ્દીન શાહે નવી દિલ્હીમાં "કોકરોચ જનતા પાર્ટી" દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન દરમિયાન બોલિવૂડ કલાકારોના મૌન પર સવાલ ઉઠાવ્યા હતા. "ધ વાયર" સાથેની એક મુલાકાતમાં, નસીરુદ્દીન શાહે ફિલ્મ ઉદ્યોગના ટોચના સ્ટાર્સની આકરી ટીકા કરી હતી, તેમની તુલના મોંમાં હાડકું ધરાવતા કૂતરા સાથે કરી હતી. નસીરુદ્દીન શાહે કહ્યું હતું કે, "જ્યારે તેમનો અંતરાત્મા પરવાનગી આપે છે ત્યારે તેઓ બોલશે. એક જૂની કહેવત છે કે મોંમાં હાડકું ધરાવતો કૂતરો ભસી શકતો નથી." જેમ જેમ તે હાડકું તેમના મોંમાંથી પડી જાય છે અથવા તેમના દાંત તૂટી જાય છે, તેઓ તરત જ ભસવાનું શરૂ કરી દે છે.

એક મુલાકાત દરમિયાન, જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમને લાગે છે કે લોકો બીજાના મૌનનો લાભ લઈ રહ્યા છે અને જાણી જોઈને પોતાના અંતરાત્માને દબાવી રહ્યા છે, ત્યારે નસીરુદ્દીન શાહે જવાબ આપ્યો, "ચોક્કસ, આવું જ થઈ રહ્યું છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કી | પ્ર | રો | લી | સ | બ | કા | ત્રિ | કો | ણ | ગ | જ |
| ન | કા | ભો | ખ | ણિ | ન | ર | ત્રિ | દુ | ફ | જી | નિ |
| આ | જ | ક | ઔ | ધ | ધ | વે | ઊ | ત | નિ | વે | મા |
| ગી | ક્ષ | સા | તી | લી | ણી | ગ | ઐ | પ્ર | દ | યા | ળો |
| ળ | આ | ક | રા | સા | પ્ર | ગ | ગ | ન | જ | બં | અઃ |
| ન | ગ | ર | લ | અઃ | ક | કા | હા | ઐ | કા | ભો | ધો |
| કા | ક | ક | દ | મ | ર | ડી | ણા | ર | ક | ર | ઊ |
| ન | દ | ગ | તુ | ગાં | ણ | ર | ગ | ધી | ણ | મા | અ |
| દ | ર | બ | બ | ક | ધ | સા | ર | શિ | ર | બા | સ |
| વા | બ | કે | કી | અ | સા | જ | બા | આ | ડો | ગ | ર |
| ભ | તી | દ | સ | તુ | કી | વા | દુ | વિ | ધા | ક | અ |
| ર | કુ | મ | બો | રી | ક્ષ | જી | આ | ર | ક્ષ | કી | સ |

શબ્દ શોધો: ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# જાહ્નવી કપૂરની અશ્લીલ ઓનલાઈન સામગ્રીને દૂર કરવા માટે દિલ્હી હાઈકોર્ટનો વચગાળાનો આદેશ

મુંબઈ,

જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) એ ઘણી સુવિધાઓ પૂરી પાડી છે, ત્યારે તેના ગેરફાયદા પણ છે. એઆઈ દ્વારા, વ્યક્તિના ફોટા અને વિડિઓઝનો ઉપયોગ અને દુરુપયોગ થઈ શકે છે. વ્યક્તિની પ્રતિષ્ઠા દાવ પર લાગી શકે છે. ફિલ્મ સ્ટાર્સ આ નુકસાનથી વધુને વધુ ચિંતિત થઈ રહ્યા છે અને કોર્ટનો સંપર્ક કરી રહ્યા છે. તાજેતરમાં, તબ્બુએ કોર્ટનો સંપર્ક કર્યો હતો, અને કોર્ટે તેમને રાહત આપી હતી. આ પછી, જાહ્નવી કપૂરે પણ તેના વ્યક્તિત્વ અધિકારોનું રક્ષણ માંગ્યું હતું.

જાહ્નવી કપૂરે તેના વ્યક્તિત્વ અધિકારોનું રક્ષણ મેળવવા માટે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. અભિનેત્રીએ ૫,૦૦૦ થી વધુ વેબપેજ, પોસ્ટ અને છૈં સામગ્રી દૂર



કરવા તેમજ ફેન પેજ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. મંગળવારે, કોર્ટે જાહ્નવી સંબંધિત અશ્લીલ અને અશ્લીલ ઓનલાઈન સામગ્રી દૂર કરવા માટે વચગાળાનો આદેશ આપ્યો હતો.જસ્ટિસ અનુપ જયરામ ભાંભાણીએ જાહ્નવી કપૂરની તેના વ્યક્તિત્વ અધિકારોનું રક્ષણ કરવાની અરજી પર સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો.અભિનેત્રી જાહ્નવી કપૂરે ૫,૦૦૦ થી વધુ વેબપેજ, સોશિયલ મીડિયા પોસ્ટ, છૈં-જનરેટેડ પોર્નોગ્રાફિક સામગ્રી, નકલી એકાઉન્ટ્સ, નકલી બુકિંગ એજન્સીઓ અને ચેટબોટ્સ દૂર કરવાની માંગ કરી હતી.

કોર્ટે જણાવ્યું હતું કે અરજીમાં માંગવામાં આવેલી રાહત અને દલીલો વ્યાપક હતી.

# આસામના પૂરમાં ક્ષતિગ્રસ્ત થયેલ હનુમાન મંદિરના પુનઃનિર્માણની અભિષેક મલ્હાને જવાબદારી લીધી

મુંબઈ,

લોકપ્રિય યુટ્યુબર અભિષેક મલ્હાને આસામના પૂરથી તબાહ થયેલા પરિવારોને મદદનો હાથ લંબાવ્યો છે. તેમણે વિનાશક પૂર પછી પૂર રાહતમાં યોગદાન આપવા અને ટકાઉ પ્રથાઓને ટેકો આપવા માટે ટૂ હોપ ફાઉન્ડેશન સાથે ભાગીદારી કરી છે. આસામમાં પૂર ૧૯ જુલાઈના રોજ શરૂ થયું હતું, જેના કારણે વ્યાપક વિનાશ થયો હતો. ગોલાઘાટ સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લો છે, જ્યાં ૭૧,૦૦૦ થી વધુ લોકો અસરગ્રસ્ત છે. ત્યારબાદ શિવસાગર આવે છે, જ્યાં ૨૧,૦૦૦ થી વધુ લોકો ફસાયેલા છે, અને જોરહાટ, જ્યાં ૧૩,૦૦૦ થી વધુ લોકો પૂરના પાણીમાં ફસાયેલા છે.તેમના





ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર, અભિષેકે શેર કર્યું કે તેમને હવે પૂરથી નાશ પામેલા હનુમાન મંદિરનું પુનર્નિર્માણ કરવાની તક આપવામાં આવી છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર એક રીલ શેર કરી જેમાં અસરગ્રસ્ત જમીન બતાવવામાં આવી હતી જ્યાં હનુમાનની મૂર્તિ મૂકવામાં આવી હતી. પુનર્નિર્માણ તરફના પ્રથમ પગલા તરીકે, યુટ્યુબર નારિયેળ તોડતા, સ્થાનિક રહેવાસીઓને ખોરાકનું વિતરણ કરતા અને હાથ જોડીને બોલતા જોવા મળ્યા. કેપ્શનમાં, તેમણે લખ્યું:"બજરંગબલીએ મને હનુમાન મંદિરના નિર્માણમાં મારા નાના માર્ગે યોગદાન આપવાનો લહાવો આપ્યો છે.

# રાજકોટની સિવિલમાં થેલેસેમિયા પીડીત બાળકોના ઈન્જેકશન અને દવા સહીતનો જથ્થો આપવા આપનું આવેદન

## થેલેસેમિયા મેજર બાળકોની પીડા અંગે ધારાસભ્યો-સાંસદો કેમ મૌન? વેધક સવાલ

રાજકોટ,

રાજકોટની સિવિલ હોસ્પીટલમાં થેલેસેમિયા પીડીત બાળકોના ઈન્જેકશન અને દવા સહીતનો જથ્થો લાંબા સમયથી ખલાસ થઇ ગયો હોવાથી થેલેસેમીયાના બાળ દર્દીઓને ભારે યાતનાઓ વેઠવી પડી રહી છે. આ અંગે સરકારનું ધ્યાન દોરવા તાજેતરમાં વાલીઓએ વ્યંગાત્મક વેદનાસભર કાર્યક્રમ આપ્યા બાદ આજે આમ આદમી પાર્ટીએ પણ આ બાબતે કલેકટરને આવેદનપત્ર આપી સરકારના દાવાઓ તથા ભાજપના સ્થાનિક સાંસદો અને ધારાસભ્યોની શાહમૃગી નીતિ સામે સવાલો ઉઠાવ્યા છે.



આમ આદમી પાર્ટીએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, રાજકોટની સરકારી સિવિલ હોસ્પિટલમાં થેલેસેમિયા જેવી ગંભીર બીમારીથી પીડાતા બાળકો નિયમિત સારવાર અને દવાઓ પર નિર્ભર છે. તેમ છતાં આવા ગંભીર દર્દીઓ માટે જરૂરી દવાઓ ઉપલબ્ધ ન હોવાની ફરિયાદો સામે આવી રહી છે, જે અત્યંત ગંભીર અને ચિંતાજનક બાબત છે. એક તરફ સરકાર આરોગ્ય ક્ષેત્રે મોટા મોટા દાવાઓ કરે છે અને ગરીબ તથા મધ્યમવર્ગના લોકોને સરકારી આરોગ્યસેવા આપવાની વાત કરે છે, ત્યારે બીજી તરફ સિવિલ હોસ્પિટલમાં થેલેસેમિયા પીડિત બાળકો માટે જરૂરી દવા જ ઉપલબ્ધ ન હોય તો સરકારના આ દાવાઓની વાસ્તવિકતા શું છે તેવો સીધો સવાલ ઊભો થાય છે.

વધુ ગંભીર બાબત એ છે કે હોસ્પિટલ તંત્ર તરફથી દવા ઉપલબ્ધ હોવાના નિવેદનો કરવામાં આવી રહ્યા હોવાનું સામે આવ્યું છે, જ્યારે દર્દીઓ અને તેમના પરિવારજનો દ્વારા કેટલીક જરૂરી દવા ઉપલબ્ધ ન હોવાની તથા ઉપલબ્ધ દવાની પ્રરનો ઉઠાવવામાં આવી રહ્યા છે. આ વિરોધાભાસની તાત્કાલિક નિષ્પક્ષ તપાસ થવી જરૂરી અસરકારકતા અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. આ વિરોધાભાસની તાત્કાલીક નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે. રાજકોટમાં ભાજપના ધારાસભ્યો અને સાંસદ સભ્યો ચૂંટાઈને જનતાના પ્રતિનિધિ બન્યા છે. પરંતુ જ્યારે રાજકોટના થેલેસેમિયા પીડિત દર્દીઓ અને માસૂમ બાળકોના જીવન સાથે જોડાયેલો પ્રશ્ન ઊભો થયો છે, ત્યારે આ જનપ્રતિનિધિઓની ચુપ્પી અત્યંત દુઃખદ અને શરમજનક છે.

# રાજકોટમાં વિશ્વ હિંદુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિના લકકાર્યાલય મંત્રીઓ'ની નિમણૂક

## તમામ મંડળોનો સંપર્ક કરીને લતા સુશોભન, ફલોટ સુશોભનની યાદી તૈયાર કરાશે




રાજકોટ,

ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવને ભવ્યતા અને દિવ્યતા સાથે ઉજવવા માટે જન્માષ્ટમી મહોત્સવ સમિતિના કાર્યાલય પર દરરોજ કાર્યકર્તાઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. માર્ગદર્શક સમિતિના સભ્યો માવજીભાઈ ડોડીયા, નરેન્દ્રભાઈ દવે, ભુપતભાઈ ગોવાણી, હસુભાઈ ભગદેવ, હસુભાઈ ચંદારાણા, શાંતુભાઈ રૂપાપરેલીયા, પ્રતાપભાઈ કોટક, વનરાજભાઈ ગરૈયા, નિતેશભાઈ કથિરીયા અને અશોકભાઈ મકવાણા ઉપરાંત સમિતિના અધ્યક્ષ રાજાભાઈ (વાવડી), કાર્યાકારી અધ્યક્ષ તિર્થરાજસિંહ ગોહિલ તથા સમિતિના ઈનચાર્જ પરેશભાઈ રૂપાપરેલીયા તમામના સર્વાનુમતે કાર્યાલયના સુચા, સુનિયોજિત અને અસરકારક સંચાલન માટે કાર્યાલયના સહ ઈનચાર્જ દિપકભાઈ ગમઢાએ કાર્યાલય મંત્રીઓની મહત્વપૂર્ણ નિમણૂકની ઘોષણા કરી હતી.

જેમાં કાર્યાલયની વિવિધ કામગીરીને સંકલિત કરવા રાજુભાઈ ઉમરાણીયા, પંકજભાઈ તાવીયા, દિલિપભાઈ દવે, હેનિલસિંહ પરમાર, ધનરાજભાઈ રાધાણી અને અનંતભાઈ નેનુજી સાથે મળીને કામની યોગ્ય વહેંચણી કરીને કાર્યાલયના કામને ગતિશીલ બનાવશે.

પાયાના કાર્યકર્તા તરીકે જાણીતા રાજુભાઈ ઉમરાણીયા સંગઠનના દરેક કાર્યમાં અગ્રેસર રહીને જવાબદારી નિભાવતા રહ્યા છે. હાલ તેઓ રાજકોટ મધ્ય જિલ્લામાં સેવા પ્રમુખ તરીકે કાર્યરત છે.

# રાજકોટને ઈન્ટરનેશનલ ફલાઈટ શરૂ કરાવવા ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત

## તાત્કાલીક અસરથી ઈન્ટરનેશનલ ફલાઈટ જેવી કે રાજકોટ-દુબઈ અને બેંગકોક શરૂ કરવા માંગ

રાજકોટ,રાજકોટ ખાતે ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવા માટે ઓથોરીટી દ્વારા વર્ષ ૨૦૧૦માં મંજુરી આપવામાં આવેલ હતી. પરંતુ વર્ષ ૨૦૧૯ સુધી આ બાબતે કોઈપણ કાર્યવાહી થયેલ ન હતી. ત્યામરે વર્ષ ૨૦૧૬ થી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ્ ઈન્ડસ્ટ્રી દ્વારા ખાસ જહેમત ઉઠાવીને રાજય સરકારના ઉડયન મંત્રીશ્રી-સંસદ સભ્યશ્રીઓને અનેકવાર દિલ્હી તથા ગાંધીનગર રૂબરૂ મુલાકાતો લઈ મિટીંગો યોજી રજુઆતો કરી આ પ્રોજેક્ટને તાત્કાલીકના પોરણે શરૂ કરવા માટે અવિરત પ્રયાસો કરવામાં આવેલ હતા. જેના ફળસ્વરૂપે વર્ષ ૨૦૧૭માં માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ખાત મુર્ણત કરેલ હતું અને તા. ૨૭મી જુલાઈ ૨૦૨૩ના રોજ લોકાર્પણ કરીને સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટને નજરાણારૂપે ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ મળ્યું.

આમ આ ઈન્ટરનેશનલ એરપોર્ટ શરૂ થયાને આશરે ત્રણ વર્ષ વીતી ગયેલ હોય એકપણ ઈન્ટરનેશનલ ફલાઈટ હજૂ શરૂ થયેલ નથી. આ બાબતે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સાંસદ સભ્ય પરષોતમભાઈ રૂપાલાજને પત્ર લખી ઈન્ટરનેશનલ ફલાઈટો બોલીતકે શરૂ થાય તે માટે સંસદમાં રજુઆત કરવા ખાસ ભલામણ કરેલ હતી. જે અનુસંધાને રૂપાલાએ આ પ્રશ્ન સંસદમાં રજુ કરેલ હતો ત્યારે સીવીલ એવીએશન આ બાબતે સંપુર્ણ પણે તૈયાર છે પરંતુ આ માટે એરલાઈન્સ કંપનીઓને સંપર્ક કરવાનું જણાવેલ હતું. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટી કોઈપણ સંજોગોમાં સાંસદ સભ્યોને સાથે રાખી તમામ એરલાઈન્સ કંપનીઓનો સંપર્ક કરી ગમે તે સંજોગોમાં આગામી દિવાળી તહેવાર પહેલા એક થી બે મહિનામાં ઈન્ટરનેશનલ ફલાઈટ શરૂ થાય તેમાં કોઈ શંકાને સ્થાન નથી. તેમજ રાજકોટ ચેમ્બીર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને ઈન્ટરનેશનલ ફલાઈટ લાવવા માટે ગમે તે કરવું પડે તે માટે ઘટતું કરવા તૈયાર છે.

# રાજકોટ રાજપૂત કરણી સેના દ્વારા યુજીસી દ્વારા મૂકાયેલા નવા નિયમો સામે પ્રચંડ વિરોધઃ નિયમો તાત્કાલિક રદ કરવા માંગ

રાજકોટ,

યુનિવર્સિટી ગ્રાન્ત કમિશન દ્વારા તાજેતરમાં શિક્ષણ ક્ષેત્રે અમલમાં મુકાયેલા નવા નિયમો અને ફેરફારો સામે રાજપૂત કરણી સેના તેમજ સવર્ણ સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા ભારે વિરોધ વ્યકત કર્યો છે. આ મામલે રાજપૂત કરણી સેનાના સૌરાષ્ટ્ર પ્રદેશના હોદેદારો અને સામાજિક અગ્રણીઓ દ્વારા રાજકોટ જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર પાઠવી આ નિયમો તાત્કાલિક ધોરણે રદ કરવાની માંગ કરવામાં આવી છે.



આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, રાજપૂત કરણી સેના દ્વારા હંમેશા વિદ્યાર્થીઓ અને શિક્ષકોના હિતોના રક્ષણ માટે અવાજ ઉઠાવવામાં આવ છે.યુજીસી દ્વારા લાવવામાં આવેલા નવા નિયમો અને નીતિગત ફેરફારોને કારણે સમગ્ર શિક્ષણ ક્ષેત્રે ગંભીર અસંતોષ અને ચિંતાનો માહોલ ઊભો થયો છે.રાજપૂત કરણી સેના અને સવર્ણ સમાજના અગ્રણીઓ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપે છે કે જો યુજીસીના આ વિવાદિત નિયમો પરત ખેંચવામાં નહીં આવે, તો તમામ સમાજના હિત માટે ના છૂટકે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે, જેની સંપૂર્ણ જવાબદારી શાસન અને સરકારની રહેશે.આવેદનપત્ર રજૂ કરતી વખતે સૌરાષ્ટ્ર પ્રમુખ આદિત્યસિંહ ગોહિલ, સૌરાષ્ટ્ર પ્રભારી સત્યજિતસિંહ જાડેજા તેમજ કરણી સેના અને સવર્ણ સમાજના વિવિધ સામાજિક સંગઠનો અને સંસ્થાાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આવેદન પત્રમાં મુખ્ય માંગણીઓમાં ૧. યુજીસી દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવાદિત નીતિઓ અને નવા નિયમોને તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવે. ૨. વિદ્યાર્થીઓ અને શિક્ષણ જગતના હિતમાં હોય તેવી જૂની વ્યવસ્થા પુનઃ સ્થાપિત કરવામાં આવે.

# સ્ટેટ રાઈફલ શુટીંગ કોમ્પીટીશનમાં અન્ડર-૧૭ કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો



રાજકોટ,

ગત ૮મી તારીખે અમદાવાદ ખાતે યોજાયેલી સ્ટેટ રાઈફલ શુટીંગ સ્પર્ધામાં અન્ડર-૧૭ કેટેગરીમાં ૧૩ વર્ષની વયે યાશી નંદન પોબારૂએ પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. યાશીની આ સફળતાને ચારેકોરથી વધાવામાં આવી રહી છે અને રાષ્ટ્રીય કક્ષાની શુટીંગ સ્પર્ધામાં તેઓ આગળ વધે તેવી શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે.

# રાજકોટ ગાર્ડી વિદ્યાપીઠ આયુર્વેદિક હોસ્પિટલની મુલાકાત લેતા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા

રાજકોટ,

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા ગાર્ડી વિદ્યાપીઠ ખાતે આવેલી આયુર્વેદિક હોસ્પિટલની વિશેષ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે હોસ્પિટલની વિવિધ સેવાઓ અને દર્દીઓને અપાતી સુવિયાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓની રૂબરૂ મુલાકાત લઈને તેમના ખબર-અંતર પૂછ્યા હતા. ખાસ કરીને આયુર્વેદની વિશિષ્ટ એવી પંચકર્મ સારવાર' વિશે તબીબો પાસેથી ઝીણવટભરી માહિતી મેળવી હતી અને દર્દીઓ



સાથે આ સારવારથી થતા ફાયદાઓ અંગે સંવાદ કર્યો હતો.

# શનિવારે રાજકોટમાં સિવિલ હોસ્પિટલના દર્દીઓ માટે મહારક્તદાન કેમ્પ

રાજકોટ, ચોમાસાની ઋતુમાં સિવિલ હોસ્પિટલમાં રક્તની તાતી જરૂરિયાતને પહોંચી વળવા ૧૫ ઓગસ્ટ, શનિવારના રોજ નાગર બોર્ડિંગ ખાતે રક્તદાન કેમ્પ યોજાશે. આ કેમ્પ થકી સૌરાષ્ટ્રભરમાંથી આવતા જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક લોહી પૂરું પાડવાનો પ્રયાસ કરવામાં આવશે. આ માટે સંસ્થા દ્વારા નાગરિકોને બહોળી સંખ્યામાં રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે.

પ્રવર્તમાન ચોમાસાની સીઝનમાં રક્તની માંગ વધતા અને સિવિલ હોસ્પિટલમાં તમામ ગ્રુપના બ્લડની તાતી જરૂરિયાત ઉભી થતા જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક લોહી મળી રહે તે હેતુથી એક વિશેષ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. યોગ વિદ્યા પ્રાણીક હિલિંગ ફાઉન્ડેશન ઓફ ગુજરાત સંલગ્ન ઓલ ઈન્ડિયા યોગ વિદ્યા પ્રાણીક હિલિંગ ટ્રસ્ટ અને નાગર બોર્ડિંગના સંયુક્ત ઉપક્રમે તથા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી આ કેમ્પ યોજાશે.

આ રક્તદાન કેમ્પ આગામી તા. ૧૫ ઓગસ્ટ, શનિવારે સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૩૦ વાગ્યા સુધી નાગર બોર્ડિંગ, ટાગોર રોડ, વિરાણી હાઈસ્કૂલની સામે, રાજકોટ ખાતે યોજવામાં આવશે. એક વ્યક્તિના રક્તદાનથી ત્રણ વ્યક્તિઓને નવું જીવન મળે છે તેવો સંદેશ આપી બહોળી સંખ્યામાં રક્તદાતાઓને જોડાવા અનુરોધ કરાયો છે. આ સેવા કાર્યને સફળ બનાવવા સર્વ શ્રી ડૉ. હેમાંગ વસાવડા, પિયુષ ધાંધા, વિમલ દોશી, નિસર્ગ વોરા, જીજ્ઞેશ કુંડલીયા તથા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, જયંત અગરવાલ, મનીષ રૂપારેલિયા અને ભરત મહેતાએ જાહેર આમંત્રણ પાઠવ્યું છે.રક્તદાન અંગેની વિશેષ માહિતી માટે મો. ૯૪૨૬૨ ૫૦૭૯૫, ૯૮૨૪૨ ૨૪૫૬૨ અથવા ૯૪૨૭૫ ૦૫૯૭૩ પર સંપર્ક કરી શકાશે.

# "મૈને દિલ તુજકો દિયા": મૃત્યુ બાદ પણ ગુજરાતના કેડેવર દાતાઓના ૨૦૭ હૃદય અન્ય દર્દીઓમાં ધબકે છે

## ૧૩ ઓગસ્ટ 'વિશ્વ અંગદાન દિવસ': ગુજરાતમાં ૮૬૦ કેડેવર દાતાઓ દ્વારા ૨,૫૪૮ અંગોનું દાન કરાયું

રાજકોટઃ

દર વર્ષે ૧૩ ઓગસ્ટના રોજ સમગ્ર વિશ્વમાં 'અંગદાન દિવસ' મનાવવામાં આવે છે. ગુજરાત એ દાનવીરોની ભૂમિ કહેવાય છે અને રાજ્યમાં અંગદાન પ્રવૃત્તિને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વ તથા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાના માર્ગદર્શન હેઠળ રાજ્યનો આરોગ્ય વિભાગ અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે અત્યંત પ્રશંસનીય કામગીરી કરી રહ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯માં SOTTO (સ્ટેટ ઓર્ગન એન્ડ ટિશ્યૂ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન)ની રચના કરવામાં આવી હતી. જેના માધ્યમથી અંગદાન અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ માટે કરવામાં આવેલા વિશેષ પ્રયાસોના પ્રોત્સાહક પરિણામો સામે આવ્યા છે.

સોટ્ટો તરફથી મળતી વિગતો મુજબ, રાજ્યમાં ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૮૬૦ મૃત્યુ પશ્ચાત (કેડેવર) અંગદાતાઓ દ્વારા કુલ ૨,૫૪૮ અંગોનું દાન કરવામાં આવ્યું છે. જેમાંથી ૧,૯૮૨ અંગ પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટેશન) સફળતાપૂર્વક પૂર્ણ કરાયા છે અને જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળ્યું છે.

દાનમાં મળેલા કુલ ૨,૫૪૮ અંગોમાં સૌથી વધુ ૧,૪૧૭ કિડની મેળવવામાં આવી છે. બાદ ૭૧૯ લીવર, ૨૦૭ હૃદય, ૧૭૪ ફેફસાં અને ૩૧ સ્વાદુપિંડ (પેનક્રિયાસ) જેવા અંગોનો સમાવેશ થાય છે.

પ્રત્યારોપણની કામગીરી હેઠળ અત્યાર સુધીમાં ૧,૨૦૬ કિડની, ૬૦૨ લીવર, ૧૪૫ હૃદય, ૨૩ ફેફસાં અને ૬ સ્વાદુપિંડનું સફળ ટ્રાન્સપ્લાન્ટેશન સંપન્ન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ૪ જરૂરિયાતમંદ દર્દીઓ મલ્ટિ-ઓર્ગન (કિડની-કિડની) ટ્રાન્સપ્લાન્ટ માટે નોંધાયેલા છે.

કેડેવર દાતાઓની વય અનુસાર વિગત જોઈએ તો, કુલ ૮૬૦ અંગદાતાઓમાં ૦થી ૧૦ વર્ષના ૧૦, ૧૦થી ૨૦ વર્ષના ૪૫, ૨૦થી ૩૦ વર્ષના ૧૨૫, ૩૦થી ૪૦ વર્ષના ૧૪૪, ૪૦થી ૫૦ વર્ષના ૧૮૮ અને ૫૦ વર્ષથી વધુ વયના સૌથી વધુ ૩૪૭ અંગદાતાઓનો સમાવેશ થાય છે.

બ્લડ ગ્રૂપ મુજબ જોઈએ તો, 'O' ગ્રૂપના ૩૦૮, 'B' ગ્રૂપના ૨૮૦, 'A' ગ્રૂપના ૧૯૫ અને 'AB' ગ્રૂપના ૭૭ દાતાઓએ અંગદાન કર્યું છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧,૯૭૪ દર્દીઓને સફળતાપૂર્વક ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કરીને નવું જીવન આપવામાં આવ્યું છે. જેમાં વયજૂથ મુજબ ૦થી ૧૦ વર્ષના ૨૫ બાળકો, ૧૦થી ૨૦ વર્ષના ૧૪૨, ૨૦થી ૩૦ વર્ષના ૨૩૫, ૩૦થી ૪૦ વર્ષના ૪૧૪, ૪૦થી ૫૦ વર્ષના ૫૩૮ અને ૫૦ વર્ષથી વધુ વયના ૬૨૦ દર્દીઓનો સમાવેશ થાય છે.

બ્લડ ગ્રૂપ મુજબ જોઈએ તો, 'O' ગ્રૂપના ૬૮૬, 'B' ગ્રૂપના ૬૪૧, 'A' ગ્રૂપના ૪૫૪ અને 'AB' ગ્રૂપના ૧૯૩ દર્દીઓને નવજીવન પ્રાપ્ત થયું છે.

રાજકોટ અને સૌરાષ્ટ્રમાં માર્ચ ૨૦૦૬થી 'ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન, રાજકોટ' કાર્યરત છે. આ ફાઉન્ડેશનના સક્રિય પ્રયાસોથી અત્યાર સુધીમાં કુલ ૧૨૯ લોકોનું અંગદાન શક્ય બન્યું છે, જેમાં રાજકોટમાંથી ૧૧૭, જૂનાગઢમાંથી ૦૬ અને જામનગરમાંથી ૦૬ લોકોનો સમાવેશ થાય છે. આ કામગીરીમાં રાજકોટના ડૉ. સંકલ્પ વણઝારા, ડૉ. દિવ્યેશ વિરોજા, ડૉ. તેજસ કરમટા, શ્રીમતી ભાવનાબેન મંડલી, શ્રી નીતિન ઘાટલિયા, શ્રી મિતલ ખેતાણી તેમજ શ્રી વિક્રમ જૈન ઉપરાંત જૂનાગઢથી ડૉ. શ્રી આકાશ પટોળિયા અને જામનગરથી ડૉ. શ્રીમતી મીતાબેન પટેલે મહત્વની ભૂમિકા રહી છે.

અંગદાન ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ 'ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન, રાજકોટ'ને ગત વર્ષે NOTTO (નેશનલ ઓર્ગન એન્ડ ટિશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન) દ્વારા "બેસ્ટ સપોર્ટિવ NGO" તરીકે રાષ્ટ્રીય એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવી છે.

અંગદાન એ મહાદાન છે. એક વ્યક્તિનું અંગદાન અનેક પીડિત દર્દીઓ અને તેમના પરિવારજનોના જીવનમાં આશાનું નવું કિરણ પ્રગટાવે છે. ૧૩ ઓગસ્ટ 'વિશ્વ અંગદાન દિવસ' નિમિત્તે સમાજનો દરેક વર્ગ આ ઉમદા પ્રવૃત્તિ પ્રત્યે વધુ જાગૃત બને તે જરૂરી છે.

# અમેરિકામાં ભારતીયોનું સન્માનઃ વધુ બે રાજ્યોએ ૧૫ ઓગસ્ટને ભારત દિવસ તરીકે જાહેર કર્યો

## ભારત અને અમેરિકા વચ્ચેના લાંબા સમયથી ચાલતા મૈત્રીપૂર્ણ સંબંધોને માન આપીને ઘોષણા

ન્યુયોર્ક,

અમેરિકાના ન્યૂ જર્સી અને ન્યૂ યોર્ક રાજ્યોએ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ને 'ભારતનો સ્વતંત્રતા દિવસ' જાહેર કર્યો છે. વિશ્વભરમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી ઉત્સાહથી શરૂ થઈ રહી છે, ત્યારે આ બંને રાજ્યોએ ભારત અને અમેરિકા વચ્ચેના લાંબા સમયથી ચાલતા મૈત્રીપૂર્ણ સંબંધોને માન આપીને આ ઘોષણા કરી છે.



ન્યૂ યોર્કમાં ભારતીય કોન્સ્યુલેટ જનરલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર શ્રેણીબદ્ધ પોસ્ટ્સમાં આ જાહેરાતો શેર કરી. દૂતાવાસે ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ને ન્યૂ જર્સીમાં 'ભારતનો સ્વતંત્રતા દિવસ' જાહેર કરવા બદલ ન્યૂ જર્સીના ગવર્નર મિકી શેરિલનો આભાર માન્યો.

આ ઘોષણા ન્યૂ જર્સીમાં રહેતા ભારતીય-અમેરિકનોના નોંધપાત્ર યોગદાનને પણ માન્યતા આપે છે. શિક્ષણ, આરોગ્યસંભાળ, સંશોધન, ટેકનોલોજી, વ્યવસાય, જાહેર સેવા અને સમુદાય નેતૃત્વ જેવા ક્ષેત્રોમાં સમુદાયના યોગદાનને પ્રકાશિત કરવામાં આવ્યું છે.

ઘોષણામાં ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે લાંબા સમયથી ચાલતા મૈત્રીપૂર્ણ સંબંધો અને વધતી ભાગીદારી પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેમાં શિક્ષણ, વ્યવસાય, ટેકનોલોજી, આરોગ્યસંભાળ અને સાંસ્કૃતિક આદાનપ્રદાનના ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે વધતા સંબંધોનો ઉલ્લેખ છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે ભારતનો સ્વતંત્રતા દિવસ અસંખ્ય વ્યક્તિઓના હિંમત, દ્રષ્ટિ અને બલિદાનનું સન્માન કરે છે જેમની શાંતિપૂર્ણ સ્વતંત્રતા ચળવળે વિશ્વભરની પેઢીઓને પ્રેરણા આપી હતી. આ ચળવળે ન્યાય, સમાનતા અને માનવીય ગૌરવના સાર્વત્રિક સિદ્ધાંતોને પણ મજબૂત બનાવ્યા.

એક્સ પર બીજી પોસ્ટમાં, કોન્સ્યુલેટ જનરલે જણાવ્યું હતું કે ન્યૂ યોર્ક ભારતના ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી પણ કરી રહ્યું છે. આ પ્રસંગ ખાસ કરીને ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના લાંબા સમયથી ચાલતા, મજબૂત સંબંધોનું સન્માન કરી રહ્યો છે. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સમગ્ર ન્યૂ યોર્ક રાજ્યમાં "ભારત સ્વતંત્રતા દિવસ" તરીકે જાહેર કરવા બદલ દૂતાવાસે ન્યૂ યોર્કના ગવર્નર કેથી હોચુલનો પણ આભાર માન્યો.

દૂતાવાસે જણાવ્યું હતું કે આ ઘોષણા ભારતની સ્વતંત્રતા તરફની યાત્રા અને ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સના સહિયારા લોકશાહી મૂલ્યોની ઉજવણી કરે છે. તે ન્યૂ યોર્કમાં ભારતીય-અમેરિકન સમુદાયના નોંધપાત્ર યોગદાનને પણ માન્યતા આપે છે, જેમણે રાજ્યના સાંસ્કૃતિક, આર્થિક અને નાગરિક જીવનમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

ઘોષણામાં કહેવામાં આવ્યું હતું કે ભારતનો સ્વતંત્રતાનો માર્ગ અહિંસક વિરોધ, સત્યતા, સ્વ-શિસ્ત અને નૈતિક હિંમત જેવા મૂલ્યો પ્રત્યે સામૂહિક પ્રતિબદ્ધતાથી મોકળો થયો હતો.

# લંબિત કેસો પાછળ જવાબદાર ખાલી ખુરશી

## સમાન કાર્યકાળ, નિવૃત્તિની નિશ્ચિત વય અને યોગ્યતા-આધારિત પસંદગી આપણા ટ્રિબ્યુનલોમાં સક્ષમ લોકોને લાવશે, અને તેમને ત્યાં જાળવી રાખશે

AVI હાઈટ્સના એપાર્ટમેન્ટ માલિકો એક ઓર્ડર માટે લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે. તેમના બિલ્ડર, AVI ડેવલપર્સ, ૨૦૧૯માં નાદાર થઈ ગયા હતા. લેણદારોએ ૪ જુલાઈ ૨૦૨૪ના રોજ પુનરુત્થાન યોજનાને મંજૂરી આપવા માટે મતદાન કર્યું હતું. આ યોજના આઠ દિવસ બાદ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) સમક્ષ રજૂ કરવામાં આવી હતી. લગભગ બે વર્ષ બાદ પણ, તેને હજુ મંજૂરીની રાહ જોવી પડી રહી હતી.

એપ્રિલ ૨૦૨૬માં, સુપ્રીમ કોર્ટે તે ફાઈલ તરફ જોયું અને એક વ્યાપક પ્રશ્ન પૂછ્યો. તેણે રાષ્ટ્રીય આંકડા મંગાવ્યા. દેશભરની NCLT બેન્ચો સમક્ષ રિઝોલ્યુશન પ્લાનની મંજૂરી માટેની આશરે ૩૮૩ અરજીઓ બાકી હતી. વિલંબ ૪૮ દિવસથી ૭૩૮ દિવસ સુધીનો હતો. કેટલાક મામલાઓમાં તે ચાર વર્ષ સુધી પહોંચી ગયો હતો. કોર્ટે તેને સ્પષ્ટ રીતે મૂક્યું. તેણે કહ્યું કે આ સ્થિતિ અત્યંત નિરાશાજનક અને મુશ્કેલ હતી.ચ૧ૃ


જસ્ટિસ અર્જુન કુમાર સિકરી

આ કાયદાની નિષ્ફળતા નથી. આ ક્ષમતાની નિષ્ફળતા છે.ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ (IBC) ૩૩૦ દિવસની બાહ્ય મર્યાદા નક્કી કરે છે.ચ૨ૃ કાયદાનું પાલન કરવામાં આવ્યું છે, કેલેન્ડરનું નહીં.

---આ કાયદાની નિષ્ફળતા નથી. આ ક્ષમતાની નિષ્ફળતા છે.

ટ્રિબ્યુનલ્સ ક્યારેય પાછળથી વિચારેલો વિચાર ન હતા. બંધારણમાં ૧૯૭૬માં સામેલ કરવામાં આવેલ ભાગ XIV-A એક કારણસર જ બનાવવામાં આવ્યો હતો. તેઓ સામાન્ય અદાલતો પર બોજરૂપ બનતા વિવાદોમાં ઝડપ અને વિષયની નિપુણતા લાવવા માટે હતા. એલ. ચંદ્ર કુમાર (૧૯૯૭) કેસમાં, સુપ્રીમ કોર્ટે તેમને હાઈકોર્ટના પૂરક તરીકે વર્ણવ્યા હતા.ચ૩ૃ

તેથી યોગ્ય કસોટી એ નથી કે ટ્રિબ્યુનલ સંપૂર્ણપણે નિર્દોષ છે કે નહીં. કસોટી એ છે કે તેઓ જે અદાલતોનો ભાર હળવો કરે છે, તેમની સરખામણીમાં શું તેઓ વધુ ઝડપી અને વધુ નિષ્ણાત છે. હાલના આંકડાઓના આધારે, તેઓ ઘણીવાર એવા નથી.

આ માપદંડ નોંધપાત્ર છે. લોકસભામાં આપેલા જવાબ અનુસાર, ૨૦૨૫માં ૧૬ મુખ્ય ટ્રિબ્યુનલોમાં ૫.૩૬ લાખ કેસ પેન્ડિંગ હતા ડેટ રિકવરી ટ્રિબ્યુનલ્સ (DRTs)માં સૌથી વધુ ૨.૪૫ લાખ કેસો પેન્ડિંગ હતા, ત્યારબાદ કસ્ટમ્સ, એક્સાઈઝ એન્ડ સર્વિસ ટેક્સ અપીલેટ ટ્રિબ્યુનલ (CESTAT) ૭૧,૪૫૪ કેસ સાથે બીજા ક્રમે હતું.ચ૪ૃ

આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬માં NCLT સમક્ષ લગભગ ૩૦,૬૦૦ કેસ નોંધાયા હતા. તેમાં ચેતવણી આપવામાં આવી હતી કે હાલના નિકાલના દરે આ કેસોનો નિકાલ કરવામાં એક દાયકો લાગી શકે છે.ચ૫ૃ સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ (CAT) પાસે ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ૬૯,૫૮૧ કેસ પેન્ડિંગ હતા.ચ૬ૃ આર્મ્ડ ફોર્સિસ ટ્રિબ્યુનલ ૧૧,૦૦૦થી વધુ કેસો પેન્ડિંગ હતા.ચ૭ૃ

---વિલંબ ક્યાંથી શરૂ થાય છે? ઘણી વાર, એક ખાલી ખુરશી પરથી.

કર્મચારી, જાહેર ફરિયાદો, કાયદો અને ન્યાય અંગેની સંસદીય સ્થાયી સમિતિએ ૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ટ્રિબ્યુનલ સિસ્ટમ પર અહેવાલ આપ્યો હતો. તેના નિષ્કર્ષ ગંભીર છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) તેની ન્યૂનતમ વૈધાનિક સભ્ય સંખ્યા કરતાં નીચે કામ કરી રહી છે. દ્રઝ્ન્ના ૯૫ ટકાથી વધુ કર્મચારીઓ કરાર આધારિત છે. ઈન્કમ ટેક્સ અપીલેટ ટ્રિબ્યુનલ (ITAT) માં પાંચ મહિનામાંપેન્ડિંગ કેસોની સંખ્યામાં ૧૯,૨૭૫નો વધારો થયો છે. TDSATની મંજૂર સભ્ય સંખ્યા ટ્રિબ્યુનલની સ્થાપના થઈ ત્યારથી બદલાઈ નથી.

રિક્ત જગ્યાઓ માત્ર વહીવટી વિગતો નથી. કોરમ (ન્યૂનતમ ઉપસ્થિતિ) વિના બેન્ચ બેસી શકતી નથી. જે કેસને યાદીમાં સામેલ કરી શકાય નહીં, તેની સુનાવણી થઈ શકતી નથી.

ખાલી જગ્યાઓ શા માટે રહે છે? કારણ કે સેવાની શરતો ક્યારેય નક્કી જ કરવામાં આવતી નથી. સેવા આપતા ન્યાયાધીશ અથવા વરિષ્ઠ વ્યાવસાયિક ટૂંકા અને અનિશ્ચિત કાર્યકાળ માટે સ્થાપિત પ્રેક્ટિસ છોડશે નહીં. ટ્રિબ્યુનલોમાં અલગ-અલગ કાર્યકાળ, અલગ-અલગ નિવૃત્તિ વય અને પસંદગીના અલગ-અલગ માર્ગો રહ્યા છે. દરેક ખાલી જગ્યાને એક નવી કવાયત તરીકે હેન્ડલ કરવામાં આવી છે. જાહેરાત, ચકાસણી અને મંજૂરી સામાન્ય રીતે પદ ખાલી થયા પછી શરૂ થાય છે, પહેલા નહીં.

---ટ્રિબ્યુનલ્સ રિફોર્મ્સ બિલ, ૨૦૨૬ આને મૂળમાંથી સંબોધિત કરે છે.

આ અધ્યક્ષ માટે નિવૃત્તિની ઉંમર સિત્તેર વર્ષ અને સભ્ય માટે સડસઠ વર્ષ સાથે પાંચ વર્ષનો કાર્યકાળ નક્કી કરે છે. મદ્રાસ બાર એસોસિએશનના કેસોમાં સુપ્રીમ કોર્ટે આ જ મર્યાદા નક્કી કરી હતી અને એક કરતાં વધુ વાર તેનો અમલ કરાવ્યો હતો. આ વિધેયક ચાર વર્ષના કાર્યકાળ અથવા પચાસ વર્ષની લઘુત્તમ વયને ફરીથી લાગુ કરતું નથી, જેને કોર્ટે નવેમ્બર ૨૦૨૫માં રદ કરી હતી. નિશ્ચિત નિવૃત્તિ વય સાથેનો પાંચ વર્ષનો કાર્યકાળ એક કારકિર્દી છે, માત્ર એક વચગાળાનો તબક્કો નહીં. તેના માટે વકીલાત અથવા પ્રેક્ટિસ છોડવી સાર્થક છે.

પસંદગી પણ પ્રસંગોપાત થવાને બદલે એક કાયમી પ્રક્રિયા બની જાય છે. એક કાયમી સચિવાલય ખાલી જગ્યાઓની સ્થિતિ પર નજર રાખશે, જગ્યાઓ માટે જાહેરાત આપશે અને પાત્રતાની ચકાસણી કરશે. આ ટ્રિબ્યુનલો સમક્ષ વારંવાર સૌથી મોટો મુકદ્દમાબાજ એવો વહીવટી મંત્રાલય તે ચકાસણીમાંથી બાકાત રહેશે. નેશનલ ટ્રિબ્યુનલ કમિશન (NTC) દ્વારા રચાયેલી સર્ચ કમ સિલેક્શન કમિટી, એક ચેરપર્સનની રચના કરે છે જે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અથવા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ હોવા જોઈએ, તેની સાથે બે ન્યાયિક સભ્યો કે જેઓ હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ હોવા જોઈએ અને બે ટેકનિકલ સભ્યો કે જેઓ જાહેર વહીવટ, નાણાં, કાયદો અથવા ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં ઓછામાં ઓછો ૨૫ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. પેનલમાંસામેલ નિષ્ણાતો ઉમેદવારના પોતાના નિર્ણયો અને કામના બોજનું અગાઉથી પ્રકાશિત થયેલા પરિમાણો સામે મૂલ્યાંકન કરશે. સમિતિના અધ્યક્ષ કાસ્ટિંગ વોટ ધરાવતા ન્યાયિક સભ્ય રહેશે. તે નિર્ધારિત સમયમર્યાદા હેઠળ, વેઈટિંગ લિસ્ટ સાથે, એક જ નામની ભલામણ કરશે.

એક જ નામ મહત્વનું છે. નામોની પેનલ અંતિમ પસંદગી કારોબારીને પરત કરે છે. સમિતિમાં ન્યાયિક વર્ચસ્વ જે સુરક્ષિત કરવા માટે હતું તેને તે છેલ્લા પગલે રદ કરી દે છે. એક નામ પરનો નિર્ણય તેને યોગ્યતાના આધારે જ્યાં મૂકવામાં આવ્યો હતો, બરાબર ત્યાં જ રાખે છે.

એક ટીકા સીધા જવાબ માટે પાત્ર છે. આ જગ્યાઓ ભરવામાં સરકાર પોતે જ ધીમી રહી છે. સુપ્રીમ કોર્ટે જુલાઈમાં આટલું જ કહ્યું હતું, અને તેનું તેમ કહેવું યોગ્ય હતું. જવાબ નવી ખાતરી હોઈ શકે નહીં. ગમે તે હોય, સુધારો આ સમસ્યાને પણ ઉકેલે છે. તે એક એવું માળખું હોવું જોઈએ જેમાં વિલંબ દ્રશ્યમાન, જવાબદાર અને સુધારી શકાય તેવો બને. એક સ્થાયી સચિવાલય, લાઈવ વેઈટિંગ લિસ્ટ અને દર્શાવેલ સમયમર્યાદા બરાબર તેવો જ રેકોર્ડ બનાવે છે. જ્યાં કોઈ પગલું ચૂકી જવાય છે, ત્યાં તેની ઓળખ કરી શકાય છે અને પ્રશ્ન કરી શકાય છે.

સમાન સેવા શરતો પોતાનામાં જ દાયકાઓથી એકઠા થયેલા બાકી કેસોનો નિકાલ કરશે નહીં. સ્થાયી સમિતિએ ભલામણ કરી છે તેમ, રજિસ્ટ્રીના કર્મચારીઓ, અદાલતી માળખાકીય સુવિધાઓ અને ડિજિટલ પ્રણાલીઓમાં પણ સાથોસાથ સુધારો થવો જોઈએ.ચ૧૦ૃ પરંતુ કોઈપણ ટ્રિબ્યુનલ તેની સુનાવણી કરવા માટે સભ્ય વિના કોઈ કેસનો નિકાલ કરી શક્યું નથી.

AVI હાઈટ્સ પર, ફ્લેટ બની ગયા છે, અને પ્લાન તૈયાર છે. જે ગાયબ છે, તે છે તેને સમયસર સાંભળનારી એક બેન્ચ. પદને ભરવું જોઈએ, અને તે પદ એવું હોવું જોઈએ કે કોઈ તેના પર બેસવા યોગ્ય સમજે. આ વિધેયક એ જ બાબત પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે.

**(લેખક એક પ્રખ્યાત ભારતીય કાનૂની નિષ્ણાત અને ભારતની સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ)**

# અમેરિકાએ સૈન્ય અને આઈએસઆઈ પર પાકિસ્તાન કેટલો ખર્ચ કરે છે તેનો જવાબ માંગ્યો

## યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે પાકિસ્તાન પાસેથી પાકિસ્તાનના ગુપ્ત બજેટનો સંપૂર્ણ હિસાબ માંગ્યો

વોશિંગ્ટન,

અમેરિકાએ પાકિસ્તાનના ગુપ્ત બજેટ પર પ્રશ્નો ઉભા કર્યા છે. અમેરિકાએ તેના સૈન્ય અને આઈએસઆઈ પર કેટલો ખર્ચ કરે છે તેનો સંપૂર્ણ હિસાબ માંગ્યો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે પાકિસ્તાન પાસેથી પાકિસ્તાનના ગુપ્ત બજેટનો સંપૂર્ણ હિસાબ માંગ્યો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે ફિસ્કલ ટ્રાન્સપરન્સી રિપોર્ટ ૨૦૨૬ માં પાકિસ્તાનના નાણાકીય બાબતો પર ટિપ્પણી કરી છે અને કહ્યું છે કે



વધુ પારદર્શિતાની જરૂર છે.

આ અહેવાલ ખાસ કરીને લશ્કરી અને ગુપ્તચર એજન્સીઓના બજેટને સંસદીય અથવા નાગરિક દેખરેખ હેઠળ લાવવા અને સરકારી દેવા સંબંધિત માહિતી જાહેર કરવા પર ભાર મૂકે છે. અમેરિકા પાકિસ્તાનને માત્ર બજેટ દરખાસ્તો સમયસર જાહેર કરવા જ નહીં, પણ તેમાં વધુ પારદર્શિતા લાવવાની પણ સલાહ આપે છે. તે સરકારને લશ્કરી અને ગુપ્તચર એજન્સીના બજેટ પર કેટલો ખર્ચ કરે છે તેની સંપૂર્ણ માહિતી પૂરી પાડવાનું પણ કહે છે. અમેરિકાના સત્તાવાર આંકડા અનુસાર, અમેરિકાએ ૨૦૨૫માં પાકિસ્તાનને આશરે ઈ૬૭-૭૮ મિલિયન આર્થિક સહાય પૂરી પાડી હતી.

# રશિયાએ ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડને પોતાના વકીલ તરીકે નિયુક્ત કર્યા

મોસ્કો,

રશિયાએ ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડને પોતાના વકીલ તરીકે નિયુક્ત કર્યા છે. 'બાર એન્ડ બેન્ચ'ના અહેવાલ મુજબ, ગ્લોબલ આર્બિટ્રેશન રિવ્યૂએ જણાવ્યું છે કે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી ટ્રિબ્યુનલમાં રશિયાનું પ્રતિનિધિત્વ કરશે. ટ્રિબ્યુનલ યુક્રેનની સરકારી માલિકીની બેંક, ઓશાદબેંક દ્વારા રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ અને બેંકના સંચાલન પર લશ્કરી કાર્યવાહીની કથિત અસર અંગે લાવવામાં આવેલા વિવાદની સુનાવણી કરી રહ્યું છે.

અહેવાલો અનુસાર, આ કેસ યુક્રેનના ડોનેટ્સક, લુહાન્સ્ક, ખેરસન અને ઝાપોરિઝ્ઝિયા પ્રદેશોમાં તેની સંપત્તિ અને વ્યવસાયિક કામગીરી પર ઓશાદબેંકના દાવાઓ સાથે સંબંધિત છે. બેંકનો દાવો છે કે ૨૦૨૨ માં રશિયાના મોટા પાયે આક્રમણ અને ત્યારબાદ યુક્રેનમાં લશ્કરી કાર્યવાહીને કારણે તેણે આ સંપત્તિ અને કામગીરી ગુમાવી દીધી હતી.

અહેવાલમાં જણાવાયું છે કે યુક્રેનની સરકારી માલિકીની "ઓશાદબેંક" સાથે કરોડો ડોલરના મોટા રોકાણ વિવાદમાં ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડને તેના મધ્યસ્થી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# હિમાચલ પ્રદેશમાં અનાથ અને વિધવા સેસના કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થયો વધારો

શિમલા,

હિમાચલ પ્રદેશમાં પેટ્રોલ અને હાઈ-સ્પીડ ડીઝલના ભાવમાં વધારો થયો છે. ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ ની મધ્યરાત્રિથી, પેટ્રોલ અને હાઈ-સ્પીડ ડીઝલ પ્રતિ લિટર ૬૦ પૈસા મોંઘુ થઈ ગયું છે. સુખવિંદર સિંહ સુખુ સરકારે અનાથ અને વિધવાઓના કલ્યાણ માટે ભંડોળ એકત્ર કરવા માટે 'અનાથ અને વિધવા સેસ' લાગુ કર્યો છે.

સરકારના આ નિર્ણય બાદ, રાજધાની શિમલામાં પેટ્રોલનો ભાવ ૧૦૨.૪૫ થી વધીને ૧૦૩.૦૫ પ્રતિ લિટર થયો છે. તેવી જ રીતે, હાઈ-સ્પીડ ડીઝલ પર પ્રતિ લિટર ૬૦ પૈસાનો વધારાનો સેસ લાદવામાં આવ્યો છે.

રાજ્ય કર અને આબકારી વિભાગ દ્વારા જારી કરાયેલા એક જાહેરનામા અનુસાર, આ સેસ હિમાચલ પ્રદેશ મૂલ્યવર્ધિત કર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૬-છ હેઠળ વસૂલવામાં આવશે. આ સેસ પેટ્રોલ અને હાઈ-સ્પીડ ડીઝલના પ્રથમ વેચાણ બિંદુ પર વસૂલવામાં આવશે.

સરકાર જણાવે છે કે આ સેસમાંથી એકત્ર કરાયેલા ભંડોળનો ઉપયોગ રાજ્યમાં અનાથ અને વિધવાઓના કલ્યાણ અને સહાય માટે કરવામાં આવશે. નિર્ણયના અમલીકરણ બાદ, રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં નજીવો વધારો થયો છે.

હિમાચલ પ્રદેશ મૂલ્યવર્ધિત કર (સુધારા) બિલ, ૨૦૨૬, જે આ વર્ષના બજેટ સત્ર દરમિયાન હિમાચલ પ્રદેશ વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હતું, ત્યારબાદ ઈંધણ ઉપકર લાગુ કરવામાં આવ્યો હતો, જેણે રાજ્ય સરકારને પેટ્રોલ અને હાઈ-સ્પીડ


# પીએમ મોદીએ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આત્મકથાનું વિમોચન કર્યું

## પીએમ મોદીએ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિની પ્રશંસા કરી અને તેમના જીવનના સંઘર્ષને એક પ્રેરણા તરીકે વર્ણવ્યો

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આત્મકથાનું વિમોચન કર્યું. પ્રધાનમંત્રીએ આ પ્રસંગે સભાને સંબોધિત કરી. તેમના સંબોધનમાં, પીએમ મોદીએ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિની પ્રશંસા કરી અને તેમના જીવનના સંઘર્ષને પ્રેરણા તરીકે વર્ણવ્યો. આ દરમિયાન, પીએમ મોદીએ તેમની માતાનો પણ ઉલ્લેખ કર્યો અને ભાવુક થઈ ગયા.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આત્મકથાનું શીર્ષક "ટ્રાયમ્ફ ઓફ ધ ઈન્ડિયન રિપબ્લિકઃ માય લાઈફ, માય સ્ટ્રગલ્સ" છે. આ આત્મકથામાં રામનાથ કોવિંદના જીવનનો ઈતિહાસ છે, જેમાં જાહેર જીવનના શરૂઆતના વર્ષોથી લઈને ભારતના ૧૪મા રાષ્ટ્રપતિ તરીકેની તેમની સેવા સુધીના તેમના અનુભવો, સંઘર્ષો અને સિદ્ધિઓનો સમાવેશ થાય છે. પુસ્તકના વિમોચન



પ્રસંગે પોતાના સંબોધનમાં, પીએમ મોદીએ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિની પ્રશંસા કરતા કહ્યું, "રાષ્ટ્રપતિ તરીકે તેમનું માર્ગદર્શન, સ્નેહ અને હૂંફ મારા માટે એક મહાન સંપત્તિ હતી."પીએમ મોદીએ કહ્યું, "મેં તેમના જીવન અને તેમની ક્ષમતાઓને જેટલી સમજી છે, હું વિશ્વાસપૂર્વક કહી શકું છું કે રામનાથ કોવિંદની આત્મકથા ભારતીય લોકશાહી અને ભારતીય સમાજ માટે એક ખજાનો બનશે.

# શ્રીમદ્ ભગવદ્ ગીતાના ભક્તિયોગ અધ્યાય પર ઓનલાઈન શ્લોક ઉચ્ચારણ સ્પર્ધાનું આયોજન

નવી દિલ્હી

વાંચે-વધે ટ્રસ્ટ દ્વારા ૯ ઓગસ્ટ ૨૦૨૬, રવિવારના રોજ શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય ૧૨ 'ભક્તિ યોગ' પર આધારિત અખિલ ભારતીય ઓનલાઈન શ્લોક ઉચ્ચારણ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. દેશના વિવિધ શહેરોમાંથી બાળકો અને યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત ભાષા અને ભગવદ્ ગીતાના જ્ઞાન પ્રત્યે પોતાની રુચિ અને પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ બાળકો અને યુવાનોમાં ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત ભાષા, નૈતિક મૂલ્યો તથા શ્રીમદ્ ભગવદ્ ગીતાપ્રત્યે શ્રદ્ધા અને જાગૃતિ વિકસાવવાનો હતો. લખનઉ, ગુજરાત, સુરત, પુણે, ચંડીગઢ, બેંગલુરુ, સોનીપત અને અયોધ્યા સહિત દેશના વિવિધ શહેરોમાંથી સ્પર્ધકોએ ઓનલાઈન માધ્યમ દ્વારા શ્લોકોનું




આત્મવિશ્વાસપૂર્વક, ભાવપૂર્ણ અને શુદ્ધ ઉચ્ચારણ સાથે પઠન કર્યું.

સ્પર્ધા દરમિયાન બાળકોએ પોતાની પ્રતિભા સાથે સંસ્કૃત ભાષા અને ભારતીય આધ્યાત્મિક પરંપરા પ્રત્યેનો ઉત્સાહ પણ દર્શાવ્યો. કાર્યક્રમ દ્વારા બાળકોને શ્રીમદ્ ભગવદ્ ગીતાના જીવનમૂલ્યો અને સંદેશને સમજવા તથા તેને પોતાના જીવનમાં ઉતારવા માટે પ્રેરણા આપવામાં આવી.

સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિજેતાઓને વાંચે-વધે ટ્રસ્ટ તરફથી ભેટ તથા પ્રશસ્તિ પ્રમાણપત્ર આપવામાં આવશે. સાથે જ સ્પર્ધામાં ભાગ લેનારા તમામ પ્રતિભાગીઓને તેમના ઉત્સાહ, પ્રયત્ન અને સહભાગિતા બદલ પ્રશસ્તિ પ્રમાણપત્ર આપવામાં આવશે.

ટ્રસ્ટ તરફથી તમામ સ્પર્ધકો, વાલીઓ, શિક્ષકો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ટ્રસ્ટે જણાવ્યું કે આવા સર્જનાત્મક કાર્યક્રમો બાળકોમાં જ્ઞાન, સંસ્કાર, શિસ્ત, આત્મવિશ્વાસ અને આધ્યાત્મિક ચેતના વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

વાંચે-વધે ટ્રસ્ટે જણાવ્યું કે ભવિષ્યમાં પણ શિક્ષણ, સંસ્કૃતિ, ભારતીય પરંપરા અને સામાજિક ઉત્થાન સાથે જોડાયેલા અનેક રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જેથી નવી પેઢીને ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિરાસત સાથે જોડવામાં આવે.

# ચીનના પીએલએએ અરુણાચલ પ્રદેશમાં મુખ્ય પેટ્રોલિંગ પોઈન્ટ્સ સુધી ભારતીય સેનાની પહોંચ

## નાહ વેલ્ફેર સોસાયટીએ આરોપ લગાવ્યો છે કે ચીની પીએલએ અરુણાચલ પ્રદેશના ટુક્સિંગ વિસ્તારમાં ભારતીય જમીન પર કબજો કરી રહી છે

ઈટાનગર,

ચીની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) ના સૈનિકોએ ભારતીય સેનાને ઉપલા સુબનસિરી જિલ્લાના ટુક્સિંગ વિસ્તારમાં મુખ્ય પેટ્રોલિંગ પોઈન્ટ્સ સુધી પહોંચતા અટકાવી દીધી છે. વધુમાં, તેઓ ધીમે ધીમે વાસ્તવિક નિયંત્રણ રેખાની નજીક પરંપરાગત ભારતીય ચરાઈ અને શિકારના વિસ્તારો પર પોતાનો કબજો વધારી રહ્યા છે. આ રિપોર્ટ પીપલ્સ પાર્ટી ઓફ અરુણાચલની ફેક્ટ-ફાઈન્ડિંગ કમિટી દ્વારા જારી કરવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ મંત્રી અને પીપીએના મુખ્ય સલાહકાર કાહફા બેંગિયાના નેતૃત્વમાં ચાર સભ્યોની સમિતિએ ૧૦ જુલાઈના રોજ ટુક્સિંગની મુલાકાત લીધી હતી.

સમિતિના અન્ય સભ્યોમાં કાલિંગ જેરાંગ (ઉપપ્રમુખ), સોરંગ કિઓકમ (સેક્રેટરી) અને નારાહ જીમી (સેક્રેટરી)નો સમાવેશ થાય છે. ટીમે ટુક્સિંગ, માજા અને ગેલેમોના સ્થાનિક નેતાઓ, વડીલો અને બૌદ્ધિકો તેમજ વરિષ્ઠ સંરક્ષણ અધિકારીઓ અને વિસ્તારમાં તૈનાત સૈનિકો સાથે વ્યાપક ચર્ચા કરી હતી.

સૌથી ગંભીર માહિતીમાંની એક "શેરા ૫ પોઈન્ટ", જે ભારતમાં નિયુક્ત પેટ્રોલિંગ પોઈન્ટ છે. સ્થાનિક રહેવાસીઓ પાસેથી સમિતિને મળેલી માહિતી અનુસાર, ૨૦૨૩ માં આ સ્થાન પર ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે સામસામે ઝઘડો થયો હતો. આ પછી, ભારતીય સેના પાછી હટી ગઈ અને ક્યારેય પાછી ફરી નહીં. પીએલએ સૈનિકોએ પાછળથી બાકી રહેલા કોઈપણ ભારતીય ચિહ્નો દૂર કર્યા અને ત્યારથી ભારતીય પેટ્રોલિંગ ટીમોને તે બિંદુ સુધી પહોંચતા અટકાવ્યા છે.એફએફસીએ આને ચીન કેવી રીતે ધીમે ધીમે ઘૂસણખોરી દ્વારા જમીન પર પોતાની પકડ મજબૂત કરી રહ્યું છે તેનું સ્પષ્ટ ઉદાહરણ તરીકે ટાંક્યું. પીપીએ ટીમે એમ પણ જણાવ્યું હતું કે નાંગા પહાર - પરંપરાગત રીતે નાહ અને મારા સમુદાયો દ્વારા શિકાર અને યાક ચરાવવા માટે ઉપયોગમાં લેવાતો - હવે સ્થાનિકો માટે સંપૂર્ણપણે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવામાં આવ્યો છે.




શહેરમાં વિશાળ 'તિરંગા યાત્રા': 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત દેશભક્તિના પર્વને આવકારતું રંગીલું રાજકોટ રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં આગામી ૧૫ ઓગસ્ટ-રાષ્ટ્રીય પર્વ સપ્તાહની ઉજવણી થનાર છે. એક સપ્તાહ સુધી વિવિધ દેશભક્તિના કાર્યક્રમો યોજાનાર છે. જેના ભાગરૂપે ત્રિરંગા યાત્રા શહેરના બહુમાળી ભવન ચોકથી જ્યુબિલી ખાતે આવેલા મહાત્મા ગાંધીની પ્રતિમા સુધી નીકળી હતી

# પૂર્વ પત્ની સાથે પારિવારિક ઝઘડામાં ગેરકાયદે રિવોલ્વર રાખતા શખ્સની ધરપકડ

રાજકોટ:રાજકોટ શહેર SOG ટીમે ચોક્કસ બાતમીના આધારે જામનગર રોડ પર ભીસ્તીવાડ સ્લમ ક્વાર્ટર નજીકથી યાકુબ મોટાણી નામના શખ્સને ગેરકાયદેસર દેશી બનાવટની રિવોલ્વર અને મોબાઈલ મળી કુલ રૂ. ૩૫,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પારિવારિક ઝઘડાના કારણે હથિયાર રાખતો આ આરોપી અગાઉ પણ ગેરકાયદે હથિયાર સાથે ક્રાઈમ બ્રાન્ચના હાથે પકડાઈ ચૂક્યો હતો, અને આ વખતે તેણે આ રિવોલ્વર ત્રણ વર્ષ પહેલાં મધ્યપ્રદેશના સપ્લાયર રાજાવટ ઉર્ફે રાજા ભૈયા પાસેથી ખરીદી હોવાની કબૂલાત આપતાં જીંઓજી ટીમે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને



હથિયાર આપનાર સપ્લાયરની શોધખોળ શરૂ કરી છે.

# સસ્તા સોના અને ડોલરના નામે ત્રણ જણાં સાથે રૂા.૩૫ લાખની ઠગાઈ

રાજકોટ: સસ્તામાં સોનાના બિસ્કિટ આપવાના અને ડોલરને ભારતીય કરન્સીમાં બદલાવવાના નામે ત્રણ જણાં સાથે રૂા.૩૫.૩૦ લાખની છેતરપિંડી કરવા અંગે કાળુ માનસિંગભાઈ પઢીયાર (રહે. હસનવાડી શેરી નં.૨, મૂળ જલાલપુર, તા.ગઢડા) વિરુદ્ધ બી.ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી છે.

માર્કેટ યાર્ડ પાછળ મચ્છાનગર મેઈન રોડ પર રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા કમલેશભાઈ મકવાણા (ઉ.વ.૪૬)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ૨૦૨૫ની સાલમાં પાડોશમાં રહેતા ચંદ્રેશ પીઠડીયા મારફત આરોપી સાથે પરિચય થયો હતો. તે વખતે ચંદ્રેશે કહ્યું કે, આરોપી માતાજીના ભુવા છે. તેમનું માતાજીનુ અનુષ્ઠાન ચાલું છે. જેથી એક રૂમની જરૂર છે. પરિણામે આરોપીની ગાયોનો ચારો રાખવાના રૂમમાં રહેવાની વ્યવસ્થા કરી આપી હતી.

પખવાડીયા પછી આરોપીએ કહ્યું કે, તેની પાસે સોનાનું ૧૦ કિલોગ્રામ સુધીનું લાયસન્સ છે. દુબઈથી સસ્તા ભાવમાં સોનાના બિસ્કિટ આવે છે. આ પછી બે બિસ્કિટ બતાવ્યા હતા. જે બજાર ભાવ કરતા ૫૦ ટકા સસ્તા હોવાનું કહ્યું હતું. ૧૦૦ ગ્રામના એક બિસ્કિટનો ભાવ રૂા.૮ લાખ કહ્યો હતો. બીજા દિવસે આરોપી પાસેથી બિસ્કિટ લઈ સોની વેપારીને બતાવ્યું હતું. જેણે બિસ્કિટ સાચું હોવાનું કહેતા આરોપી પાસેથી બે બિસ્કિટ માગ્યા હતા.

આરોપીએ સેમ્પલ માટે આપેલું બિસ્કિટ પરત લઈ લીધું હતું. એટલું જ નહીં એડવાન્સમાં પૈસા માગતા રૂા.૧.૨૦ લાખ તેના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. ઘણાં સમય સુધી આરોપીએ બિસ્કિટ નહીં આપતા પુછતાં કહ્યું કે, હાલ યુદ્ધની સ્થિતિ છે એટલે ઉપરથી માલ આવતો નથી. થોડી વાર લાગશે. આ માટે થોડા વધારે રૂપિયા આપવા પડશે તેમ કહેતા તેણે પત્નીના સોનાના હાર ઉપર લીધેલી લોનના રૂા.૬.૫૦ લાખ આપી દીધા હતા.

થોડા દિવસ બાદ આરોપીએ ફરીથી ઉઘરાણી કરતા સંતાનોના લગ્ન માટે ભેગા કરેલા રૂા.૫ લાખ આરોપીના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. સંતાનોના લગ્ન નજીક હોવાથી ફરીથી બિસ્કિટની માગણી કરતા આરોપીએ કહ્યું કે, અમેરિકાનું યુદ્ધ ચાલું છે એટલે 'સ્ટીમ્બર' આવતું નથી. થોડા દિવસો બાદ કંડલા પોર્ટે બિસ્કિટ આવી ગયાનું કહી છોડાવવા માટે વધુ રૂા.૨.૪૦ લાખ લીધા હતા.

થોડા દિવસ બાદ બીજા રૂા.૮૦ હજાર આપ્યા હતા. પરંતુ આરોપી બિસ્કિટ આપવાના બદલે વાયદા કરતો રહ્યો હતો. આખરે રૂા.૧૦ લાખનો ચેક આપ્યો હતો. જે બાઉન્સ થયો હતો. એટલું જ નહીં આરોપીએ તેની ટાટા સફારી કાર રૂા.૧ લાખમાં ખરીદી હતી. જેમાંથી રૂા.૪૦ હજાર જ આપ્યા હતા.

આરોપીએ તેના સિવાય વિનયસિંહ દીલુભા જાડેજા (રહે. મુરલીધર કોમ્પલેક્ષ, રેલનગર) પાસેથી પણ સોનાના બિસ્કિટ આપવાના નામે રૂા.૯.૫૦ લાખ અને યાજ્ઞિકભાઈ રમણીકભાઈ મોલીયા (રહે. રાજારામ સોસાયટી શેરી નં.૪, સંતકબીર રોડ) પાસેથી ડોલરને ઈન્ડિયન કરન્સીમાં બદલાવવાના નામે રૂા.૧૦ લાખ સામે રૂા.૩૦ લાખ આપવાનું કહી રૂા.૯.૩૦ લાખ લઈ લીધા હતા.

# શાપરમાં સાઢુના હાથે સાઢુની હત્યા : છત પરથી નીચે ફેંકી મોતને ઘાટ ઉતારી દીધો

## તે મારા પુત્રને અહીં કેમ રાખ્યો' કહી મારમાર્યો, વચ્ચે છોડાવવા પડેલી સાળીને પણ ફટકારી માથું ફોડી નાખ્યું : માર મારતા મારતા છતની દીવાલ પાસે લઈ જઈ ઉપરથી ધક્કો મારી દીધો

રાજકોટ:શાપરમાં સાઢુને માર મારી છત પરથી ફેંકી હત્યા કરી દીધાનો બનાવ સામે આવતાં ચકચાર મચી છે. તે મારા પુત્રને અહીં કેમ રાખેલ છે કહી સાઢુએ ૪૦ વર્ષીય યુવાનને બેફામ માર મારી કારખાનાની છત પરથી નીચે ફેંકી દેતા યુવાન ગંભીર રીતે ઘવાયો હતો. જ્યારે સાળીને પણ માર મારી પછાડી દઈ માથું ફોડી નાખ્યું હતું.જે બાદ ઘવાયેલા દંપતીને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સારવાર કારગત નિવડે તે પૂર્વે જ યુવાને દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો. ઘટનાને પગલે શાપર પોલીસે આરોપીને સકંજામાં લઈ ગુનામાં હત્યાની કલમનો ઉમેરો કરવા તજવીજ આદરી છે.

બનાવ અંગે મૂળ ઉત્તરપ્રદેશના કુશીનગર જિલ્લાના વતની અને હાલ શાપરમાં ઉર્જા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં રંગાણી કારખાના સામે અન્ય કારખાનાની ઓરડીમાં રહેતી સંજુબેન બ્રિજવિહારીસિંગ ધૂપનારાયણસિંગએ આરોપી તરીકે અમરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ઉર્જા ઈન્ડસ્ટ્રીપલ એરીયામાં આવેલ જનકભાઈના પુઠાના કારખાનામાં કામ કરે છે, જ્યારે પતિ શ્રીરામ ફેબ્રીકેશન કારખાનમાં મજુરીકામ કરે છે. તેઓને સંતાનમાં બે દિકરા છે.

રાત્રીના આશરે સાડા દસ વાગ્યે તેણી તેના પતિ બ્રિજવિહારીસિંગ (ઉ.વ.૪૦) તથા બાળકો સાથે ઓરડીએ હતા દરમ્યાન બહેન શિતલનો દિકરો હિતેશસિંગ ઓરડીએ આવી કહેલ કે, મારા પિતા અમરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ખીજાયેલ છે.દરમ્યાન તેની પાછળ અમરેન્દ્રસિંહ ઓરડીએ આવેલ અને મારા છોકરાને અહીં કેમ રાખેલ છે તેમ કહી દંપતી સાથે બોલાચાલી તથા ઝગડો કરવા લાગેલ હતો. જેથી પતિ બ્રિજવિહારીસિંગે ઝગડો કરવાની ના પાડતા અમરેન્દ્રસિંહ ખુબ જ ઉશ્કેરાઈ ગયેલ અને પતિને ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. તેણી છોડાવવા વચ્ચે પડેલ તો અમરેન્દ્રસિંહે તેને પણ જોરથી ધક્કો મારી ત્યા ઘાબા પર પછાડી દિધેલ હતી.

દરમિયાન તેણીના પતિને આરોપી મારતો મારતો છતની દિવાલ પાસે લઈ ગયેલ અને છત પરથી નીચે જમીન પર ફેકી દિધેલ હતો. જે બાદ અમરેન્દ્રસિંહ નાસી ગયેલ હતો. બનાવને પગલે પરિણીતા અને બાળકોએ રાડારાડી કરતા સ્થાનિકો એકત્રિત થઈ ગયેલ હતા.

જે બાદ પતિને નીચે જઈને





જોતા તેના માથા અને કપાળના ભાગેથી લોહી નીકળતું હતું અને તે બેભાન હતો. જ્યારે પરિણીતાને પણ માથામાંથી લોહી નીકળતું હોય પતિના મિત્ર હંસરાજ પ્રસાદ બંનેને સારવાર અર્થે શાપર સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયેલ જ્યા તબીબે તપાસી પરિણીતાના પતિને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હોય વધુ સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

બીજી બાજુ ઘટનાની જાણ થતાં શાપર પોલીસની ટીમે હોસ્પિટલ ખાતે દોડી જઈ પરિણીતાની ફરીયાદ પરથી અમરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ વિરુદ્ધ હત્યાની કોશિશનો ગુનો નોંધ્યો હતો. દરમિયાન આજે સવારે બ્રિજવિહારીસિંગે સારવાર દરમિયાન દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો. જેથી શાપર પોલીસે આરોપીને સકંજામાં લઈ ગુનામાં હત્યાની કલમનો ઉમેરો કરવા તજવીજ આદરી છે.

# રાજકોટ મનપાના અધિકારી અને પરિણીતાની વોર્ડ ઓફિસમાં જ પ્રેમલીલા!

## કબાટમાંથી દારૂના ચાર ક્વાર્ટર મળ્યા, સ્ટે. કમિટીના ચેરમેને કહ્યું- કર્મચારી પાસે ખુલાસો મગાશે

રાજકોટ:રાજકોટ મનપાની સામાકાંઠા વિસ્તારમાં આવેલી એક વોર્ડ ઓફિસ અચાનક વિવાદમાં ઘેરાઈ છે. વોર્ડ ઓફિસના ઈન્ચાર્જ અધિકારી અને પરિણીત મહિલા સફાઈ કામદાર વચ્ચે ઓફિસમાં જ ચાલતી પ્રેમલીલાની તસવીર સામે આવી છે.

આ ઉપરાંત કબાટમાંથી દારૂના ક્વાર્ટર મળી આવવાનો વીડિયો વાઈરલ થયો છે. આ સમગ્ર મામલે કામદાર યુનિયને કડક પગલાં લેવાની માંગ કરી છે. તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયાએ પણ ત્વરિત પગલાં લેવાની ખાતરી આપી છે.



પરેશ પીપળીયાએ જણાવ્યું કે, મીડિયામાં ચાલેલી આ બાબત મારા ધ્યાને આવી છે. જો વાઈરલ વીડિયો અને તેમાં દર્શાવાયેલી વિગતો સાચી હશે તો આ અત્યંત ગંભીર અને શરમજનક બાબત ગણાય. સરકારી કચેરીમાં આ પ્રકારની પ્રવૃત્તિઓ બિલકુલ ચલાવી ના લેવાય. તમામ સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓને તુરંત બોલાવી તેની પાસે ખુલાસો માગવામાં આવશે.

જ્યારે કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયાએ અન્ય મહિલા કામદારો સાથે મનપાના વહીવટ સામે મોરચો માંડીને કહ્યું કે, વોર્ડ ઓફિસોમાં મહિલા કામદારોનું દારૂ પીને આ રીતે શોષણ કરવામાં આવે છે. આપણી પાસે દારૂની મહેફિલો અને આવી ગેરરીતિઓના વીડિયો તથા ફોટોગ્રાફ્સ સહિતના તમામ પુરાવાઓ પણ છે.

વધુમાં જણાવ્યું કે, માત્ર અશ્લીલતાનો જ વિષય નથી. પરંતુ મનપામાં બોગસ મેડિકલ સર્ટિફિકેટનું મોટું કૌભાંડ પણ ચાલી રહ્યું છે, જેમાં ડમી નામો ઉભા કરીને કૌભાંડ આચરવામાં આવે છે. આ ઉપરાંત કોન્ટ્રાક્ટ પ્રથા હેઠળ કામ કરતા સફાઈ કામદારોને નિયમ મુજબ પીએફ, ઈએસઆઈસી, બોનસ કે પગાર સ્લિપ પણ આપવામાં આવતી નથી. બોગસ સર્ટિફિકેટ અને ગેરરીતિઓમાં સંકળાયેલા તમામ જવાબદારો સામે તાત્કાલિક પોલીસ કેસ કરી કડક સજા કરવામાં આવે તે જરૂરી છે.

# સાયબર ફ્રોડમાં સ્ક્રીપ્ટ રાઈટરની ભૂમિકા ભજવતો નાઈઝીરીયન નાગરિક ઝડપાયો

રાજકોટ: જસદણના ખેત મજુર સાથે ફેસબૂક મારફત ફ્રેન્ડશીપ કરી, લગ્નની લાલચ આપી, યુરો ડોલર, આઈફોન, સોનાનો ચેન વગેરે ગિફ્ટ મોકલ્યાનું કહીં તેનું પાર્સલ છોડાવવા માટે રૂા.૬.૩૧ લાખ પડાવી લેનાર આફ્રિકાની ગેંગના ત્રણ સભ્યોને રાજકોટ રૂરલ સાયબર ક્રાઈમ પોલીસના સ્ટાફે ઝડપી લીધા બાદ હવે મુખ્ય સુત્રધાર ફર્ડીનાન્ડ માઝી ઓનુ માદુઆબુચી (ઉ.વ.૪૭)ની ધરપકડ કરી છે.

મુળ નાઈઝીરીયાનો અને હાલ દિલ્હીના મહેરોલી વિસ્તારમાં રહેતો ફર્ડીનાન્ડ આ સમગ્ર કારસ્તાનમાં સ્ક્રીપ્ટ રાઈટર તરીકેની ભૂમિકા ભજવતો હતો. એટલું જ નહીં ફ્રોડની રકમ ઉપાડવા પણ જતો હતો. ૨૦૧૪માં મેડિકલ વિઝા પર ભારત આવ્યા બાદ હાલ ગેરકાયદે રીતે રહેતો હતો તેમ પોલીસ સુત્રોએ જણાવ્યું હતું.



તેણે અન્ય બીજા કેટલા લોકો સાથે ફ્રોડ કર્યા છે તે અંગે હવે સાયબર ક્રાઈમ પોલીસ તપાસ કરી રહી છે. અગાઉ આ કારસ્તાનમાં આફ્રિકન યુવતી ઝડપાઈ હતી. તેનો આરોપી ફર્ડીનાન્ડ એક્સ બોયફ્રેન્ડ છે. બંને વચ્ચે ગત માર્ચ માસમાં બ્રેકઅપ થયું હતું. બંને વચ્ચે ઉમરમાં ખાસ્સો તફાવત હોવા છતાં રિલેશનમાં હતા.

ત્યારબાદ ટ્રસ્ટનો ઈશ્યુ ઉભો થતાં બ્રેકઅપ થયું હતું. જોકે આમ છતાં સાથે મળી ઠગાઈનું કારસ્તાન ચાલું રાખ્યું હતું. અગાઉ ઝડપાયેલા બે આરોપીઓને પણ તેમા સામેલ કર્યા હતા. સાયબર ક્રાઈમ પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આ ટોળકી મુખ્યત્વે ટીયર-૨ અને ટીયર-૩ના શહેરોમાં રહેતા લોકોને નિશાન બનાવતી હતી.

કારણકે આવા શહેરોમાં રહેતા લોકો ફેશનેબલ, ઓપન માઈન્ડેડ, બ્યુટીફૂલ લોકોથી ઝડપથી આકર્ષાઈ જાય છે. આ વાત જાણતા હોવાથી આવા લોકોને જ નિશાન બનાવતા હતા. જેમાં મુખ્યત્વે સફળ પણ રહેતા હતા.

# રાજકોટમાં દુષ્કર્મના પ્રયાસના કેસમાં આરોપીને ૫ વર્ષની કેદની સજા

## ૪૫ વર્ષના આરોપીએ ૩ વર્ષની માસૂમને નમકીનની લાલચ આપી ઘરે બોલાવી પીંખવાનો પ્રયાસ કર્યો હતો

રાજકોટ: ડિસેમ્બર ૨૦૨૩માં રાજકોટના કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં ૩ વર્ષની માસુમ બાળકીને નમકીન આપવાની લાલચ આપી ઘરે બોલાવી દુષ્કર્મનો પ્રયાસ કરવાના કેસમાં કોર્ટે કડક ચુકાદો આપ્યો છે. અધિક સેશન્સ જજ ટી.એસ. બ્રહ્મભટ્ટે મૂળ ઉત્તર પ્રદેશના ૪૫ વર્ષીય આરોપી રામચંદ્ર રામબિરોજ પાસ્વાનને ૫ વર્ષની સખ્ત કેદની સજા, ૧૦,૦૦૦નો દંડ અને ભોગ બનનાર બાળકીના પિતાને ?૧ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

૧૫ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ કોઠારીયા સોલ્વન્ટના ગુલાબનગરમાં રમતી ૩ વર્ષની બાળકીએ ઘરે આવી માતાને ગુપ્ત ભાગે તકલીફ હોવાનું જણાવતાં માતાએ તપાસ કરી હતી. બાળકીના પ્રાઈવેટ પાર્ટના ભાગે તેલ લગાડેલું હતું અને ચીરો પડેલો હતો. પૂછપરછમાં પાડોશમાં રહેતા ભાઈએ આવું કર્યાનું જણાવતાં માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. મેડિકલ તપાસમાં પણ બાળકીના ગુપ્ત ભાગે તેલ અને ઈજા મળી આવી હતી.

કોર્ટમાં આરોપી પક્ષે બચાવ પક્ષે દલીલો કરી હતી કે, બાળકીને ઈજા માતાના નખ વાગવાથી થઈ છે અને બાળકીના ગાલ પર આરોપીના 'એપીથેલીયલ–સેલ' (Epithelial cell) મળ્યા નથી. સરકારી વકીલ એસ. કે. વોરાએ ધારદાર રજૂઆત કરતાં જણાવ્યું કે, માતા દ્વારા દરરોજ બાળકીની સફાઈ કરાતી હોય ત્યારે ક્યારેય નખ વાગ્યો નથી, તેથી આ બચાવ હાસ્યાસ્પદ છે. ગુપ્ત ભાગે તેલ મળવું એ જ સાબિત કરે છે કે દુષ્કર્મનો પ્રયાસ થયો હતો. તબીબી અભિપ્રાય મુજબ 'એપીથેલીયલ–સેલ' સ્નાન કરવાથી કે પરસેવો વળવાથી થોડા કલાકોમાં ગાયબ થઈ જાય છે. વળી, બાળકીએ કોર્ટમાં આરોપીને ઓળખી પણ બતાવ્યો હતો.

કોર્ટે દુષ્કર્મના પ્રયાસના ગુનામાં સરકાર પક્ષની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને રાખી અધિક સેશન્સ જજે ૪૫ વર્ષીય આરોપી રામચંદ્ર રામબિરોજ પાસ્વાનને ૫ વર્ષની સખ્ત કેદની સજા, ૧૦,૦૦૦નો દંડ અને ભોગ બનનાર બાળકીના પિતાને ?૧ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

# 'તારી બહેનને ઘરમાં આવી મારી નાખીશ' સાળાને બનેવીની ધમકી

રાજકોટ:મવડી-કણકોટ રોડ પર રહેતા વેપારીને ફોન કરી બનેવીએ તારી બહેનને ઘરમાં આવીને મારી નાખીશ તેમ ધમકી આપી હતી. બેરોજગાર બનેવી બહેન સાથે મારકૂટ કરતો હોય બહેને છૂટાછેડાની અરજી કરતા ઉશ્કેરાયેલા બનેવીએ ફોન પર ધમકી આપી હતી. જે મામલે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે

બનાવ અંગે મવડી-કણકોટ રોડ પર સહજાનંદ પાર્ક-૨ શેરી નં.-૧ માં આવેલ કલરવ કોર્નર એપાર્ટમેન્ટમાં રહેતા યુવા વેપારી દિપેનભાઈ મોહનભાઈ ઠુંમ્મરે આરોપી તરીકે બનેવી ભાવેશ મનસુખ ત્રાપસીયા (રહે. ત્રંબા)નું નામ આપી જણાવ્યું હતું કે, તે ગોંડલ રોડ પર મારૂતી ઈન્ડ. એરીયા ખાતે આઈ શ્રી ખોડીયાર ફેબ્રીકેશનના નામે વેપાર કરે છે. તેમની નાની બહેન જલ્પાબેનના લગ્ન વર્ષ ૨૦૧૩ માં ત્રંબા ગામના ભાવેશ ત્રાપસીયા સાથે કરેલ છે.

ફરીયાદીના બનેવી ભાવેશભાઈ છેલ્લા ચાર વર્ષથી કોઈ કામ ધંધો કરતા ન હોય અને બહેન જલ્પા સાથે નાની નાની વાતમાં ઝઘડો કરતા હોય જેથી નવ મહિના પહેલા બહેનનો લ ફોન આવેલ કે, તારા બનેવીએ મને માર મારેલ છે, મારે અહીં નથી રહેવુ, મને તેડી જાવ. જેથી બહેનને ત્રંબા ખાતેથી તેડીને ઘરે આવતો રહેલ હતો. ત્યારબાદ બહેને તેના પતિ સાથે ફેમીલી કોર્ટમાં છુટા-છેડાનો કેસ કરેલ છે અને તે કેસ હાલ કોર્ટમાં ચાલુ છે.

કોર્ટમાં કેસ ચાલુ હોવાથી બનેવી ભાવેશ બહેનને અવાર-નવાર ફોન કરીને ધમકી આપે છે. ગઈકાલે બપોરના ચાર વાગ્યે તે સાઈબાબા સર્કલ નજીક રોલેક્ષ રોડ-કોઠારીયા ખાતે હતો ત્યારે બનેવી ભાવેશનો ફોન આવેલ કે, તારી બહેન જલ્પા ક્યા છે, તેની સાથે મને વાત કરાવો. જેથી તેને કહેલ કે, તમે હવે મારી બહેનને ભુલી જા, મારી બહેને કેસ કરેલ છે અને તેને હવે તમારી સાથે રહેવુ નથી.

જેથી બનેવી એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને કહેવા લાગેલ કે, તો હવે તારી બહેનને ઘરમાં આવીને મારી નાખીશ, તમારાથી થાય તે કરી લેજો તેમ ધમકી આપેલ હતી. જે ફરિયાદના આધારે આજીડેમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# આર્થિક ભીંસથી કંટાળી બે પુત્રીના પિતાનો આપઘાત

## જસદણમાં હીરા ઘસતા યુવકે ઘઉંમાં નાખવાના ટીકડા ખાધા

રાજકોટ:રાજકોટ શહેર અને જિલ્લામાં આપઘાતના બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે. બે અલગ-અલગ ઘટનાઓમાં આર્થિક તંગી અને અગમ્ય કારણોસર બે યુવાનોએ વિષપાન કરી પોતાની જિંદગી ટૂંકાવી છે. બંને બનાવો અંગે પોલીસે હોસ્પિટલ પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

રાજકોટમાં આજીડેમ ચોકડી નજીક અનમોલ પાર્કમાં રહેતા ૩૯ વર્ષીય વિશાલ પ્રવિણભાઈ પંડ્યાએ આજીડેમ નજીક પક્ષીઘર પાસે ઝેરી દવા પી લીધી હતી. યુવક ફોન ન ઉપાડતો હોવાથી પરિજનોએ શોધખોળ હાથ ધરતાં તે બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તેને ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. એચ. જે. સ્ટીલ કંપનીમાં કામ કરતા વિશાલે આર્થિક ભીંસથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. તેને સંતાનમાં ૩ અને ૧૪ વર્ષની બે પુત્રીઓ છે. આજીડેમ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જસદણ ગામમાં રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા ૩૦ વર્ષીય સુનિલ રવાભાઈ ગાબૂએ ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે ઘરે કોઈ હાજર ન હતું ત્યારે ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ લીધા હતા. મોટાભાઈ ઘરે આવતાં સુનિલે દવા પી લીધી હોવાનું જણાવાતાં તેને પહેલા જસદણની રામાણી હોસ્પિટલ અને બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેણે દમ તોડ્યો હતો. ત્રણ ભાઈ-બહેનમાં સૌથી નાના એવા સુનિલના આપઘાત અંગે જસદણ પોલીસે વધુ તપાસ લંબાવી છે.

### પરપ્રાંતિય યુટ્યુબરે ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો

મૂળ પશ્ચિમ બંગાળના અને હાલ રાજકોટના કોઠારિયા રોડ પર આવેલી રણુજા સોસાયટીમાં રહેતા ૩૨ વર્ષીય યુટ્યુબર રાહુલ જીતેન્દ્રભાઈ વ્યાસે ઘરકંકાસના કારણે ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો છે. પત્નીએ કોમ્પ્યુટરમાંથી પોતાની આઈડી ડિલીટ કરવાનું કહેતા દંપતી વચ્ચે થયેલા ઝઘડાથી માઠું લાગી આવતા યુવકે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી આ પગલું ભર્યું હતું. પરિવારજનો દ્વારા તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. એક પુત્રીના પિતા અને પરિબારમાં સૌથી નાના એવા આ યુવકના આપઘાતના પ્રયાસ અંગે આજીડેમ પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી વધુ કાર્યવાહી શરૂ કરી છે.

### પરિણીતાને નાની બહેન સાથે ઝઘડો થતાં જ્વલનશીલ પ્રવાહી પીધું

રાજકોટના નાણાવટી ચોક પાસે આવેલી પરમેશ્વર સોસાયટીમાં માવતરે આવેલી ૨૦ વર્ષીય પરિણીતા મહેકબેન નવાઝભાઈ કુરેશીએ નાની બહેન સાથેના નજીવા ઝઘડાથી અકળાઈને જ્વલનશીલ પ્રવાહી પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઉપલેટા સાસરી ધરાવતી આ યુવતીની તબિયત લથડતાં જ પરિવારજનો દ્વારા તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. આ બનાવ અંગે પોલીસે યુવતીનું નિવેદન નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.